# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

૪ વર્ષની ઉંમરે ડેબ્યૂ, ૩ નેશનલ એવોર્ડ જીતનાર કોંકણા સેન શર્મા



પેજ-09

શાર્દુલ ઠાકુરનો સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં તરખાટ, માત્ર ૭ બોલમાં ૪ વિકેટ ઝડપી

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 28.00 | 18.00 |
| વડોદરા | 29.00 | 18.00 |
| સુરત | 31.00 | 21.00 |

પેજ 5



ઈતિહાસમાં પહેલીવાર ડોલર સામે રૂપિયો 90 ને પાર: ભારતીય...

**04** DECEMBER-2025 THURSDAY

ભારત-રશિયા એકબીજાના મિલિટરી બેઝનો ઉપયોગ કરી શકશે...



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 85106.81 ▼ | 031.46 |
| નિફ્ટી | 25986.00 ▼ | 046.20 |
| સોનું | 127720.00 ▲ | 386.00 |
| ચાંદી | 178077.00 ▲ | 1491.00 |


વર્ષ-15 । અંક-023 । વિક્રમ સંવત-2082 । માગસર સુદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


■ દેશની સૌથી મોટી એરલાઇન ક્રૂની અછત ■ ક્યાંક ટેકનિકલ કારણ ■ ઠીક થવામાં 48 કલાક લાગશે ■ DGCAએ જવાબ માગ્યો

# ઇન્ડિગોની સિસ્ટમ ફેઇલ : 7 એરપોર્ટ પર 100 ફ્લાઇટ કેન્સલ, કંપનીએ માફી માંગી

(એજન્સી) નવી દિલ્હી | તા.03

બુધવારે દેશના 7 એરપોર્ટ પર ક્યાંક ટેકનિકલ તો ક્યાંક ક્રૂ મેમ્બર્સની અછતના કારણે 100થી વધુ ઉડાનો પ્રભાવિત થઈ. ઈન્ડિગો એરલાઈન દ્વારા જણાવાયું છે કે ક્રૂ મેમ્બર્સ અને ઓપરેશન સંબંધિત મુશ્કેલીઓના કારણે ઈન્દોરમાં 11, હૈદરાબાદમાં 13, સુરતમાં 8, અમદાવાદમાં 25, અને બેંગલુરુમાં 42 ફ્લાઈટ્સ રદ થઈ અથવા મોડી ઊડી. દિલ્હીમાં પણ ઉડાનો પર અસર થઈ છે. અહીં ચેક-ઈન સિસ્ટમ ફેલ થવાનું જણાવાયું હતું, ત્યારબાદ તેને મેન્યુઅલી શરૂ કરવામાં આવ્યું હતું. વારાણસી એરપોર્ટ પર મુસાફરોને જણાવવામાં આવ્યું હતું કે માઈક્રોસોફ્ટ વિન્ડોઝે વિશ્વભરમાં મોટી સર્વિસ આઉટેજની જાણ કરી છે. જેનાથી એરપોર્ટ પર IT સર્વિસ પર અસર પડી છે. જોકે, માઈક્રોસોફ્ટે આ સમાચારને ખોટા ગણાવ્યા છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં 200થી વધુ ઉડાનો પ્રભાવિત થવાનો દાવો છે. જોકે, હજુ એ સ્પષ્ટ નથી કે આ તમામ ફ્લાઈટ્સ ઈન્ડિગો એરલાઈનની છે કે અન્ય એરલાઈન્સ સાથે જોડાયેલી છે.



■ **નવા નિયમના કારણે પણ ફ્લાઇટને અસર :** એરલાઈન્સે કહ્યું કે, 'નાની-મોટી ટેકનિકલ ખામી, શિયાળાના મોસમના કારણે શેડ્યુલમાં ફેરફાર, ખરાબ હવામાન, ફ્લાઈટ સંચાલનમાં સમસ્યા અને નવા ક્રૂ રોસ્ટરિંગ નિયમો(ફ્લાઈટ ડ્યુટી સમય મર્યાદા)ના નવા નિયમના કારણે સંચાલન કરવામાં અનેક પડકારો આવ્યા છે. ઈન્ડિગો એરલાઈન્સ દૈનિક 2300 ફ્લાઈટોનું સંચાલન કરે છે.

■ **એરલાઇન્સે અસુવિધા બદલ માફી માંગી :** એરલાઈન્સે મુસાફરોને પડેલી અસુવિધા બદલ માફી માંગી છે. એરલાઈન્સે કહ્યું છે કે, 'અમે આગામી 48 કલાકમાં સંચાલનને સમયસર કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

**એક મહિનામાં 1,232 ફ્લાઇટ્સ રદ, OTP રેડ ઝોનમાં :** ભારતની સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગો, હાલમાં ઓપરેશનલ કટોકટીનો સામનો કરી રહી છે, જે તેની વિશ્વસનીયતા અને સમયપાલન પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. ઉડ્ડયન નિયમનકાર DGCA દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર ડેટા અનુસાર, ઈન્ડિગોએ એક મહિનામાં જ ૧,૨૩૨ ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. બાકીની ફ્લાઈટ્સ એરપોર્ટ/એરસ્પેસ પ્રતિબંધો (૨૫૮), ATC સિસ્ટમ નિષ્ફળતા (૯૨) અને અન્ય કારણો (૧૨૭) ને કારણે રદ કરવામાં આવી હતી. આ કટોકટીએ એરલાઈનના સમયસર કામગીરી (OTP) પર સીધી અસર કરી છે, જે ઓક્ટોબરમાં ૮૪.૧% થી ઘટીને નવેમ્બરમાં માત્ર ૬૭.૭૦% થઈ ગઈ છે. ફ્લાઈટ વિલંબના મુખ્ય કારણોમાં ATC (૧૬%), ક્રૂ/ઓપરેશન (૬%) અને એરપોર્ટ સંબંધિત સમસ્યાઓ (૩%) શામેલ છે.

### ઇન્ડિગોએ એક નિવેદનમાં સમજાવ્યું કે મુંબઈ, બેંગલુરુ અને હૈદરાબાદ એરપોર્ટ પર ફ્લાઇટ સેવાઓ કેમ ખોરવાઈ ગઈ

ઈન્ડિગોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'અમે સ્વીકારીએ છીએ કે છેલ્લા બે દિવસમાં નેટવર્ક પર ઈન્ડિગોની કામગીરીમાં નોંધપાત્ર વિક્ષેપ પડ્યો છે, અને અમારા ગ્રાહકોને થયેલી અસુવિધા બદલ અમે દિલથી દિલગીર છીએ.' એરલાઈને જણાવ્યું હતું કે સેવામાં વિક્ષેપ ટેકનિકલ ખામીઓ, સમયપત્રકમાં ફેરફાર, હવામાન પરિસ્થિતિઓ અને અન્ય ઘણા પરિબળોને કારણે થયો હતો. નિવેદનમાં ઉમેર્યું હતું કે, 'નાના ટેકનિકલ ખામીઓ, શિયાળાની ઋતુ સંબંધિત સમયપત્રકમાં ફેરફાર, પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ, ઉડ્ડયન પ્રણાલીમાં વધેલી ભીડ અને અપડેટેડ ક્રૂ રોસ્ટરિંગ નિયમોના અમલીકરણ સહિત અનેક અણધાર્યા ઓપરેશનલ પડકારોનો ઉકેલ લાવવામાં આવ્યો છે.' આની અમારી કામગીરી પર નકારાત્મક અસર પડી, જે અપેક્ષિત ન હતી.

દંતેવાડા-બીજાપુર બોર્ડર પર જંગલમાં સેનાનું મોટું ઓપરેશન

# છત્તીસગઢમાં 12 નક્સલીઓ ઠાર, 3 જવાન શહીદ

(એજન્સી) રાયપુર | તા.03

દંતેવાડા અને બીજાપુરની સરહદને જોડતા ભૈરમગઢ વિસ્તારના કેશકુતુલના જંગલોમાં આજે સવારે નક્સલવાદીઓ અને પોલીસ વચ્ચે ભીષણ અથડામણ થઈ છે, જેમાં પોલીસે 12 માઓવાદીઓને ઠાર કર્યા છે. જોકે આ એન્કાઉન્ટરમાં DRGના ત્રણ જવાનો શહીદ થયા છે, જ્યારે અન્ય બે જવાનો ઘાયલ થયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.



**રાઇફલ અને ગોળા-બારૂદ પણ જપ્ત :** SPએ જણાવ્યું કે જવાનોએ એન્કાઉન્ટર સ્થળેથી SLR રાઈફલ, 303 રાઈફલ અને ગોળા-બારૂદ પણ જપ્ત કર્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે. સ્થળ પર શોધખોળ ચાલુ છે. વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે બેકઅપ પાર્ટી પણ મોકલવામાં આવી છે. ઓપરેશન હજુ પણ ચાલુ છે, તેથી વિગતો શેર કરી શકાતી નથી. ઓપરેશન પૂર્ણ થયા પછી વિગતવાર અપડેટ જાહેર કરવામાં આવશે.

### સર્ચ ટીમ પર નક્સલીઓનું આડેધડ ફાયરિંગ

બસ્તર આઈજી સુંદરરાજ પટ્ટિલિંગમે કહ્યું કે, દંતેવાડાથી નીકળેલી ટીમે બીજાપુરની સરહદના કેશકુતુલ વિસ્તારમાં સર્ચ ઓપરેશન કરી રહી હતી, ત્યારે નક્સલીઓએ અચાનક ફાયરિંગ શરુ કરી દીધું હતું. શહીદ થયેલા જવાનોમાં પ્રધાન આરક્ષક મોનુ વડાડી, આરક્ષક દુકારુ ગોંડે અને જવાન રમેશ સોડીનો સમાવેશ થાય છે. અમિત શાહે હિડમાને ખતમ કરવા માટે 30 નવેમ્બર સુધીની ડેડલાઈન આપી હતી.

■ નવા ફોનમાં સંચાર સાથી એપ્લિકેશન નહીં હોય ■ વિપક્ષે કહ્યું હતું કે તેનાથી જાસૂસી થઇ શકે છે

# સંચાર સાથી એપ : બેકફૂટ પર મોદી સરકાર પ્રી-ઇન્સ્ટોલેશનનો આદેશ પાછો ખેંચ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.03

કેન્દ્ર સરકારે તમામ નવા સ્માર્ટફોનમાં ફરજિયાત સાયબર સુરક્ષા માટેની સંચાર સાથી એપ પહેલેથી જ ઈન્સ્ટોલ કરવાનો આદેશ પરત ખેંચ્યો છે. આ આદેશ આવ્યા બાદથી જ યુઝર્સની પ્રાયવસી મુદ્દે સમગ્ર દેશમાં વિરોધ થઈ રહ્યો હતો. સરકારનો દાવો છે કે તમામ નાગરિકોની સાયબર સિક્યુરિટી માટે પ્રિ-ઈન્સ્ટોલેશનનો આદેશ આપવામાં આવ્યો હતો. છેલ્લા 24 કલાકમાં જ આ એપના યુઝર્સમાં 10 ગણો વધારો થયો છે અને 6 લાખ લોકોએ એપ ડાઉનલોડ કરી છે. જેથી હવે ફરજિયાતપણે એપ પહેલેથી જ ઈન્સ્ટોલ કરવાનો આદેશ પરત લઈએ છીએ.



### 'પ્રાઇવસી પર ખતરો...' ટ્રેડર્સ એસોસિએશન CTI એ સંચાર સાથી એપ સામે વિરોધ નોંધાવ્યો

કેન્દ્ર સરકારની સંચાર સાથી એપ હવે મોબાઈલ ફોનમાં પહેલાથી ઈન્સ્ટોલ કરેલી હશે. આ જાહેરાત બાદ, લોકોમાં ગોપનીયતા અંગે ચિંતાઓ ઉભી થઈ છે. દિલ્હી અને દેશના વેપારીઓના સર્વોચ્ચ સંગઠન ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI) ને સંચાર સાથી એપ અંગે અનેક ફરિયાદો મળી છે. CTI ના ચેરમેન બ્રિજેશ ગોયલે જણાવ્યું હતું કે ઘણા વેપારીઓ, મોબાઈલ એસોસિએશન અને જનતાએ સંચાર સાથી એપ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે આ આદેશથી સરકારી એપને પરવાનગી વિના અમારા ફોનમાં પ્રવેશવાની મંજૂરી મળશે. ફોન પર આપણે જે રીતે વાત કરીએ છીએ તેનાથી આપણી વ્યક્તિગત ગોપનીયતાનું ઉલ્લંઘન થશે એટલું જ નહીં, પરંતુ સરકાર ઈચ્છે તો અમને ટ્રેક પણ કરી શકે છે. વધુમાં, એવો ભય છે કે વ્યક્તિગત ફોટા, વીડિયો અને આરોગ્ય રેકોર્ડ, જેને આપણે કોઈને ઍક્સેસ કરવા માંગતા નથી, તે પણ સરકારને ઉપલબ્ધ થશે. તેથી, ગોપનીયતાના દૃષ્ટિકોણથી સરકારનું આ પગલું ખોટું છે. સરકાર લોકોના ફોન પર એક એપને બળજબરીથી લાદી રહી છે. દિલ્હીના અસંખ્ય વ્યવસાયોએ CTI નો સંપર્ક કર્યો છે અને તેમની ચિંતાઓ વ્યક્ત કરી છે.

### કાલે સ્પષ્ટતા અને આજે આદેશ જ પરત ખેંચ્યો

નોંધનીય છે કે કેન્દ્ર સરકારે તમામ મોબાઈલ ફોન કંપનીઓને આદેશ આપ્યો હતો કે તમામ નવા સ્માર્ટફોનમાં પહેલેથી જ સંચાર સાથી એપ ઈન્સ્ટોલ કરીને આપવામાં આવે. જે બાદ એવા અહેવાલો પણ વહેતા થયા હતા કે યુઝર્સ તેમની ઈચ્છા અનુસાર આ એપ ડિલીટ પણ નહીં કરી શકે. વિપક્ષ દ્વારા સંસદમાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. જે બાદ સરકારે ગઈકાલે એવી સ્પષ્ટતા કરી હતી કે એપ રાખવી ફરજિયાત નથી, યુઝર્સ ઈચ્છે તો ડિલીટ કરી શકશે. જોકે આ સ્પષ્ટતાના 24 જ કલાકમાં હવે સરકારે નવો આદેશ આપી સમગ્ર મામલે યુટર્ન લીધો છે.

# પ. બંગાળમાં 32,000 શિક્ષકોની નોકરી નહીં જાય

(એજન્સી) કોલકાતા | તા.03

પશ્ચિમ બંગાળની પ્રાથમિક શાળાઓમાં 32,000 શિક્ષકોની નોકરીઓ અકબંધ રહેશે. કોલકાતા હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે સિંગલ બેન્ચના નિર્ણયને ઉથલાવી દીધો છે, જેનાથી પ્રાથમિક શિક્ષકોમાં ખુશીનો માહોલ છે. જોકે, હવે બીજો વળાંક આવ્યો છે: ભાજપે ડિવિઝન બેન્ચના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાનો નિર્ણય લીધો છે. ભાજપ સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન (SIL) દાખલ કરશે.

વકીલ વિકાસ રંજન ભટ્ટાચાર્યએ હાઈકોર્ટના નિર્ણય પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે આ નિર્ણય સંસ્થાકીય ભ્રષ્ટાચારને



થોડી રાહત આપે છે. ભવિષ્ય માટે આ ખૂબ જ ખરાબ રહેશે. જો સંસ્થાકીય ભ્રષ્ટાચાર વિશે કોર્ટમાં રજૂ કરવામાં આવેલી માહિતીને કાનૂની દ્રષ્ટિકોણથી ધ્યાનમાં લેવામાં નહીં આવે, તો ભવિષ્યમાં તેમને ભ્રષ્ટાચાર કરવા માટે થોડી છૂટ મળશે.


### કલ્યાણ બેનર્જીએ સીપીએમ-ભાજપ પર પ્રહારો કર્યા

વકીલ અને તૃણમૂલ સાંસદ કલ્યાણ બેનર્જીએ સીપીએમ અને ભાજપ પર પ્રહારો કર્યા છે. તેમણે અભિજીત ગંગોપાધ્યાય પર નિશાન સાધ્યું છે. બેનર્જીએ કહ્યું, '૩૨,૦૦૦ નોકરીઓ છીનવાઈ ગયા પછી, જે લોકો તેમને ભગવાન કહેતા હતા તેઓ શેતાન કહી રહ્યા છે. તેમણે ન્યાયતંત્રનું રાજકીયકરણ કરી દીધું છે. અમે જોયું છે કે તેઓ રાજકારણમાં કેવી રીતે પ્રવેશ્યા છે. બંગાળમાં સીપીએમ-ભાજપ ગઠબંધન હેઠળ શિક્ષકોની નોકરીઓ છીનવાઈ છે તે સારી નિશાની નથી.'

# પાન મસાલાને લઈને સરકારનો વધુ એક નિર્ણય, પેકેટ પર MRPનો નિયમ બદલ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.03

પાન મસાલાને લઈને કેન્દ્ર સરકારે વધુ એક મોટો નિર્ણય લીધો છે. કાનૂની મેટ્રોલૉજી (પેકેજ્ડ કોમોડિટીઝ) બીજા સુધારા નિયમો, 2025 અનુસાર, હવે તમામ કદ અને વજનના પાન મસાલા પેક પર છૂટક વેચાણ કિંમત (MRP/RSP) અને અન્ય તમામ સંબંધિત માહિતી દર્શાવવી ફરજિયાત છે. ગ્રાહક



બાબતોના વિભાગના સંયુક્ત સચિવ અનુપમ મિશ્રાના આદેશ મુજબ, આ નિયમ 1 ફેબ્રુઆરી, 2026થી લાગુ થશે. આ પછી તમામ પાન મસાલા ઉત્પાદકો, પેકરો અને આયાતકારોએ તેનું પાલન કરવું પડશે. તમને જણાવી દઈએ કે, અત્યાર સુધીમાં 10 ગ્રામ કે તેથી ઓછા વજનના નાના પાન મસાલા પેકેટ પર MRP ન લખવાની છૂટ હતી. જ્યારે હવે તેના પર RSP દર્શાવવાની અનિવાર્ય છે.

# તમને ભારતના ટેલેન્ટેડ લોકોની જરૂર, જો રોક્યા તો... US-યુરોપને જયશંકરની ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી | તા.03

વિદેશ મંત્રી એસ. જયશંકરે બુધવારે ઈન્ડિયા વર્લ્ડ એન્યુઅલ કોન્ક્લેવમાં પશ્ચિમી દેશોમાં કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે જો તેઓ બહાર આવતા ટેલેન્ટ સામે દીવાલ ઊભી કરશે તો છેવટે નુકસાન તો તેમનું જ થવાનું.

જયશંકરે કહ્યું કે પોતાની નીતિઓનું ઠીકરું બીજા પર ન ફોડશો. પશ્ચિમના દેશોમાં જે આર્થિક સમસ્યા છે તે પ્રવાસીઓના કારણે નથી. જો અમેરિકા અને યુરોપમાં નોકરીની સમસ્યા હોય તો તેની પાછળનું કારણ તેમની જ નીતિઓ છે.

તેમણે જ જાણી જોઈને તેમના બિઝનેસ બહારના દેશોમાં જવા દીધા. જો તમે ટેલેન્ટના પ્રવાહ સામે દીવાલ ઊભી કરશો અંતે નુકસાન તમારું જ થશે. અમને તમારી દયાની જરૂર નથી, તમને ભારતના સ્કિલ્ડ વર્કફોર્સની જરૂર છે. તેમણે વધુમાં કહ્યું કે વૈશ્વિકીકરણ પર ચર્ચા મોટા ભાગે વેપારના સંદર્ભમાં થતી હોય છે પણ તેમાં વર્કફોર્સનું પણ એટલું જ મહત્ત્વ છે. વિદેશમંત્રીએ કહ્યું કે, ભારતના વર્કર્સ દુનિયાના વિવિધ દેશોમાં પહોંચી રહ્યા છે. જો કોઈ સંઘર્ષગ્રસ્ત દેશોમાં ફસાઈ જાય તો તાત્કાલિક તેમની મદદ માટે કામ કરાય છે.

ફેક ન્યૂઝ ભારતના લોકતંત્ર માટે મોટો ખતરો

# AIની મદદથી ફેક ન્યૂઝ ફેલાવનારાઓની ખેર નહીં!

કડક કાયદો લાવવાની તૈયારી, 36 કલાકમાં લેવાશે એક્શન : અશ્વિની વૈષ્ણવની મોટી જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા.03

બુધવારે સંસદમાં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે, જેમાં કડક કાયદો ઘડવાની અને ફેક ન્યૂઝ-વીડિયો ફેલનારાઓ વિરુદ્ધ 36 કલાકમાં કાર્યવાહી કરવાનો ઉલ્લેખ કરાયો છે. અશ્વિની વૈષ્ણવે લોકસભાને જણાવ્યું હતું કે, 'આ અત્યંત ગંભીર મુદ્દો છે અને ફેક ન્યૂઝ ભારતના લોકતંત્ર માટે મોટો ખતરો ઊભો કરી રહ્યું છે. ખોટી માહિતી અને એઆઇ દ્વારા તૈયાર કરાયેલા ડીપફેક પર કડક કાર્યવાહી કરવાની તાત્કાલિક જરૂર છે.'

અશ્વિની વૈષ્ણવે ચિંતા વ્યક્ત કરી કે, 'સોશિયલ મીડિયાના ઉપયોગની પદ્ધતિને કારણે એક એવી ઈકોસિસ્ટમ બની ગઈ છે, જે ભારતના બંધારણનું અને સંસદ દ્વારા બનાવેલા કાયદાઓનું પાલન કરવા તૈયાર નથી. આના પર નિયંત્રણ લાવવા માટે કડક પગલાં લેવા અને કાયદાકીય માળખાને



વધુ મજબૂત બનાવવાની તાત્કાલિક જરૂરિયાત છે.'

### 36 કલાકમાં વાંધાજનક કન્ટેન્ટ હટાવવાની વ્યવસ્થા

સંસદમાં એક સવાલના જવાબમાં વૈષ્ણવે કહ્યું કે, 'સરકારે હાલમાં જ નવા નિયમો લાગુ કર્યા છે, જેમાં 36 કલાકની અંદર વાંધાજનક કન્ટેન્ટ દૂર કરવાની બાબત સામેલ છે. એઆઇ દ્વારા બનેલા ડીપફેકની ઓળખ કરવા અને તેના પર કાર્યવાહી કરવા માટેના ડ્રાફ્ટ નિયમો પણ બહાર પાડવામાં આવ્યા છે, જેના પર હાલમાં વિચારણા ચાલી રહી છે.

# કચ્છમાં 7ના મોત: ભચાઉમાં અકસ્માત, હિટ-એન્ડ રન અને રાપરમાં કિશોરીઓ ડૂબી



(એજન્સી) કચ્છ | તા.03

કચ્છના ભચાઉ, સામખિયાળી, રાપર સહિતના વિસ્તારમાં ચાર અલગ-અલગ અકસ્માત-દુર્ઘટનાની ઘટનામાં બે કિશોરી સહિત સાતના મોત નીપજ્યા છે. જેમાં ભચાઉ નજીક વરસાણા બ્રિજ પાસે ટ્રકે ટેમ્પોને ટક્કર મારતા ત્રણ યુવકના મોત થયા છે. જ્યારે સામખિયાળી બ્રિજ અને મુંદ્રાના ગુંદાલા બ્રિજ પર હિટ એન્ડ રનની ઘટનામાં બે યુવકે જીવ ગુમાવ્યો છે. બીજી તરફ, રાપરમાં પાણી ભરેલા ઊંડા ખાડામાં ડૂબી જવાથી બે કિશોરીના મોત નીપજ્યા છે. સમગ્ર મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ભચાઉ નજીક અકસ્માતમાં ત્રણના મોત

મળતી માહિતી મુજબ, કચ્છના ભચાઉના વરસાણા ઓવરબ્રિજ પાસે ટેમ્પોને ટ્રકે પાછળથી ટક્કર મારતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટેમ્પોમાં ઝારખંડ અને પશ્ચિમ બંગાળના શ્રમિકો સવાર હતા. આ અકસ્માતની ઘટનામાં ત્રણ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે અન્ય સાત લોકોને ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં બે વ્યક્તિની હાલત ગંભીર હોવાનું જણાય છે. સામખિયાળી ઓવરબ્રિજ પર અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતાં ભચાઉના શિકરાના રહેવાસી ચકુભાઈ મોમાયા મણકાનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

બીજી હિટ એન્ડ રનની ઘટના મુંદ્રામાં બની હતી. જેમાં મુંદ્રાના ગુંદાલા બ્રિજ પર બાઈકચાલકને અજાણ્યા વાહને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ગાંધીધામના સપનાનગરના રહેવાસી ભાવેશ ભીમજીભાઈ ગડા (મહેશ્વરી)નું મોત નીપજ્યું હતું.

# SVION અને NSS યુનિટ SVIT દ્વારા 37મો વિશ્વ એઈડ્સ દિવસ ઉજવાયો



(એજન્સી) અમદાવાદ | તા. 03

વિશ્વભરમાં એઈડ્સ વિશે જાગૃતિ લાવવા અને એચઆઈવીથી બચવા માટે દર વર્ષે 1લી ડિસેમ્બરના રોજ વિશ્વ એઈડ્સ દિવસ ઉજવવામાં આવે છે. તે અનુસંધાને એસવીઆઈટી કેમ્પસ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ (SVION) અને NSS યુનિટ SVIT દ્વારા સંયુક્ત રીતે 37મો વિશ્વ એઈડ્સ દિવસ ઉજવવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત એકતા પટેલ (ઈન્ચાર્જ પ્રિન્સિપાલ, SVION) દ્વારા એઈડ્સ અંગે માહિતીપ્રદ નિષ્ણાત પ્રવચનથી કરવામાં આવી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે તુલીપ હોસ્પિટલના ડૉ. હિમાંશુ મેઘનાથ ઉપસ્થિત રહ્યા.આ અવસર પર રાજુપુરા ગામમાં એઈડ્સ અવેરનેસ રેલીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ હાથમાં બેનર, પ્લેકાર્ડ તથા સૂત્રોચ્ચાર દ્વારા ગામજનોમાં એઈડ્સ અંગે જાગૃકતા ફેલાવી.આગળ વિદ્યાર્થીઓ માટે એઈડ્સ અવેરનેસ ક્વિઝ તથા પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.કાર્યક્રમને સફળ બનાવવા SVIONના સ્ટાફ, વિદ્યાર્થીઓ તથા NSSના સ્વયંસેવકોએ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી.કાર્યક્રમના અંતે એસવીઆઈટીના ટ્રસ્ટી શ્રી સંદીપભાઈ પટેલ, શ્રી રાહુલભાઈ પટેલ, અન્ય ટ્રસ્ટીઓ, એસવીઆઈટીના આચાર્ય ડૉ. ડી.પી. સોની, College of Architectureના પ્રિન્સિપાલ ડૉ. પ્રગ્નેશ તેમાજ તથા SVIONના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ એકતા પટેલ, ડોક્ટર મેહુલ જોશીની હાજરીમાં સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને મેડલ અને ટ્રોફી એનાયત કરવામાં આવી.

AAP પ્રદેશ પ્રભારી ગોપાલ રાયની અધ્યક્ષતામાં આગામી AMCની ચૂંટણીને લઈને

# અમદાવાદ ખાતે યોજાઈ તૈયારી બેઠક







- લોકસભા પ્રભારી અને જીલ્લા/શહેર પ્રમુખ, AMC ઝોન ઓબ્ઝર્વર, વોર્ડ ઓબ્ઝર્વર, વિધાનસભા પ્રભારી સહિતના ચૂંટણી લડવા ઈચ્છુક તમામ કાર્યકર્તા/હોદ્દેદારએ AAP તૈયારી બેઠકમાં આપી હાજરી
- પ્રભારી ગોપાલ રાયએ AAP હોદ્દેદારોને આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી મુદ્દે આપ્યું માર્ગદર્શન
- સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આમ આદમી પાર્ટીનો રોડ મેપ તૈયાર: ગોપાલ રાય
- AAP સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે સજ્જ: ગોપાલ રાય

(એજન્સી) અમદાવાદ | તા. 03

આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પૂરા જોરશોરથી પૂરી તૈયારીઓમાં લાગી છે. આવનારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આજે અમદાવાદમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાયની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ તૈયારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ પ્રભારી ગોપાલ રાયની સાથે, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ મહામંત્રી સામત ગઢવી, મધ્ય ઝોન કાર્યકારી પ્રમુખ ડૉ. જ્વેલ વસરા, અમદાવાદ શહેર પ્રમુખ વિજય પટેલ, પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કર, પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટ, માલધારી સેલના પ્રદેશ પ્રમુખ કિરણ દેસાઈ, પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈ, પ્રદેશ પ્રવક્તા નીતિન બારોટ, AAP નેતા જતીન પટેલ, AAP વિદ્યાર્થી પાંખ ASAP મધ્ય ઝોન પ્રમુખ યાત્રિક પટેલ, AAP હરેશ પટેલ તૈયારી બેઠકમાં હાજર રહ્યા હતા. આમ આદમી પાર્ટીના લોકસભા પ્રભારી, જીલ્લા/શહેર પ્રમુખ, AMC ઝોન ઓબ્ઝર્વર, વોર્ડ ઓબ્ઝર્વર, વિધાનસભા પ્રભારી અને ચૂંટણી લડવા ઈચ્છુક તમામ કાર્યકર્તા/હોદ્દેદારો આ તૈયારી બેઠકમાં હાજર રહ્યા હતા. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાયએ આ તમામ હોદ્દેદારોને આવનારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને મુદ્દે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે AAP નેતા ગોપાલ રાયએ જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે પોતાનો રોડ મેપ તૈયાર કરી દીધો છે.

# રાજ્યભરમાં યાત્રાધામો અને પ્રવાસન સ્થળો આસપાસ હોટલ અને નાસ્તાની લારી/દુકાનો પર સરપ્રાઈઝ "ફૂડ ક્વોલિટી ચેકિંગ સ્ટ્રાઈક"





(એજન્સી) અમદાવાદ | તા. 03

રાજ્યના તમામ જિલ્લાના કલેક્ટર, મહાનગરપાલિકા કમિશનર અને દેવસ્થાનના વહીવટદારશ્રીઓ સાથે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી આજે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. રાજ્યના નાગરિકો અને ખાસ કરીને યાત્રાધામો તથા પ્રવાસન સ્થળો પર જતા યાત્રાળુઓના સારામાં સારી પાણીની સુવિધા, યાત્રાળુઓના ધસારાનો અભ્યાસ કરીને આવા સ્થળોએ તે જરૂરિયાત મુજબ પબ્લિક ટોયલેટની સંખ્યા વધારવા અને તે તમામ શૌચાલય નિયમિત નીટ એન્ડ ક્લીન રાખવાની યોજના તૈયાર કરવા, દિવ્યાંગ અને વરિષ્ઠ યાત્રાળુઓ માટે ખાસ સુવિધા ગોઠવવા તેમજ આ તમામ સ્થળો આસપાસની હોટલ, દુકાનો અને લારીઓમાં વેચાતા ફૂડની ગુણવત્તા પર ખાસ ચેકીંગ કરવા જેવા વિષયો પર નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ઉંડાણપૂર્વક ચર્ચા કરી હતી. રાજ્યના પ્રવાસન સ્થળો અને યાત્રાધામ સ્થળો તથા તેની આસપાસના વિસ્તારોમાં દુકાનો લારીઓ અને હોટલો પર વેચાતા નાસ્તા અને ભોજનની ગુણવત્તા ચકાસણીના મુદ્દા પર નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ભાર મુક્યો અને આજે તા. 3 જી ડિસેમ્બરે રાજ્યભરમાં સાંજે 4 વાગે સરપ્રાઈઝ 'ફૂડ ક્વોલિટી ચેકિંગ સ્ટ્રાઈક' કરવા તમામ કલેક્ટર અને મહાનગર પાલિકા કમિશનરને સૂચના આપી હતી. એટલું જ નહીં, ગુણવત્તામાં ખામી જણાય તેવા તમામ હોટલ, લારીના સંચાલકો સામે કડક કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવ્યો છે.


## પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

PEGASUS
કોર્પોરેટ ઓફિસ: 55-56, 5th Floor, ફ્રી પ્રેસ હાઉસ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.
રજિસ્ટર્ડ 1ઓફિસ: 507, દાતામલ હાઉસ, જમણાલાલ બજાજ રોડ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.

### ઈ-ઓક્શન દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.

જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) ગેરંટી આપનાર(ઓ) અને મોર્ટગેગર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ, સ્થાવર મિલકત હોવાથી, જે સુરક્ષિત લેણદાર, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**ને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ)ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત છે,** જેને **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("જના બેંક")** દ્વારા 28/03/2024ના રોજ SARFAESI એક્ટ, 2002ની જોગવાઈઓ હેઠળ સોંપવામાં આવી છે, તે SARFAESI એક્ટ અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ **"જેમ છે ત્યાં છે", "જેમ છે જે છે"** અને **"જેમ છે ત્યાં છે"** ના આધારે તમામ જાણીતા અને અજાણ્યા જવાબદારીઓ સાથે **26/12/2025**ના રોજ વેચવામાં આવી રહી છે.

**જના બેંક**ના અધિકૃત અધિકારીએ 24/08/2024 ના રોજ SARFAESI કાયદા અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ નીચે વર્ણવેલ સુરક્ષિત **સંપત્તિનો કબજો** સ્થાવર મિલકત તરીકે લીધો છે અને **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને કબજો સોંપ્યો છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| ઉધાર લેનાર(ઓ), સહ-ઉધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અને ગીરો આપનાર(ઓ)ના નામ: | a) મિથાઈલાલ રામલખન<br>b) ઈંદુ મૌર્ય |
| બાકી લેણાં જેના માટે સુરક્ષિત સંપત્તિ વેચાઈ રહી છે: | ₹10,89,125/- (રૂપિયા દસ લાખ ઓગણાએંસી હજાર એકસો પચીસ માત્ર) 2225/02/2024 ના રોજની સ્થિતિએ, SARFAESI એક્ટની કલમ 13(2) હેઠળની નોટિસ મુજબ, 26/02/2024 થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધીના વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જિસ અને તેના પરના ખર્ચાઓ સાથે.<br>₹15,37,849.08 (રૂપિયા પંદર લાખ સાડત્રીસ હજાર આઠસો ઓગણપચાસ અને આઠ પૈસા માત્ર) 03/12/2025 ના રોજની સ્થિતિએ બાકી, 04/12/2025 થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધીના વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જિસ અને તેના પરના ખર્ચાઓ સાથે. |
| સુરક્ષિત સંપત્તિ સ્થાવર મિલકત હોવાની વિગતો જે વેચાઈ રહી છે | ₹10,89,125/- (રૂપિયા દસ લાખ ઓગણાએંસી હજાર એકસો પચીસ માત્ર) 2225/02/2024 ના રોજની સ્થિતિએ, SARFAESI એક્ટની કલમ 13(2) હેઠળની નોટિસ મુજબ, 26/02/2024 થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધીના વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જિસ અને તેના પરના ખર્ચાઓ સાથે.<br>₹15,37,849.08 (રૂપિયા પંદર લાખ સાડત્રીસ હજાર આઠસો ઓગણપચાસ અને આઠ પૈસા માત્ર) 03/12/2025 ના રોજની સ્થિતિએ બાકી, 04/12/2025 થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધીના વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જિસ અને તેના પરના ખર્ચાઓ સાથે. |
| અનામત કિંમત જેનાથી નીચે સુરક્ષિત સંપત્તિ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | રૂ.8,76,000/- (રૂપિયા આઠ લાખ છત્તેર હજાર માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | રૂ.87,600/- (રૂપિયા સિત્તેર હજાર છસો માત્ર) |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે રજૂ કરાયેલા દાવાઓ, જો કોઈ હોય તો | જાણીતું નથી |
| મિલકતોનું નિરીક્ષણ: | 12.12.2025ના રોજ સવારે 11.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં.9004722468 |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | 24.12.2025થી સાંજે 4:00 વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | 26.12.2025ના રોજ સાંજે 04:00 થી 05:00 વાગ્યા સુધી વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી. |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસની નોટિસ** પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html** અથવા વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** જુઓ અથવા સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો, સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in /arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 04.12.2025**
**Sd/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10**


# સતત ત્રણ દિવસના CCTV મોનિટરીંગ બાદ અરજદારના સોનાના દાગીના કિ. રૂ.૨.૫૦,૦૦૦/- વાળો બેગ શોધી આપતું કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર(નેત્રમ), જામનગર

વિશાલ જે હરવરા | જામનગર

સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સની કામગીરી પર હતા. ત્યારે અરજદાર કાજલબેન પરિક્ષિતભાઈ પાઠક રહે. રામેશ્વરનગર જામનગર, વાળાના જણાવ્યા મુજબ તા.૩૦/૧૧/૨૦૨૫ ના સવારના ક.૧૦/૩૦ વાગ્યે તેઓના સસરાના ઘરેથી તેના ઘરે જવા માટે પંચેશ્વર ટાવર થી રામેશ્વરનગર જવા માટે રીક્ષા ભાડે કરેલ અને જે રીક્ષામાં તેના ૩ બેગનો સામાન લઈ નિકળેલ અને રામેશ્વર પટેલ વાડી તેના ઘરે રીક્ષામાંથી ઉતરી અને રીક્ષામાં રાખેલ ૨ બેગ ઉતારેલ અને એક બેગ રીક્ષાની પાછલી સીટ પાછળ રાખેલ હતી.

# રાજુલાના વિશાલ ધીરુભાઈ જીંજાળાની બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ તરીકે પસંદગી: સામાન્ય પરિવારની અથાગ મહેનત રંગ લાવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સામાન્ય પરિવારમાંથી આવતા અને પોતાના દૃઢ સંકલ્પ, મહેનત અને નિષ્ઠાના બળ પર યુવાનો કેવી રીતે ઉચ્ચ શિખરો સર કરી શકે છે, તેનું ઉત્તમ ઉદાહરણ રાજુલાના વિશાલભાઈ ધીરુભાઈ જીંજાળાએ પૂરું પાડ્યું છે. GPSC અને UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરતા વિશાલભાઈની આખરે બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ તરીકે પસંદગી થતાં સમગ્ર રાજુલા, તેમનો પરિવાર અને આહીર સમાજ ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે.વિશાલભાઈના પિતા ધીરુભાઈ જીંજાળા પોતે AC-ફ્રિજ રિપેરિંગનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પોતાના અર્થાત પરિશ્રમ અને મહેનત ભર્યા જીવન વચ્ચે પણ તેમણે પુત્રના શિક્ષણમાં કોઈ કરકસર રાખી ન હતી. તેમના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી જ વિશાલભાઈએ સુરતમાં એન્જિનિયરિંગનો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.

# સંતરામપુર-લુણાવાડા માર્ગ પર રાફઈ પાસેથી પસાર થતી એક કાર નીલ ગાય સાથે અથડાતા અકસ્માત સર્જાયો...

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા S.O.G. પોલીસ ને મળેલ બાતમી ના આધારે સંતરામપુર-લુણાવાડા મુખ્ય માર્ગ પર રાફઈ ગામ નજીક નાકાબંધી ગોઠવી હતી. ને બાતમી વાલી કાર આવતા તેને ઉભી રાખવા ઈશારો કરતાં ગાડી ચાલકે પોલીસ ના માણસો હોઈ ગાડી પુરઝડપે ભગાડી ગયેલ હતો જે ગાડીનો પોલીસે પીછો કરતાં ભાગી રહેલ ફોર વ્હીલ ગાડી નીલ ગાય જોડે અથડાતા ગાડી ચાલક ગાડી રસ્તો માં મુકી ને ફરાર થ ઈ ગયેલ.. આ ગાડીમાં તપાસ કરતા કારની ડીકી માં પોષડોડા પ્લાસ્ટિક ના થેલામાં ભરેલા મલી આવેલ હતા .

# ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ અંતર્ગત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીના અધ્યક્ષ સ્થાને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ, તા.3 ભારતીય ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલા ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ અંતર્ગત સુધારેલા જાહેરનામા તથા અત્યાર સુધી થયેલ કામગીરીની સમીક્ષા માટે આજ રોજ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી નિકુંજકુમાર ડી. ધૂળાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠક દરમિયાન સુધારેલ કાર્યક્રમની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. તેમજ ફોર્મ વિતરણ, ફોર્મ કલેક્શન અને ગણતરી ફોર્મના ડિજિટાઈઝેશન તબક્કાની આંકડાકીય માહિતી રજૂ કરવામાં આવી હતી.

# આહવા વેપારી એસોસિએશનની ચૂંટણીમાં હરિરામભાઈ સાંવતનો જંગી વિજય

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે તાજેતરમાં યોજાયેલી વેપારી એસોસિએશનના પ્રમુખ પદની ચૂંટણીમાં વેપારી આલમમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. બે પ્રતિષ્ઠિત વેપારીઓ વચ્ચે આ મુકાબલો હતો, જેમાં લોકશાહી ઢબે બેલેટ પેપરથી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે, ચૂંટણીના અંતે જે પરિણામો આવ્યા, તે સ્પષ્ટપણે એકતરફી રહ્યા હતા.

હરિરામભાઈ સાંવતને જંગી જનાદેશપ્રમુખ પદના ઉમેદવાર હરિરામભાઈ રતિલાલભાઈ સાંવતને વેપારી વર્ગનો જંગી અને અભૂતપૂર્વ ટેકો મળ્યો. મતોની ગણતરીના અંતે તેમને કુલ ૩૭૭ મતો પ્રાપ્ત થયા હતા, જે આહવા નગરનાં વેપારી સમુદાયમાં તેમની વ્યાપક લોકપ્રિયતા અને પ્રભાવને સ્પષ્ટપણે દર્શાવે છે.તેમની સામેના હરીફ ઉમેદવાર દીપકભાઈ પીંપળેને માત્ર ૧૪ મતો જ મળ્યા હતા. મતોની આ ગણતરી જોતા, મુકાબલો સંપૂર્ણપણે એકતરફી સાબિત થયો અને દીપકભાઈ પીંપળેની કારમી હાર થઈ હતી.

# જૂનાગઢ જિલ્લાના ભેસાણ, કેશોદ, વંથલી, માળીયા ખાતે સ્વયં પ્રેરિત ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમનું આયોજન કરવામાં આવ્યુ

નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ તા.૦૩ આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, જૂનાગઢ દ્વારા નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના ખજુરી હડમતીયા, કેશોદ તાલુકાના બાલાગામ, વંથલી તાલુકાના મોટા કાજલીયારા અને માળીયા ખાતે સ્વયં પ્રેરિત ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતું. ખેડૂત ભાઈઓ અને બહેનોને પ્રાકૃતિક કૃષિના સિદ્ધાંતો તેમજ પ્રાકૃતિક કૃષિના આયામોના ઉપયોગો દ્વારા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ ચાલુ રવિ સિઝનમાં અપનાવતા થાય તેમજ ઓછા ખર્ચે ગુણવત્તા યુક્ત ઉત્પાદન તથા જમીનની ફળદ્રુપતામાં વધારો થાય.


## પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

PEGASUS
કોર્પોરેટ ઓફિસ: 55-56, 5th Floor, ફ્રી પ્રેસ હાઉસ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.
રજિસ્ટર્ડ 1ઓફિસ: 507, દાતામલ હાઉસ, જમણાલાલ બજાજ રોડ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.

### ઈ-ઓક્શન દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.

જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) ગેરંટી આપનાર(ઓ) અને મોર્ટગેગર(ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ, સ્થાવર મિલકત તરીકે, સિક્યોર્ડ લેણદાર, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**ને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ)ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત છે,** જેને SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ 28/03/2024 ના રોજ જાના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("જના બેંક") દ્વારા અંતર્ગત સિક્યોરિટીઝ હિત સાથે સોંપવામાં આવી છે, જે SARFAESI એક્ટ અને તેના હેઠળના નિયમો "જેમ છે ત્યાં છે", "જેમ છે જે છે" અને "જેમ છે ત્યાં છે" ના આધારે 26/12/2025 ના રોજ તમામ જાણીતા અને અજાણ્યા જવાબદારીઓ સાથે વેચવામાં આવી રહી છે.

**જના બેંક**ના અધિકૃત અધિકારીએ **૧૫/૦૮/૨૦૨૪**ના રોજ SARFAESI કાયદા અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ નીચે વર્ણવેલ સુરક્ષિત **સંપત્તિનો કબજો** સ્થાવર મિલકત તરીકે લીધો છે અને **પેગાસસ ૨૦૨૩ ટ્રસ્ટ ૧૦ ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને કબજો સોંપ્યો છે.
હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| ઉધાર લેનાર(ઓ), સહ-ઉધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અને ગીરો આપનાર(ઓ)ના નામ: | a) ચૌહાણ પ્રમોદભાઈ શિવસાગર<br>b) વિનોદકુમાર શિવસાગર ચૌહાણ |
| બાકી લેણાં જેના માટે સુરક્ષિત સંપત્તિ વેચાઈ રહી છે: | SARFAESI કાયદાની કલમ 13(2) હેઠળ નોટિસ મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી, 20/12/2023 થી, તેના પરના વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિત, 19/12/2023 ના રોજ રૂ.21,07,952/- (એકવીસ લાખ સાત હજાર નવસો બાવન રૂપિયા માત્ર).<br>03/12/2025 ના રોજ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી રૂ.29,13,388.91 (રૂપિયા ઓગણત્રીસ લાખ તેર હજાર ત્રણસો આઠસો અને એકાવન પૈસા માત્ર) બાકી છે. |
| સુરક્ષિત સંપત્તિ સ્થાવર મિલકત હોવાની વિગતો જે વેચાઈ રહી છે | **ચૌહાણ પ્રમોદભાઈ શિવસાગર દ્વારા ગીરવે મુકાયેલ:** એન. એ. ના તે બધા ટુકડા અને પાર્સલ. મહેસૂલ સર્વે નં.293/2p1 "અંબેશ્વર પ્લાઝા", દુકાન નં.F-12 (પહેલો માળ), 21.96 ચો.મી., હારિજ, તા. હારિજ, જિલ્લો પાટણ ખાતે આવેલી મિલકત પર બાંધવામાં આવેલી સ્થાવર વાણિજ્યિક મિલકત. **સીમાઓ: પૂર્વ:** દુકાન નં.F-13, **પશ્ચિમ:** દુકાન નં.F-11, **ઉત્તર:** ખુલ્લો માર્ગ, **દક્ષિણ:** માર્જિન રોડ અને અંબેશ્વર રેસીડેન્સી. **CERSAI SI.ID: 400072045665;**<br>**સંપત્તિ ID: 200073383485; લેન:31969630000684;** |
| અનામત કિંમત જેનાથી નીચે સુરક્ષિત સંપત્તિ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | રૂ.6,20,000/- (રૂપિયા છ લાખ વીસ હજાર માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | રૂ.૬૨,000/- (રૂપિયા બાંસઠ હજાર માત્ર) |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે રજૂ કરાયેલા દાવાઓ, જો કોઈ હોય તો | જાણીતું નથી |
| મિલકતોનું નિરીક્ષણ: | 12.12.2025ના રોજ સવારે 11.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં.9004722468 |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | 24.12.2025થી સાંજે 4:00 વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | 26.12.2025ના રોજ બપોરે 11:00 થી 12:00 વાગ્યા સુધી વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી. |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસની નોટિસ** પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html** અથવા વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** જુઓ અથવા સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો, સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in /arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 04.12.2025**
**Sd/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10**



## પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

PEGASUS
કોર્પોરેટ ઓફિસ: 55-56, 5th Floor, ફ્રી પ્રેસ હાઉસ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.
રજિસ્ટર્ડ 1ઓફિસ: 507, દાતામલ હાઉસ, જમણાલાલ બજાજ રોડ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.

### ઈ-ઓક્શન દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના રૂલ 8 અને 9 સાથે વાંચતા સ્થાવર મિલકતોનું વેચાણ.

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે દર્શાવેલ લોન લેનાર(ઓ), સહ-લોન લેનાર(ઓ), ગેરેન્ટર(ઓ) અને મોર્ટગેજર(ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત અસ્કયામતો, જે સુરક્ષિત ધિરાણકર્તા, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, જે પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ) ના ટ્રસ્ટી તરીકે કાર્ય કરી રહી છે,** તેને ગીરો/ચાર્જ કરેલી સ્થાવર મિલકત છે, અને જેની નીચે દર્શાવેલ લોન લેનારના દેવાં, અંતર્ગત સુરક્ષિત હિતો સાથે, **જના સ્મોલ ફાયનાન્સ બેંક લિ. ("જના બેંક")** દ્વારા તારીખ 28/03/2024 ના અસાઈનમેન્ટ કરાર મારફત SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ સોંપવામાં આવ્યા છે, તેનું વેચાણ SARFAESI એક્ટ અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ **"જેમ છે ત્યાં છે", "જેમ છે તે છે" અને "જે કંઈ છે તે છે"** ના ધોરણે, તમામ જાણીતી અને અજાણી જવાબદારીઓ સાથે, **26/12/2025**ના રોજ કરવામાં આવશે.

**જના બેંક**ના અધિકૃત અધિકારીએ SARFAESI એક્ટ અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ **28/09/2024**ના રોજ નીચે વર્ણવેલ સુરક્ષિત અસ્કયામતો (સ્થાવર મિલકત)નો **કબજો લીધો** છે અને તે કબજો **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને સોંપી દીધો છે.
હરાજી (ઓક્શન) ની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| લોન લેનાર(ઓ), સહ-લોન લેનાર(ઓ) , ગેરંટર(ઓ) અને મોર્ટગેજર(ઓ)ના નામ: | a) આશા બંસી કટારીયા<br>b) કટારીયા ગીતાબેન |
| બાકી રકમ જેના માટે સુરક્ષિત અસ્કયામતોનું વેચાણ કરવામાં આવી રહ્યું છે: | SARFAESI કાયદાની કલમ 13(2) હેઠળ નોટિસ મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી **20/01/2024**થી તેના પરના વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિત **19/01/2024 ના રોજ રૂ. 31,10,464.41** (રૂપિયા એકત્રીસ લાખ દસ હજાર ચારસો ચોસઠ અને એકતાલીસ પૈસા માત્ર).<br>**03/12/2025**ના રોજ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી **રૂ. 39,63,856.42** (રૂપિયા ઓગણત્રીસ લાખ ત્રીસ હજાર આઠસો છપ્પન અને બેતાલીસ પૈસા માત્ર) બાકી છે. જેમાં ૦૪/૧૨/૨૦૨૫ થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચનો સમાવેશ થાય છે. |
| સુરક્ષિત સંપત્તિ સ્થાવર મિલકત હોવાની વિગતો જે વેચાઈ રહી છે | **આશા બંસી કટારિયા દ્વારા ગીરવે મુકાયેલ:** ફ્રીહોલ્ડનો તે બધો જ ટુકડો અને સ્થાવર ભાગ આ મિલકત ફ્લેટ નં.એ/૨૦૫, બીજા માળે, ૧૨૫ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવે છે, એટલે કે ૧૦૪.૫૧ ચોરસ મીટર, જે "મીનાક્ષી એવન્યુ" તરીકે ઓળખાતી મીનાક્ષી (કુબેરનગર) ઓનર્સ એસોસિએશન ખાતે અને અમદાવાદ જિલ્લાના મૌજે સરદારનગર તાલુકા અસારવાના બિન-કૃષિ ફ્રીહોલ્ડ જમીન ધરાવતા સિટી સર્વે નં.૩૯૭૭ પાયકી, પ્લોટ નં.૪૫ પાયકી ખાતે સ્થિત છે અને નોંધણી સબ ડિસ્ટ્રિક્ટ અમદાવાદ-૬ (નરોડા). **સીમાઓ: પૂર્વ:** ફ્લેટ નં.એ/૨૨, **પશ્ચિમ:** રોડ, **ઉત્તર:** પેસેજ, **દક્ષિણ:** ફ્લેટ નં.એ/૨૦૩.<br>**CERSAI SI.ID: 400069767677; સંપત્તિ ID: 200070965852;**<br>**લેન: 3336961000651** |
| અનામત કિંમત જેનાથી નીચે સુરક્ષિત સંપત્તિ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | રૂ.18,98,000/- (રૂપિયા અઢાર લાખ અઠ્ઠાણું હજાર માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | રૂ.1,89,800/- (રૂપિયા એક લાખ નેવ્વાસી હજાર આઠસો માત્ર) |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે રજૂ કરાયેલા દાવાઓ, જો કોઈ હોય તો | જાણીતું નથી |
| મિલકતોનું નિરીક્ષણ: | 12.12.2025ના રોજ સવારે 11.30થી બપોરે 3.00 વાગ્યા સુધી |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં.9004722468 |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | 24.12.2025થી સાંજે 4:00 વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | ૨૬.૧૨.૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:00 થી ૦૧:00 વાગ્યા સુધી વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી. |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસની નોટિસ** પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html** અથવા વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** જુઓ અથવા સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો, સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in / arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 04.12.2025**
**Sd/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10**


# સંસદમાં આદિવાસી પોશાકમાં સાંસદ ધવલ પટેલ: "આ મારી મૂળ સંસ્કૃતિની ઓળખ"

સુશીલ પવાર | ડાંગ

ડાંગ-વલસાડનાં લોકપ્રિય સાંસદ ધવલ પટેલ દ્વારા સંસદમાં પરંપરાગત આદિવાસી પોશાક પહેરવાના તેમના નિર્ણયને લઈને એક હૃદયસ્પર્શી નિવેદન આપવામાં આવ્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, આ પોશાક તેમના માટે માત્ર એક વસ્ત્ર નથી, પરંતુ તે ભારતના સર્વોચ્ચ લોકશાહીના મંચ પર આદિવાસી સંસ્કૃતિ અને ઓળખને ગૌરવ સાથે રજૂ કરવાની એક મહત્ત્વપૂર્ણ અને સન્માનનીય ક્ષણ છે.સાંસદ ધવલ પટેલે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, "સંસદમાં પરંપરાગત આદિવાસી પોશાક પહેરવો એ મારા માટે માત્ર એક પોશાક નથી, પરંતુ મારા મૂળ, મારી સંસ્કૃતિ અને મારી ઓળખને રાષ્ટ્રીય મંચ પર ગર્વથી લઈ જવાનો એક ક્ષણ છે." ડાંગ અને વલસાડ જેવા આદિવાસી બહુલ વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરતા ધવલ પટેલના આ પગલાને આદિવાસી સમુદાયના સન્માન અને ઉત્થાન સાથે જોવામાં આવે છે.તેમણે ભારપૂર્વક કહ્યું કે, "આ પોશાક આપણા આદિવાસી સમાજના સમૃદ્ધ વારસા અને ભારતની વિવિધતાનું સન્માન છે."


## પશ્ચિમ રેલ્વે

**સિગ્નલિંગ કાર્ય**

ડેપ્યુટી ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ ઈજનેર (બાંધકામ), બીજો માળ, એનેક્સ બિલ્ડીંગ, ડીઆરએમ ઓફિસ, પ્રતાપનગર, પશ્ચિમ રેલ્વે વડોદરા-૩૯૦૦૦૪, **ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે સૂચના નંબર: S&T/C/BRC/147/2025-26, તા. ૨૯.૧૧.૨૦૨૫. સાથેના કાર્યનું નામ તેનું સ્થાન:** "ડિઝાઈન, ઉત્પાદન,સપ્લાય, ઈન્સ્ટોલેશન, પ્રોગ્રામિંગનું પરીક્ષણ અને કમિશનિંગ ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) સિસ્ટમ દ્વારા OEM કામચલાઉ જોડાણનું પાલન કરે છે સિગ્નલિંગ આયોજિત RDSO સ્પષ્ટીકરણ RDSO/SPN/192/2019 ver.2.0 મુજબ ના નવીનતમ સુધારા અને પુરવઠા સાથે ઈન્ડોર અને આઉટડોર સિગ્નલિંગ સામગ્રી, ટ્રેન્ચિંગ, કેબલ બિછાવવું, સમાપ્ત કરવું વિવિધ કોરોના S&T કેબલ પૂર્ણ થયાના ઈન્ડોર અને આઉટડોર કામો માટે સેંડાસલ સ્ટેશન અને ફેરફાર/ બે સ્ટેશનો પર ફેરફાર સમલયા અને ટિમ્બા રોડના જોડાણમાં NG થી BG માં Guge રૂપાંતર સાથે સમલાયા - ટિંબા રોડ વચ્ચે (53.5 પશ્ચિમના વડોદરા વિભાગ પર KMS) રેલ્વે". **કામનો અંદાજિત ખર્ચ:** 15,11,25,250.19. **ઈએમડી:** ₹9,05,600/-. **સબમિશન માટે તારીખ અને સમય ઈ-ટેન્ડર:** 24.12.2025 સુધી, 15:00 કલાક. **ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 24.12.2025ના રોજ 15:30 વાગ્યે. વધુ માહિતી માટે વિગતો કૃપા કરીને અમારી વેબસાઈટ **www.ireps.gov.in**ની મુલાકાત લો. 0855

અમને લાઈક કરો : facebook.com/WesternRly


# ફરજ નિષ્ઠા: જામનગરના BLO એ કર્ણાટકના BLO સાથે અંગ્રેજીમાં સંવાદ કરી મેપિંગનું ૧૦૦% કામ પૂરું કર્યું

વિશાલ જે. હરવરા | જામનગર

જિલ્લામાં ચાલી રહેલા મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૬ અંતર્ગત બીએલઓ (બૂથ લેવલ ઓફિસર) દ્વારા હાઉસ ટુ હાઉસ ગણતરી ફોર્મ (EF) પરત લેવાની અને તેને ઓનલાઈન ડિજિટાઈઝ કરવાની મહત્વપૂર્ણ કામગીરી ચાલી રહી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ક્રિસ્ટલ મોલમાં મંજૂરી વગર 'લાલો' ફિલ્મનું પ્રમોશન

## ભીડમાં એસ્કેલેટર પર પટકાયેલી બાળકીને બે લોકોએ બચાવી, મોલ મેનેજર સામે ગુનો

(એજન્સી) રાજકોટ | તા. 03

રાજકોટના ક્રિસ્ટલ મોલમાં ગઈકાલે (2 ડિસેમ્બર) લાલો ફિલ્મના પ્રમોશન દરમિયાન થયેલી અફરાતફરી મામલે યુનિવર્સિટી પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. ક્રિસ્ટલ મોલના મેનેજર સમીર રામજીભાઈ વિસાણી સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ થયો છે. ક્રિસ્ટલ મોલના મેનેજરે કોઈપણ પ્રકારની પૂર્વમંજૂરી વિના જાહેર જગ્યાએ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર વચ્ચે સ્ટેજ રાખી લાલો ફિલ્મના એક્ટર, ડાયરેક્ટર, પ્રોડ્યુસર અને સ્ટારકાસ્ટને પ્રમોશન માટે બોલાવ્યા હતા, જેને લીધે મોટી સંખ્યામાં લોકોની ભીડ એકત્ર થઈ હતી. આ મામલે યુનિવર્સિટી પોલીસ મથકના PSI ફરિયાદી બન્યા છે.આ અંગે ફરિયાદ નોંધાતા અને નોટિસ ફટકારાતા ક્રિસ્ટલ મોલના મેનેજર સમીર વિસાણી જવાબ રજૂ કરવા માટે પોલીસ સમક્ષ હાજર થયા હતા.

યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના PSI એન.વી. ચાવડાએ પોતે ફરિયાદી બની કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે 2 ડિસેમ્બરે રાત્રે 8 વાગ્યાથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. એ દરમિયાન રાત્રે 9:15 વાગ્યે સોશિયલ



મીડિયામા વીડિયો વાઈરલ થયો કે લાલો ફિલ્મના કલાકારો ક્રિસ્ટલ મોલમાં પ્રમોશન એકિટિવિટી કરવા આવ્યા છે અને આ દરમિયાન ખૂબ જ મોટા પ્રમાણમા ભીડ એકત્ર થઈ છે. જે બાબતનો વીડિયો વાઈરલ થતાં તરત જ ક્રિસ્ટલ મોલ ખાતે જઈ તપાસ કરતાં જાણવા મળ્યું કે ક્રિસ્ટલ મોલના મેનેજરે કોઈ પ્રકારની પૂર્વમંજૂરી વિના ક્રિસ્ટલ મોલ જેવી જાહેર જગ્યાએ ગ્રાઉન્ડ ફલોર પર વચ્ચેના ભાગે સ્ટેજ બાંધી લાલો મૂવીના એકટર, ડાયરેક્ટર, પ્રોડયુસર તથા સ્ટારકાસ્ટને પ્રમોશન માટે બોલાવ્યા હતા અને અંદરના તેમજ મોલના બહારના ભાગમાં જાહેર કાર્યક્રમ યોજી ખૂબ જ મોટી ભીડ એકત્ર કરી હતી.

ક્રિસ્ટલ મોલના મેનેજર સમીરભાઇ રામજીભાઈ વીસાણી (ઉં.વ.37 રહે. સી-901 સર્વન સફેસ રૈયા રોડ, રાજકોટ) સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તેમણે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝાની પરવાનગી વિના જાહેર જગ્યામાં વધારે માણસોને એકત્ર કર્યા હતા, જેથી પોલીસ કમિશનરનું જાહેરનામું 1 નવેમ્બરથી 31 ડિસેમ્બર સુધીમાં અમલમાં હોય એ જાહેરનામાનો ભંગ કર્યો છે, જેથી બી.એન.એસ. કલમ 223 મુજબનો ગુનો નોંધ્યો છે, જેથી તેને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ બી.એન.એસ.એસ. કલમ 35(1) મુજબની નોટિસ આપવામાં આવી છે અને આ શખસ સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવે છે.

## હવામાં છલાંગ લગાવી દીપડો યુવક પર ત્રાટક્યો : કેટલાક યુવાનો બચવા માટે કેનાલમાં કૂદી પડયા

# ખેડાનાં ઠાસરામાં દીપડાના હુમલાથી 4 લોકો ઘાયલ...



(એજન્સી) નડિયાદ | તા. 03

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ઉધમતપુરા કેનાલથી જલાનગર જવાના માર્ગ પર દીપડો આવ્યો હોવાની વાત મળતાં ગ્રામજનો સ્થળ પર ગયા હતા, જ્યાં અચાનક ઝાડીમાંથી આવેલાં દીપડાએ ટોળા પાછળ દોટ મારી હતી, જેમાં ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. દીપડાએ અચાનક હુમલો કરતાં ભાગદોડ મચી ગઇ હતી. કેટલાક યુવાનો બચવા માટે કેનાલમાં કૂદી પડયા હતા, જેનો વીડિયો સામે આવ્યો છે. હુમલાબાદ દીપડો ફરી ઝાડીઓમાં ફરાર થઇ જતાં વન વિભાગે 2 પાંજરાં મૂકી પકડવા કવાયત હાથ ધરી છે.

ઠાસરા તાલુકામાં આવેલા ઉધમતપુરાથી જલાનગર જવાના માર્ગ પર આવેલી કેનાલ પાસે દીપડો દેખાયો હોવાની ચર્ચા બાદ મંગળવારે કેટલાક યુવકો કેનાલ પાસે તપાસ કરવા અને દીપડો જોવા ગયા હતા. આ સમયે આસપાસનાં ગ્રામજનો પણ એકત્ર થઈ જતાં કેનાલની આસપાસ મોટી સંખ્યામાં ટોળું એકઠું થયું હતું. લોકો કેનાલની બંને તરફ દીપડાને શોધી રહ્યા હતા. આ દરમિયાન અચાનક દીપડો ઝાડી-ઝાંખરામાંથી નીકળી ટોળા તરફ દોડી આવતાં લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

આ દરમિયાન દીપડાએ હવામાં છલાંગ લગાવી એક યુવક પર હુમલો કર્યા બાદ ઝાડીમાં ભાગી ગયો હતો, જોકે એ પહેલાં દીપડાએ ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. એમાં વિનુભાઇ રાઠોડ, અર્જુનભાઇ તળપદા, પ્રવેશકુમાર પરમાર અને જયેશભાઇ પરમાર દીપડાના હુમલાના કારણે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. એમાં સૌથી વધુ ઈજા અર્જુનભાઇ તળપદાને પહોંચતાં તેમને વધુ સારવાર માટે નડિયાદ સિવિલ ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. દીપડાને પકડવા માટે વન વિભાગ દ્વારા સીમ વિસ્તારમાં પાંજરા ગોઠવવામાં આવ્યાં છે અને એને પકડવાની કવાયત શરૂ કરવામાં આવી છે, જોકે હજી સુધી દીપડો પાંજરે ન પુરાતાં સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ગામના સ્થાનિક કનુભાઈ પરમારે જણાવ્યું હતું કે 1:30 વાગ્યાની આસપાસ અમને જાણવા મળ્યું હતું કે ઉધમપુરા ગામની સીમમાં દીપડો આવ્યો છે. એ બાદ અમે ગામની સીમમાં પહોંચ્યા ત્યારે દીપડો જોયો હતો. મોટી સંખ્યામાં લોકો હોવાથી દીપડો ત્યાંથી નીકળવા માટે પ્રયત્ન કરતો હતો. એ દરમિયાન દીપડો નીકળ્યો એ બાજુ ચાર-પાંચ માણસો હતા.

### દીપડો પકડાય નહીં ત્યાં સુધી અમને બીક રહેશે

બાબુભાઈ પરમારે જણાવ્યું હતું કે અમને દીપડાના સમાચાર મળ્યા હતા, જે બાદ ગ્રામજનો દીપડાને જોવા માટે આવ્યાં હતાં. આશરે હજાર માણસ ભેગું થયું હતું. ત્રણ-ચાર માણસો ઉપર હુમલો કર્યો હતો, જેમને પ્રાથમિક સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તમે વન વિભાગને જાણ કરી હતી, જે બાદ દીપડાને પકડવા માટે પાંજરાં આવી ગયાં હતાં, જોકે દીપડો પકડાય નહીં ત્યાં સુધી ગામના લોકોમાં ભયનો માહોલ રહેશે.

આ અંગે ખેડા જિલ્લા ફોરેસ્ટ અધિકારીએ વીડિયોમાં લોકોને દીપડાથી સાવચેત રહેવા જણાવ્યું છે. તેમણે ખાસ કરીને સીમ વિસ્તારમાં બિનજરૂરી બહાર ન નીકળવા, બાળકોને ઘરની બહાર ન જવા દેવા અને બહાર બાંધેલાં ઢોરોની પાસે ન સૂવા જેવી સૂચનાઓ આપી છે. 3 વર્ષ પહેલાં ઝાબાની મુવાડી હાથનોલી નજીક હલધરવાસના ખેતરમાં ભરતભાઈ ગોપાલભાઈ ગોહેલ બકરા ચરાવવા માટે ગયા હતા, જેમાં ઝાડીઓમાંથી અવાજ આવતાં એ જોવા માટે ગયા હતા.

## ન્યૂઝ ફ્લેશ


### સુરતના કતારગામમાં લેશપટ્ટીનાં કારખાનામાં આગ ફાટી નીકળી

સુરત | સુરત શહેરનાં કતારગામ ખાતેમોડી રાત્રે લેશપટ્ટીનાં કારખાનામાં આગ ફાટી નીકળતાં આસપાસનાં કારખાનેદારો સહિત કારીગરોમાં નાસભાગ મચી જવા પામી હતી. બીજી તરફ ઘટના અંગે જાણ થતાં ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળે ધસી ગયો હતો અને અંદાજે દોઢ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ ન થતાં તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, હોનારતને પગલે કારખનામાં મુકેલ સંપૂર્ણ માલ સ્વાહા થઈ ગયો હતો.

ફાયર વિભાગનાં સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર ગત મોડી રાત્રે કતારગામ ખાતે આવેલ લેશ પટ્ટીનાં કારખાનામાં અચાનક આગ ફાટી નીકળી હતી. જો કે, આગ પર કાબુ મેળવવામાં આવે તે પહેલાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેને પગલે સ્થાનિકો દ્વારા તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ઘટના અંગે જાણ થતાં કતારગામ સહિત પાંચ ફાયર સ્ટેશનની ૧૦ ગાડીઓનાં કાફલા સાથે લાશ્કરો ઘટના સ્થળે ધસી ગયા હતા.

કારખાનામાં મોટા પ્રમાણમાં મુકવામાં આવેલ લેશપટ્ટીનાં જથ્થાને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં લાશ્કરોને પણ ભારે જહેમતનો સામનો કરવો પડ્યો હતો. વિકરાળ આગ અને ધુમાડા વચ્ચે દોઢ કલાક સુધી સતત પાણીનો મારો ચલાવીને ફાયર વિભાગનાં જવાનો દ્વારા આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો.

### મોરબીના ચાચાપરમાં 15થી વધુ કુંજ પક્ષીઓના મૃતદેહ મળ્યા



મોરબી | મોરબીના ચાચાપર ગામની સીમમાંથી 15 થી 17 કુંજ પક્ષીઓના મૃતદેહ મળી આવ્યા છે. ગ્રામજનો દ્વારા ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવતા અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પક્ષીઓના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

આ ઘટનાની જાણ ગામના લોકોને થતાં તેમણે સરપંચના પતિ રમેશભાઈ ભીમાણીને જાણ કરી હતી. રમેશભાઈ ભીમાણી અને ગામના આગેવાનો સ્થળ પર પહોંચ્યા હતા. ત્યારબાદ ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી હતી.

ફોરેસ્ટ વિભાગના અધિકારીઓએ મૃત પક્ષીઓના મૃતદેહનો કબજો લીધો હતો અને તેમને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. મોરબી જિલ્લામાં શિયાળા દરમિયાન વિદેશી પક્ષીઓ મોટી સંખ્યામાં આવતા હોય છે. આ કુંજ પક્ષીઓના મોત પાછળનું કારણ શોધવા માટે વન વિભાગ દ્વારા વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## આંગણવાડીની મહિલાનો આક્ષેપ: 'સવારે કોન્ડમના પેકેટ, દારૂની બોટલો મળે છે'

# દારૂ પીવાની ના પાડતાં 15 ઘરમાં પથ્થરમારો

(એજન્સી) સુરત | તા. 03

સુરત લિંબાયતના કૃષ્ણનગર-2 વિસ્તારમાં અસામાજિક તત્વો અને બેફામ બુટલેગરોનો આતંક ચરમસીમાએ પહોંચી ગયો હોવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. બુટલેગરોએ નશાની હાલતમાં ગાળાગાળી કરતા રોકનાર એક પરિવારના ઘર પર 15થી 20 જેટલા શખ્સોએ પથ્થરમારો કર્યો હતો. જેના લાઈવ વીડિયો પણ સામે આવ્યા છે. સૌથી ગંભીર બાબત એ છે કે જ્યાં આ ઘટના બની તે વિસ્તારમાં આંગણવાડી અને મંદિર આવેલો છે, તેમ છતાં લિંબાયત પોલીસની નિષ્ક્રિયતાના કારણે આવા તત્વો બેફામ બન્યા છે.

આંગણવાડીની મહિલાએ આક્ષેપ કરતાં કહ્યું કે, 'સવારે કોન્ડમના પેકેટ અને દારૂની બોટલો મળે છે'. ત્યારે સુરત લિંબાયત પોલીસની નિષ્ક્રિયતાથી આવારા તત્વો બેફામ બન્યા હોય તેવું લાગી રહ્યું છે.

મળતી વિગત અનુસાર, આ સમગ્ર ઘટના કૃષ્ણનગર-2 માં આવેલા મકાન નંબર 37ની છે. ફરિયાદી ચેતન રાજપૂતએ જણાવ્યું કે, તેમના ઘરની નજીક અસામાજિક તત્વો અને બુટલેગરો બેસીને દારૂ પી રહ્યા હતા અને ગાળો આપી રહ્યા હતા. ઘરમાં મહિલાઓ રહેતી હોવાથી ચેતન રાજપૂત આ શખ્સોને દારૂ ન પીવા અને અશ્લીલ શબ્દો ન કહેવા માટે રોકવા ગયા હતા.

રાત્રે હું બધાને રોકવા માટે ગયો. અહીં બેસીને દારૂ પી રહ્યા હતા અને ગાળો આપી રહ્યા હતા જેથી હું રોકવા માટે ગયો. આ લોકો મને ગાળો આપવાની શરૂઆત કરી જેથી મારા પરિવારના લોકો મને મકાનની અંદર લઈ ગયા. ત્યારબાદ આ લોકો અચાનક જ પથ્થરમારો કરવાની શરૂઆત કરી દીધી. આશરે 15થી 20 લોકો હતા. પથ્થર આ માટે મારવામાં આવ્યું કારણકે અમે આ લોકોને રોક્યા હતાં. આ વિસ્તારમાં અસામાજિક તત્વોનો ત્રાસ એટલો વધી ગયો છે કે નજીકની આંગણવાડીમાં કાર્યરત બહેનો પણ હેરાન થઈ ગઈ છે. આંગણવાડીની કાર્યકર વૈશાલીબેને લિંબાયત પોલીસની નિષ્ક્રિયતા પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે.



### લિંબાયત પોલીસની નિષ્ક્રિયતા પર સવાલ

સ્થાનિકો અને આંગણવાડીની મહિલાઓ બંનેએ અનેક વાર ફરિયાદ કર્યા બાદ પણ લિંબાયત પોલીસે કોઈ ઠોસ કાર્યવાહી આવા અસામાજિક તત્વો વિરુદ્ધ ન કરી હોવાનો રોષ વ્યક્ત કર્યો છે. ચેતન રાજપૂતનો વિરોધ આ પોલીસ નિષ્ક્રિયતાનું જ પરિણામ હોવાનું લોકો માની રહ્યા છે. આ સમગ્ર મામલે લિંબાયતના પોલીસ ઈન્સ્પેક્ટર એન. કે. કામળિયાએ જણાવ્યું હતું કે, ફરિયાદ દાખલ કરવામાં આવી છે. રવિ ચોકો સહિત ચાર લોકો સામે તોડફોડ અને સંપત્તિને નુકસાન પહોંચાડવા અંગેની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આરોપી રવિ પર મારામારીનો ગુનો અગાઉ નોંધવામાં આવ્યો છે.

### લિંબાયત પોલીસ સ્ટેશન અગાઉ પણ વિવાદમાં

જોકે, પીઆઈને આરોપીઓ દારૂના ધંધા સાથે સંકળાયેલા છે કે નહીં તે અંગે હાલ જાણકારી ન હોવાનું જણાવી તપાસ ચાલુ હોવાનું કહ્યું હતું. લિંબાયત પોલીસ સ્ટેશનનો વિવાદમાં આવવાનો આ પ્રથમ બનાવ નથી. અગાઉ પણ બુટલેગરની હત્યા અને પોલીસ સ્ટેશનમાંથી આપઘાત જેવા ગંભીર બનાવો સામે આવી ચૂક્યા છે.

ફરિયાદીની ફરિયાદ ન લેવા બાબતે પણ ઉચ્ચ અધિકારીઓ સુધી અનેક ફરિયાદો પહોંચી છે, તેમ છતાં પોલીસ કર્મચારીઓનો વ્યવહાર સુધર્યો ન હોવાનું સ્થાનિકો માની રહ્યા છે. આ ઘટના ફરી એકવાર લિંબાયત પોલીસની કામગીરી અને બુટલેગરોના બેફામ આતંક પર ગંભીર સવાલો ઊભા કરે છે.

## TRP ગેમઝોન અગ્નિકાંડના આરોપી ધવલ ઠક્કરના જામીન મંજૂર કર્યાં...

(એજન્સી) રાજકોટ | તા. 03

રાજકોટમાં ચકચારી TRP ગેમઝોન અગ્નિકાંડમાં 27 લોકો જીવતા ભુંજાઈ ગયા હતા. જે ઘટનાના દોઢ વર્ષમાં જ તમામ 15 આરોપીઓ જામીન પર મુક્ત થઈ ગયા છે. ટીઆરપી ગેમઝોનના સંચાલક ધવલ ભરત ઠક્કર કે જે ધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટર છે તેના જામીન આજે રાજકોટ શેસન્સ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલા છે. તાજેતરમાં જ મનપાના અધિકારીઓ મનસુખ સાગઠિયા, ઈલેશ ખેર,ભીખા ઠેબા અને જમીનના માલિકના જમીન મુક્ત થયા હતા ત્યારે હવે બાકી રહેલા એક આરોપીનો પણ જામીન પર છૂટકારો થઈ ગયો છે. ગત તા.25 મે 2024ની સાંજે રાજકોટના નાના મવા રોડ પર આવેલ TRP ગેમઝોનમાં આગ લાગતા 27 લોકોના મોત નિપજ્યા હતા જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં 16 આરોપી સામે ગુનો દાખલ થયો હતો. જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો ધવલ ભરત ઠકકર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટર), રેસવે એન્ટરપ્રાઈઝના ભાગીદારો અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, પ્રકાશચંદ કન્હેયાલાલ હીરન, યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, રાહુલ લલિત રાઠોડ, ગેમઝોન મેનેજર નીતિન મહાવીરપ્રસાદ લોઢા (જૈન) હતા. આ ઉપરાંત રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો હતો.

# તસ્કરો માતાજીના આભૂષણો ચોરી ગયા : એક ધ્યાન રાખવા ઊભો રહ્યો, બીજો અંદર જઈ ચાંદીનું છત્ર પરાણે તોડી ખેંચી ગયો

(એજન્સી) મહેસાણા | તા. 03

મહેસાણા તાલુકાના વીરતા ગામે ફરી એકવાર ચોરીની ઘટના સામે આવી છે, જેમાં ગત રાત્રિના 12 વાગ્યાના અરસામાં બે તસ્કરો ગામમાં આવેલા વેરાઈ માતાજીના મંદિરમાં ઘૂસ્યા હતા અને ગર્ભગૃહના બંધ દરવાજાનાં તાળાં તોડીને માતાજીને અર્પણ કરાયેલા લાખોના આભૂષણો, ચાંદીનું છત્ર અને કીમતી પાદુકાઓની ચોરી કરી ગયા હતા. આ ચોરીની સમગ્ર ઘટના મંદિરમાં લાગેલા CCTVમાં કેદ થઈ છે, જેમાં એક તસ્કર બહાર વોચ રાખતો અને બીજો તસ્કર નકાબ બાંધીને અંદર ચોરી કરતો સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. એક જ અઠવાડિયામાં બે ચોરીની ઘટના સામે આવતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. મહેસાણા તાલુકાના વીરતા ગામે 2 ડિસેમ્બરની રાત્રિના 12 વાગ્યાના અરસામાં બે તસ્કરો ગામમાં આવેલા વેરાઈ માતાજીના મંદિરમાં ચોરી કરવા ઘૂસ્યા હતા, જ્યાં ચોરોએ મંદિરના ગર્ભગૃહના બંધ દરવાજાનાં




તાળાં તોડી મંદિરમાં ઘૂસ્યાં હતાં. આ દરમિયાન મંદિરમાં માતાજીને અર્પણ કરવામાં આવેલા લાખોના આભૂષણો તસ્કરો ચોરી ગયા હોવાનું સામે આવ્યું છે.

CCTV કેમેરામાં જોવા મળી રહ્યું છે કે એક તસ્કર મંદિર બહાર વોચ રાખી રહ્યો છે. ત્યારે બીજા તસ્કરે મોંઢે નકાબ બાંધી ગર્ભગૃહમાં પ્રવેશ કર્યો અને સૌપ્રથમ માતાજીની સામે પડેલી કીમતી પાદુકાઓ ચોરી પોતાના ખિસ્સામાં મૂકી. ત્યાર બાદ ત્યાં લાગેલું ચાંદીનું મોટું છત્ર ખેંચી તોડીને પોતાના સાથે લઈ ગયો હતો. ત્યાર બાદ માતાજીને પહેરાવવામાં આવેલા કીમતી આભૂષણો પણ તસ્કર ચોરી કરતો કેમેરામાં જોવા મળ્યો હતો.

સમગ્ર ચોરીની ઘટના અંગે જિલ્લા પંચાયતના પાંચોટ બેઠકના ડેલીકેટ મુકેશ પટેલે દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે તસ્કરોએ એક અઠવાડિયામાં આ બીજી ચોરી કરી છે. વેરાઈ માતાજીના મંદિરમાં માતાજીને ચડાવવામાં આવેલું ચાંદીનું છત્ર અને ચાર કીમતી પાદુકાઓ ચોરી ગયા હતા, જેમાંથી એક પાદુકા રાત્રિના નાસભાગ દરમિયાન મંદિર પરિસરમાં પડી ગઈ હતી. સમગ્ર ચોરીની ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસ ફરિયાદ નોંધાયા બાદ જાણી શકાશે કે તસ્કરો કેટલાની અને શું શું ચોરી ગયા છે. હાલમાં તો ચોરીની ઘટના મંદિરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

## કિરીટ પટેલની કોમેન્ટ્સનો લવિંગજીનો જવાબ- મિસ્ટર કિરીટભાઈ, તમે દારૂ પીને પડ્યા રહો છો, ન બોલવાનું બોલો છો

# 'રાધનપુરની જનતા નાચવાવાળા ધારાસભ્ય લાવી'

(એજન્સી) પાટણ | તા 03

પાટણના રાધનપુરમાં યોજાયેલી કોંગ્રેસની જન આક્રોશ રેલીમાં ગઈકાલે કોંગ્રેસના આગેવાનો સામસામે આવ્યા બાદ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ છે. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોરનું નામ લીધા વગર કહ્યું હતું કે 'રાધનપુરની જનતા બોલવાવાળા ધારાસભ્યને કાઢીને નાચવાવાળા લાવી છે.' કિરીટ પટેલના આ નિવેદન બાદ લવિંગજી ઠાકોરે સવાલ કરતાં જણાવ્યું કે 'કિરીટભાઈ, તમે શું કરો છો એ બધી ખબર છે, તમે દારૂ પીને પડ્યા રહો છો અને ન ખાવાનું ખાવ છો. ગઈકાલે રાધનપુરમાં કોંગ્રેસની જન આક્રોશ રેલી દરમિયાન યોજાયેલી સભામાં પાટણના ધારાસભ્ય



કિરીટ પટેલે લવિંગજી ઠાકોરનું નામ લીધા વગર જણાવ્યું હતું કે તમે રાધનપુરના બધા લોકોએ એક સારું કામ કર્યું છે, તમે બધા બોલવાવાળા ધારાસભ્યને કાઢીને નાચવાવાળા ધારાસભ્યને લાવ્યા છો. હવે તમારે ફરીથી બોલવાવાળા ધારાસભ્યને રાખવાના છે કે નાચવાવાળાને? તમારે તમારા પ્રશ્નો વિધાનસભામાં રજૂ કરી શકે એવા ધારાસભ્યની જરૂર છે કે વરઘોડામાં નાચીને તમને ખુશ કરે એવા ધારાસભ્યની જરૂર છે? કિરીટ પટેલના આ નિવેદનને લઈને રાધનપુરના ભાજપના ધારાસભ્ય લવિંગજી ઠાકોરે જણાવ્યું હતું કે ગઈકાલે મારા વિસ્તારમાં કોંગ્રેસવાળા જન આક્રોશ રેલી લઈને આવ્યા હતા. શરૂઆતમાં રઘુભાઈને જિતાડવાની વાત કિરીટ ભાઈએ કરી તો તેમની જ સભામાં આક્રોશ ફાટી નીકળ્યો હતો અને તેમને ચાલુ ભાષણે રોકવામાં આવ્યા હતા. કિરીટ પટેલે મને લઈને કહ્યું હતું કે તમારે નાચવાવાળા ધારાસભ્ય જોઈએ છે કે નાચવાવાળા.. તો મારે તેમને કહેવું છે કે હું તો નાનપણથી ભજનનો માણસ છું, સત્સંગનો માણસ છું. ભારતની સંસ્કૃતિ જાળવી રાખવી અમારી ફરજ છે.

લવિંગજી ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે મિસ્ટર કિરીટભાઈ, તમે શું કરો છો એ તમારા આત્માને પૂછજો, કારણ કે મને ખબર છે કે તમે શું કરો છો.

# રાજકોટમાં 300 વાહનચાલકોએ 50થી વધુ વખત ટ્રાફિક નિયમોનો ભંગ કર્યો...

(એજન્સી) રાજકોટ | તા. 03

ટ્રાફિકના નિયમોનો ભંગ કરવામાં રાજકોટવાસીઓ મોખરે હોય તેવા આંકડાઓ સામે આવ્યા છે. રાજકોટ આરટીઓ કચેરીમાં રજીસ્ટર થયેલા ટુ વ્હીલર અને ફોર વ્હીલર સહિત 300થી વધુ વાહનો એવા છે કે જેના ઉપર ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ 50થી વધુ વખત ઈ મેમો મોકલવામાં આવેલા છે અને ઈ ચલણ મોકલ્યા બાદ પણ આ વાહન ચાલકોએ દંડની ભરપાઈ કરી નથી.

જેમાં અમુક વાહનચાલકો તો એવા છે કે જેઓને એક જ વાહન નંબર પર 80 જેટલા ઈ મેમો નોટિસ સ્વરૂપે મોકલવામાં આવેલા છે. જેથી આવા વાહન ચાલકો સામે રાજકોટ શહેર ટ્રાફિક શાખાએ લાલ આંખ કરી હોય તેમ તેઓના લાયસન્સ રદ કરવા માટેનો પત્ર આરટીઓ કચેરીને લખ્યો છે.

રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી હરપાલસિંહ જાડેજાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજકોટ RTOમાં રજીસ્ટર થયેલા 300થી વધુ વાહન ચાલકો વારંવાર ટ્રાફિક નિયમોનો ભંગ કરી વાયોલેશન ઉભુ કરી રહ્યા છે. જેથી RTOએ તેઓને વાહન ચલાવવા માટેનું જે લાયસન્સ આપ્યું છે તે રદ કરી દેવું જોઈએ. વારંવાર ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહન ચાલકોને નિયમ મુજબ વાહન ચલાવતા આવડતું નથી જેથી તેનું લાઈસન્સ રદ જ કરી દેવું જોઈએ. આ બાબતે આરટીઓ કચેરીને પત્ર લખવામાં આવ્યો છે જેથી તેમના દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

જ્યારે આ બાબતે રાજકોટ ઈન્ચાર્જ RTO અધિકારી કેતન ખપેડે જણાવ્યું હતું કે, જ્યારે કોઈ વ્યક્તિએ વારંવાર ટ્રાફિક નિયમોનો ભંગ કર્યા બાદ ચલણની ભરપાઈ ન કરી અને ઘણા બધા ઈ ચલણ એક જ વાહન ઉપર હોય તો તેવા વાહન માલિકોને વાહન નંબરના આધારે સર્ચ કરવામાં આવશે. ત્યારબાદ તેઓને નોટિસ આપવામાં આવશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**મિથુન : ક. છ. ઘ.**

જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારા જીવનસાથીની તબિયત ચિંતાનું કારણ બની શકે છે તથા તબીબી મદદની જરૂર પડશે.

**કર્ક : ડ. હ.**

પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું.

**સિંહ : મ. ટ.**

મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**કન્યા : પ. ઠ. ણ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ, લાલચ, જોડાણ, અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂ હશે.

**તુલા : ર. ત.**

ઘરની કોઈક ચીજ-વસ્તુ સાથે બેદરકારીપૂર્વક કામ લેવાથી તમારી માટે સમસ્યા નિર્માણ થઈ શકે છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.

**વૃશ્ચિક : ન. ય.**

સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જ્યારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. લમે જેમની સાથે રહો છો.

**મકર : ખ. જ.**

વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે. હા, તમે જ એ નસીબવંત છો. તમારા અભિગમમાં ઈમાનદાર અને ચોકસાઈ ભર્યા.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો- અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે.

---

કારમાં ગૂંગળામણથી મૃત્યુ અટકાવવા ઓટોમેટિક એલર્ટ સિસ્ટમની પેટન્ટ બુક

# તળાજાના ધોરણ સાતનો વિદ્યાર્થી લાવ્યો કારમાં ઓક્સિજન સંકટનો રામબાણ ઉપાય

ભાવનગર : ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં આવેલી પાવઠી ગામની સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૭ના એક વિદ્યાર્થીએ એવી અદ્ભુત ટેકનોલોજી વિકસાવી છે, જે હવે બંધ કારમાં ગૂંગળામણથી થતા મૃત્યુના બનાવોને ભૂતકાળ બનાવી દેશે. પોતાના જ સહપાઠી બે મિત્રોના કારમાં ગૂંગળાઈ જવાના કરુણ મૃત્યુથી હૃદય હચમચી જતાં, આ કિશોર યાજ્ઞિક પંડ્યાએ ભવિષ્યમાં કોઈ બાળક આ રીતે જીવ ન ગુમાવે તે માટે પિતાની મદદથી એક ઓટોમેટિક ઓક્સિજન મેન્ટેનન્સ અને એલર્ટ સિસ્ટમની શોધ કરી છે, જેની ભારતીય પેટન્ટ ઑફિસમાં નોંધ પણ થઈ ચૂકી છે.



તળાજાના પાવઠી ગામે એક અત્યંત દુઃખદ ઘટના બની હતી, જેમાં યાજ્ઞિકના ક્લાસમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ કારમાં રમતા હતા. કારના તમામ કાચ બંધ થઈ ગયા અને ગાડી લોક થઈ જતાં અંદર ઓક્સિજન વાયુની તીવ્ર ઘટ્ટ ઊભી થઈ. આ ઓક્સિજનની કમીના કારણે બંને માસૂમ બાળકોના ગૂંગળાઈ જવાના કારણે મૃત્યુ થયા હતા. આ કરુણ ઘટનાએ માત્ર ધોરણ-૭માં અભ્યાસ કરતા યાજ્ઞિકના મનને ઊંડો આઘાત પહોંચાડ્યો હતો.આ ઘટનામાંથી બોધપાઠ લઈને, યાજ્ઞિકે નક્કી કર્યું કે આ પ્રકારનો અકસ્માત ફરી ક્યારેય ન થવો જોઈએ. તેણે તેના ગણિત-વિજ્ઞાનના શિક્ષક અને પિતા માધવભાઈ પંડ્યાને સાથે રાખીને આ દિશામાં કામ શરૂ કર્યું. પિતાની ટેકનોલોજીની જાણકારી અને પુત્રની તીવ્ર જિજ્ઞાસાએ મળીને એક અનોખા આવિષ્કારને જન્મ આપ્યો.યાજ્ઞિક પંડ્યાએ વિકસાવેલી આ નવી ટેકનોલોજી કારમાં ઓક્સિજન નું સ્તર જાળવવા માટે એક ક્રાંતિકારી પગલું છે. આ સિસ્ટમ કારના આંતરિક તાપમાન, ગાડીમાં થતી હલનચલન અને કારની અંદરની હવા ગુણવત્તા (એર ક્વોલિટી) પર સતત નજર રાખે છે. કારમાં ગૂંગળામણથી મૃત્યુ અટકાવવા નું સોલ્યુશન શોધવામાં યાજ્ઞિકે મેળવેલી આ સફળતાની નોંધ માત્ર સ્થાનિક સ્તરે જ નહીં, પણ રાજકીય સ્તરે પણ લેવામાં આવી છે. તળાજાના ધારાસભ્ય ગૌતમ ચૌહાણે આ સિદ્ધિને બિરદાવતા કેન્દ્ર સરકારના રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ વિભાગને પત્ર લખ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તેમણે પત્રમાં રજૂઆત કરી છે કે સરકારે આ દિશામાં કાર્યવાહી કરીને યાજ્ઞિકે વિકસાવેલી ટેકનોલોજીને અકસ્માતો અટકાવવાના ઉપાય તરીકે ધ્યાનમાં લેવી જોઈએ. નાની ઉંમરે યાજ્ઞિક પંડ્યા દ્વારા કરવામાં આવેલી આ મોટી શોધ, વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ગુજરાતના યુવાઓની ક્ષમતાનો સચોટ પુરાવો છે.

---

કચરાપેટીની યોગ્ય વ્યવસ્થા ગોઠવવી જરૂરી

## ગંદકીના ગંજ જામ્યા ઉમરાળામાં કચરાના નિકાલની સમસ્યા કાયમી બની

ઉમરાળા : ઉમરાળા તાલુકામાં કચરાના કાયમી નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે સમગ્ર વિસ્તારમાં ઠેર ઠેર ગંદકીના ગંજ જામી રહ્યા છે. ગ્રામ પંચાયત દ્વારા કચરો એકઠો કરવાના સમયપત્રક અને સંચાલનની ખામીના કારણે ઉમરાળામાં કચરાના નિકાલની સમસ્યા એ હવે સ્થાનિક જીવનની એક કાયમી તાસીર બની ગઈ છે. સ્થાનિકો દ્વારા ચોક્કસ સ્થળો પર કચરાપેટી મૂકવા સહિત નિયમિત બે ટાઈમ સફાઈ કરાય તેવી તાત્કાલિક માંગણી ઉઠી છે.ઉમરાળા ગામના અનેક રસ્તાઓના ખૂણે-ખાંચરે કચરો જોવા મળવો અને ગટરની કુંડીઓનું અવારનવાર ઉભરાવવું એ હવે સામાન્ય બાબત થઈ પડી છે. જોકે, કેટલાક વિસ્તારોમાં આ સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. કાળુભાર નદી



કાંઠા પરના ગઢના રસ્તા પર ઠેર ઠેર કચરાનાં ગંજ કાયમી સમસ્યા છે. આ સમસ્યાથી કાળુભાર નદી કાંઠાની ગંદકી હવે પર્યાવરણ માટે જોખમી બની રહી છે. પૂર્વ દરવાજા નજીક આવેલ મહિલાઓ માટેના જાહેર સ્નાનગૃહના પ્રવેશ દ્વારની બરાબર આગળના ભાગમાં કાયમ કચરાના ઢગલા જામેલા રહે છે, જેના કારણે મહિલાઓ માટે સ્વચ્છતાની સુવિધા મેળવવી પણ મુશ્કેલ બની છે.સ્થાનિક સત્તાવાળાઓની બેદરકારીના કારણે આ ગંદકીના ઢગલા રોગચાળાને આમંત્રણ આપી રહ્યા છે.

---

ગ્રામ પંચાયતની કાર્યવાહી સફળતાપૂર્વક પૂર્ણ

## ઉમરેઠના ખાખણપુરા રોડ પરના દબાણો હટાવાયા ૬ કાચા પાકા દબાણો જેસીબીથી દૂર

આણંદ : ઉમરેઠ તાલુકાના ખાખણપુરા ગામે જાહેર માર્ગો પર વધી ગયેલા દબાણોને કારણે સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. દબાણોના લીધે માર્ગ પર વાહનવ્યવહાર અવરોધ થતો હોવાની ફરિયાદો ઉઠ્યા બાદ, મોડે મોડે પણ પંચાયત તંત્ર જાગ્યું અને યુદ્ધના ધોરણે કાર્યવાહી હાથ ધરીને દબાણો હટાવ્યા છે. આ ઝુંબેશ હેઠળ કુલ છ જેટલા દબાણો હટાવીને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.ખાખણપુરા ગામમાં મહુડી તરફ જતા મુખ્ય રસ્તા પર અને ગ્રામ પંચાયતની બરાબર સામેના ભાગે ઘણા લોકોએ ગેરકાયદેસર રીતે કાચાં-પાકાં દબાણો ઊભા કરી દીધા હતા. આ દબાણોના કારણે રસ્તો સાંકડો બની ગયો હતો, જેનાથી વાહનવ્યવહારમાં ગંભીર અવરોધ ઊભો થતો હતો. ખાસ કરીને મોટા વાહનોની અવરજવર માટે આ સ્થળોએ ભારે મુશ્કેલી પડતી હતી.સ્થાનિકો દ્વારા વારંવાર ગ્રામ પંચાયત સમક્ષ આ દબાણો દૂર કરવા માટે રજૂઆતો કરવામાં આવી હતી, જેને પગલે પંચાયત તંત્રએ આખરે કડક નિર્ણય લીધો.

---

## દારૂની ૬૪૮૦ બોટલ અને ટેન્કર સહિત કુલ 30.31 લાખનો મુદ્દામાલ જપ્ત

આણંદ : આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસે વાસદ-તારાપુર હાઈવે માર્ગ ઉપર મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે બોચાસણ ટોલનાકા પાસે દારૂ ભરેલા એક ટેન્કરને ઝડપી પાડવામાં આવ્યું છે. પોલીસે ૨૦ લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો કબજે કરીને બે શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. આ કાર્યવાહીથી ગુજરાતમાં દારૂની ઘૂસણખોરીના મોટા નેટવર્કનો પર્દાફાશ થયો છે. આણંદ LCBની ટીમને નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, વાસદ તરફથી કાઠિયાવાડ તરફ એક ટેન્કરમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને લઈ જવામાં આવી રહ્યો છે.

---

૨૦ આખલા જપ્ત કરી ઢોર ડબ્બામાં પૂર્યા

## હાઈકોર્ટના ઠપકા બાદ મોડે મોડે મનપા જાગ્યું નડિયાદમાં રખડતા પશુઓ પકડાયા ૩૭૦ ઢોર ડબ્બે

નડિયાદ: નડિયાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી રખડતા પશુઓનો ત્રાસ અને તેના કારણે થતા અકસ્માતોએ માઝા મૂકી હતી. સતત વધી રહેલા અડફેટે લેવાના કિસ્સાઓ અને જાહેર માર્ગો પરના આખલા યુદ્ધના દ્રશ્યો વચ્ચે ગુજરાત હાઈકોર્ટના વારંવારના ઠપકા છતાં કાર્યવાહી ન કરનાર મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) નું તંત્ર આખરે નિદ્રામાંથી જાગ્યું છે. તાજેતરમાં એક યુવકને આખલાએ ફંગોળ્યા બાદ મનપાની ટીમ સફાળી જાગી અને રખડતા ઢોર સામે મેગા ઓપરેશન હાથ ધર્યું.નડિયાદના મુખ્ય માર્ગો પર રખડતા ઢોરના અડિંગાએ શહેરના ટ્રાફિક અને સુરક્ષા વ્યવસ્થાને જોખમમાં મૂકી દીધી હતી. પીજ રોડ પર તો સતત ત્રણ વખત આખલાઓ વચ્ચેના યુદ્ધના દ્રશ્યો સામે આવ્યા હતા. ગત રોજ એક યુવકને આખલાએ ફંગોળ્યાની ઘટના બન્યા બાદ તંત્ર પર દબાણ વધ્યું હતું. મોટી કાર્યવાહી: મનપાની ટીમે તાત્કાલિક ધોરણે કાર્યવાહી શરૂ કરી, જેના ભાગરૂપે કુલ ૩૭૦ ઢોર અને ૨૦ આખલા જપ્ત કરીને તેમને ઢોર ડબ્બામાં પૂર્યા છે.

---

૫૯ હજાર ખેડૂતો વળતરની રાહમાં

## ૬૮,૦૦૦ અરજી સામે માત્ર 30,000 અરજી જ મંજૂર આણંદમાં પાક નુકસાની સહાય ની પ્રક્રિયા ધીમી

(એજન્સી) આણંદ | તા.03

આણંદ જિલ્લામાં ઓક્ટોબર મહિનામાં થયેલા ભારે વરસાદે ખંભાત, તારાપુર અને પેટલાદ સહિતના તાલુકાઓમાં ચોમાસુ પાકનું સંપૂર્ણ ધોવાણ કરી નાખ્યું હતું. રાજ્ય સરકારે ખેડૂતો માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું હોવા છતાં, આણંદ જિલ્લાના ખેડૂતોને સહાય મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જિલ્લા ખેતીવાડી અધિકારી ચિંતન પટેલના જણાવ્યા મુજબ, આણંદમાં પાક નુકસાની સહાય માટે અત્યાર સુધીમાં કુલ ૬૮,૦૦૦ ખેડૂતોએ અરજી કરી છે. જોકે, આમાંથી માત્ર ૩૦,૦૦૦ અરજી જ મંજૂર કરવામાં આવી છે. ૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીના આંકડા મુજબ, મંજૂર કરાયેલી અરજીઓમાંથી પણ માત્ર ૯,૦૭૧ ખેડૂતોને જ રૂ. ૧૪.૭૦ કરોડની સહાય ચૂકવાઈ છે.

ઓક્ટોબરના ભારે વરસાદથી ડાંગર, તમાકુ, શાકભાજી અને ઘાસચારો સહિતના પાકને ભારે નુકસાન થયું હતું. જિલ્લા ખેતીવાડી વિભાગે ૧૫૦થી વધુ ગ્રામ સેવકોની ટીમો દ્વારા ૮૨ હજાર હેક્ટર જમીનમાં નુકસાન થયું હોવાનો અંદાજ મેળવ્યો હતો, અને ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. ૨૨,૦૦૦ (વધુમાં વધુ બે હેક્ટર માટે રૂ. ૪૪,૦૦૦) ની સહાય આપવાની જાહેરાત કરાઈ હતી. જિલ્લામાં કુલ ૬૮,૦૦૦ અરજીઓ મળી છે, પરંતુ માત્ર ૯,૦૭૧ ખેડૂતોને જ સહાય ચૂકવવામાં આવી છે. આનો અર્થ છે કે ૫૯ હજાર જેટલા ખેડૂતો હજુ પણ વળતરની રાહ જોઈ રહ્યા છે. આ વિસંગતતા ખેડૂતોમાં ભારે નિરાશા જન્માવી રહી છે.ખેડૂતો માટે ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ ૫ ડિસેમ્બર, ૨૦૨૫ છે અને હવે માત્ર ચાર દિવસ જ બાકી છે. આટલો ઓછો સમય બાકી હોવા છતાં, સહાયથી વંચિત રહેલા ખેડૂતોના જણાવ્યા મુજબ, રાજ્ય સરકારના ખેડૂત પોર્ટલના સર્વર ધાંધિયા ના કારણે ઓનલાઈન અરજી કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. કેટલાક ગામોમાં ગ્રામ સેવકો સમયસર હાજર ન રહેતા હોવાથી ખેડૂતોને તેમની અરજીઓની મંજૂરી મેળવવામાં પણ તકલીફો પડી રહી છે.સમય મર્યાદા નજીક હોવા છતાં સહાયની ધીમી પ્રક્રિયા અને તકનીકી અવરોધોના કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ખેડૂતો માંગ કરી રહ્યા છે કે પોર્ટલની સમસ્યા તાત્કાલિક દૂર કરવામાં આવે અને ગ્રામસેવકો વહેલી તકે અરજીઓ મંજૂર કરીને બાકી રહેલા ૫૯ હજાર ખેડૂતોને ઝડપથી સહાય ચૂકવવામાં આવે.

---

૪ જેસીબી ૩ ડમ્પર અને રેતી ચાળવાના સાધનો સાથે ૧૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

## ભાવનગરના ભેસવડી ગેરકાયદે ખનન પર તવાઈ ૪ જેસીબી ૩ ડમ્પર સીઝ

(એજન્સી) ભાવનગર | તા.03

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ભેસવડી ગામે નવાગામના ખનન માફિયાઓ દ્વારા બેફામ રીતે ચલાવાતી ગેરકાયદે ખનન પ્રવૃત્તિઓ સામે ભૂસ્તરશાસ્ત્રી-ભાવનગરની ટીમે આજે મંગળવારે સપાટો બોલાવ્યો હતો. લાંબા સમયથી મળતી ફરિયાદોના આધારે તપાસ ટીમે આકરો દરોડો પાડી ૧.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરીને માફિયાઓના મનસૂબા પર પાણી ફેરવી દીધું હતું. આ કાર્યવાહીથી ખનન માફિયાઓ સામે કાર્યવાહી થતા ગેરકાયદે ખનીજ ચોરી પર અંકુશ મેળવવાના પ્રયાસોને વેગ મળ્યો છે.ભૂસ્તરશાસ્ત્રી બી.એમ. જાલોંધરાની તપાસ ટીમે તળાજાના ભેસવડી ગેરકાયદે ખનન ના અડ્ડા પર દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન ત્રણ અલગ અલગ સ્થળોએ ગેરકાયદે ખનન પ્રવૃત્તિ થતી હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવ્યું હતું. તપાસ ટીમે ઘટનાસ્થળેથી તાત્કાલિક ખનીજ ચોરીમાં વપરાતા તમામ સાધનો સીઝ કરવાની



કાર્યવાહી હાથ ધરી હતી.જેસીબી (JCB): કુલ ૪ જેસીબી મશીન જપ્ત કરવામાં આવ્યા, જેમાં યોગરાજસિંહ વખતસિંહ ગોહિલ (રહે, નવાગામ)ની માલિકીના નં. જીજે.૦૪.સીએફ.૧૦૧૫ અને જીજે.૩૬.એસ.૯૦૮૨, તથા વિજયસિંહ પરબતસિંહ ગોહિલ (રહે, નવાગામ)ની માલિકીના નં. જીજે.૦૪. સીએફ.૫૪૧૮ અને જીજે.૦૪.સીએ.૧૮૧૮ નો સમાવેશ થાય છે.ડમ્પર કુલ ૩ ડમ્પર જપ્ત કરાયા, જેમાં વિજયસિંહની માલિકીના નં. જીજે.૦૫.બીવી.૬૮૫૧ અને જીજે.૨૩.ડબ્લ્યુ.૬૮૫૧ તેમજ યોગરાજસિંહની માલિકીનું નં. જીજે.૩૬.ટી.૯૮૧૮ નો સમાવેશ થાય છે. રેતી ચાળવાના ચારણા, તેને સંલગ્ન સામગ્રી અને રેતી/ગ્રેવલ ખનીજનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો. તમામ જપ્ત કરાયેલા સાધનો અને ખનીજ જથ્થાની કુલ કિંમત આશરે સવા કરોડ રૂપિયા (રૂ. ૧.૨૫ કરોડ) આંકવામાં આવી છે, જેને સીઝ કરીને અલંગ પોલીસ સ્ટેશન ખાતે સોંપી દેવામાં આવ્યો છે.

ભૂસ્તરશાસ્ત્રી બી.એમ. જાલોંધરાએ સ્પષ્ટતા કરી હતી કે આ કાર્યવાહી માત્ર મુદ્દામાલ જપ્ત કરવા પૂરતી સીમિત નથી. ખનન માફિયાઓ સામે કાર્યવાહી ના ભાગરૂપે યોગરાજસિંહ વખતસિંહ ગોહિલ અને વિજયસિંહ પરબતસિંહ ગોહિલ સામે નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ આગળ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. ભેસવડી ગેરકાયદે ખનન મામલે આ દરોડાએ રાજ્ય સરકારની ખનીજ ચોરીને નાથવાની પ્રતિબદ્ધતાને પુનઃસ્થાપિત કરી છે.

---

## મનપા ફરી ઊંઘમાં આણંદ જીટોડીયા માર્ગ પર ગંદકીનું સામ્રાજ્ય

(એજન્સી) આણંદ | તા.03

આણંદ જિલ્લામાં તાજેતરમાં યોજાયેલી 'એકતા યાત્રા'ના માર્ગ પર યુદ્ધના ધોરણે સફાઈ અને રંગરોગાન કરાયા બાદ હવે ફરીથી એ જ વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. કરમસદ-આણંદ મહાનગરપાલિકાનું તંત્ર નેતાઓએ કામગીરી જોઈ ગયા બાદ આંખ આડા કાન કરતું હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવ્યું છે, જેના કારણે આણંદ જીટોડીયા માર્ગ પર ગંદકીનો પ્રશ્ન ફરી વકર્યો છે.સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે ૨૬ નવેમ્બરના રોજ એકતા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા આણંદથી જીટોડીયા થઈને નાવલીથી ઉમેટા સુધી પસાર થઈ હતી.યાત્રાના આગમન પહેલાં તંત્ર દ્વારા આણંદથી જીટોડીયા સુધીના રસ્તાની ખૂબ જ સાફ-સફાઈ અને રંગરોગાન કરવામાં આવ્યું હતું, જે માત્ર નેતાઓ અને મહેમાનોને સારો દેખાવ કરાવવા પૂરતું જ સીમિત હોય તેવું સ્પષ્ટ થાય છે.

---

પેટ્રોલ પંપ નજીક નડ્યો કરૂણ અકસ્માત

## કલર કામથી પરત આવતા યુવાનને કાળ ભરખી ગયો ગઢડા બોટાદ રોડ અકસ્માત ની કરુણ ઘટના

(એજન્સી) ગઢડા | તા.03

ગઢડાના સિપાઈ સોસાયટી વિસ્તારમાં રહેતા એક પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હોય તેવી કરુણ ઘટના સામે આવી છે. પોતાનું કલરકામ પૂર્ણ કરીને પરત ઘરે આવી રહેલા બે સગા ભાઈઓ પૈકી એક યુવાનનું ગઢડા બોટાદ રોડ અકસ્માત (Gadhada Botad Road Akasmat) માં કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે બીજો ભાઈ ઈજાગ્રસ્ત થયો હતો. આ બનાવથી સિપાઈ સોસાયટી વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.મળતી વિગતો મુજબ, ગઢડાની સિપાઈ સોસાયટીમાં રહેતા યુનુસભાઈ ઉસ્માનભાઈ ભટ્ટીના બે પુત્રો, અસીમભાઈ અને સલમાનભાઈ, પોતાનું મોટરસાયકલ (નંબર GJ 33 J 4664) લઈને બોટાદ ખાતેથી કલરકામ પૂર્ણ કરીને પોતાના ઘર તરફ પરત કલર કામ કરીને પરત ફરતા ભાઈઓ હતા. ઘર તરફ આવી રહ્યા હતા તે દરમિયાન, ગઢડા બોટાદ રોડ પર આવેલા પેટ્રોલ પંપ નજીક કાળ બનીને ધસી આવેલા એક અજાણ્યા વાહન ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવીને તેમની મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી દીધી હતી.આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક પર સવાર બંને ભાઈઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંને ઈજાગ્રસ્ત યુવાનોને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર મળે તે પહેલાં જ અસીમનું કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે સલમાનભાઈને ઈજાઓ થવાથી સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. યુવાનનું મોત અજાણ્યા વાહન ની અડફેટે થતા સમગ્ર ભટ્ટી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.આ ઘટના બન્યા બાદ અકસ્માત સર્જીને વાહન ચાલક પોતાનું વાહન લઈને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

---

છોટાઉદેપુરમાં ખાતરની અછત

## ખેડૂતો કડકડતી ઠંડીમાં રાત્રે 3 વાગ્યાથી લાઇનોમાં ઊભા રહેવા મજબૂર



(એજન્સી) છોટાઉદેપુર | તા.03

છોટાઉદેપુર જિલ્લામાં શિયાળુ પાકના વાવેતર બાદ હવે પાકને ખાતરની જરૂરિયાત ઊભી થઈ છે, ત્યારે જિલ્લામાં ફરી એકવાર ખાતરની અછત સર્જાતા ધરતીપુત્રો મુશ્કેલીમાં મૂકાયા છે. મકાઈના પાકને બચાવવા માટે ખેડૂતો રાત-દિવસ એક કરીને ખાતર મેળવવા માટે ફાંફા મારી રહ્યા છે. આજે વહેલી સવારથી જ છોટાઉદેપુરના 'પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર' (IFFCO) બહાર ખેડૂતોની લાંબી કતારો જોવા મળી હતી. કડકડતી ઠંડી હોવા છતાં ખેડૂતો રાત્રે 3 વાગ્યાથી લાઇનમાં ઊભા રહીને ખાતર મળવાની આશા રાખી રહ્યા છે. જોકે, અનેક ધક્કા ખાવા છતાં ખાતર ન મળતાં ખેડૂતોમાં ભારે રોષ અને નિરાશા જોવા મળી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર છોટાઉદેપુર જિલ્લાના વિવિધ ખાતર ડેપો પર ખાતર મેળવવા માટે ખેડૂતોની લાંબી કતારો જોવા મળી રહી છે. પરિસ્થિતિ એટલી વિકટ છે કે ખેડૂતોને ખાતરની એક થેલી મેળવવા માટે અડધી રાતથી જ લાઇનમાં ઊભા રહેવાની ફરજ પડી છે. રાત્રિ દરમિયાન લાઇન લગાવ્યા બાદ પણ ઘણા ખેડૂતોને ખાતર મળશે કે કેમ તે અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

---

માર્કેટ વેલ્યૂ મુજબ રૂ. ૯૯ લાખની કિંમતના ૯૩ છોડ જપ્ત વાડી માલિકની પૂછપરછ શરૂ

# રાણપુરના ખેતરમાં પર્દાફાશ કપાસની આડમાં ગાંજાનું વાવેતર ઝડપાયું કરોડોનો જથ્થો જપ્ત

(એજન્સી) ભાવનગર | તા.03

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકામાં નશીલા પદાર્થોની ખેતીનો મોટો કૌભાંડ સામે આવ્યો છે. ગાંધીનગર સ્થિત સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો પડતાં નાની વાવડી ગામની સીમમાં આવેલી એક વાડીમાંથી કપાસના છોડની આડમાં છુપાવેલું લીલા ગાંજાનું વાવેતર ઝડપાયું છે. આ દરોડામાં આશરે રૂ. ૯૯ લાખની કિંમતના ૯૩ છોડ જપ્ત કરવામાં આવ્યા છે.સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ જ્યારે બોટાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી, તે દરમિયાન સૂત્રો પાસેથી ચોક્કસ બાતમી મળી હતી કે, રાણપુર તાલુકાના નાની વાવડી ગામની સીમમાં આવેલી એક વાડીમાં કપાસની આડમાં ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું છે. બાતમીની ખરાઈ કર્યા બાદ, સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી વાડીને ચારેય બાજુથી કોર્ડન કરી



લીધી હતી અને દરોડો પાડ્યો હતો. ખેતરમાં તપાસ કરતા કપાસના વાવેતરની વચ્ચે લીલા ગાંજાના છોડ છુપાવેલા મળી આવ્યા હતા.દરોડા દરમિયાન કપાસની આડમાં ગાંજાનું વાવેતર કરનારા વાડી માલિક અજીતસિંહ બારડની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓએ કુલ મળીને ૯૩ લીલા ગાંજાના છોડ જપ્ત કર્યા, જેનું કુલ વજન ૧૯૮ કિલોગ્રામ હતું.માર્કેટ વેલ્યૂ મુજબ આ જથ્થાની કિંમત રૂ. ૯૯ લાખ જેટલી આંકવામાં આવી છે.સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા અજીતસિંહ બારડ વિરુદ્ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સિસ (NDPS) અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાણપુર પોલીસ મથકના પીઆઈ એસ.એ. પટેલે આ બનાવને સમર્થન આપ્યું હતું. પોલીસ દ્વારા હાલ ઝડપાયેલા શખ્સની ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરવામાં આવી છે. પોલીસનું મુખ્ય ધ્યાન એ દિશામાં છે કે આટલી મોટી સંખ્યામાં ગાંજાનું વાવેતર કોના ઈશારે થતું હતું અને આ ગાંજો ક્યાં ક્યાં સપ્લાય કરવામાં આવતો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો એ સાબિત કરે છે કે ગુજરાતમાં નશીલા પદાર્થોના વેપાર પર કડક નજર રાખવામાં આવી રહી છે. રૂ. ૯૯ લાખની કિંમતના ૯૩ છોડ જપ્ત થવાથી યુવાધનને બરબાદી તરફ ધકેલતા આ નેટવર્કના મૂળ સુધી પહોંચવાની પોલીસની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.

---

દુષ્કૃત્યનો મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો

## ભાદરણની ખ્યાતનામ સંસ્થામાં શરમજનક કૃત્ય સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યમાં સંડોવાયેલા વિદ્યાર્થીઓ પકડાયા

આણંદ : આણંદ જિલ્લાના ભાદરણ પંથકમાં આવેલી એક પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાની હોસ્ટેલમાંથી માનવતાને શરમાવે તેવી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ધોરણ ૮માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓએ અન્ય ચાર સહપાઠીઓની મદદગારીથી ધોરણ ૬ના એક માસૂમ વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આ કૃત્યમાં સંડોવાયેલા તમામ વિદ્યાર્થીઓને જુવેનાઇલ બોર્ડમાં રજૂઆત કરી છે, જ્યાં આ વિદ્યાર્થીઓના ભવિષ્ય અંગે નિર્ણય લેવામાં આવશે.આ ઘટના થોડા દિવસો અગાઉ ભાદરણ પંથકની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાની હોસ્ટેલમાં બની હતી.ધોરણ ૮ના બે વિદ્યાર્થીઓએ ધોરણ ૬ના વિદ્યાર્થીને પ્રથમ લાલચ આપી અને ત્યારબાદ ધમકી આપીને તેની સાથે અકુદરતી કૃત્ય કર્યું હતું.

તપાસમાં સામે આવ્યું છે કે ધોરણ ૮ના બે મુખ્ય આરોપી ઉપરાંત, ધોરણ ૮ અને ધોરણ ૭ના અન્ય ચાર જેટલા વિદ્યાર્થીઓની પણ આ કૃત્યમાં મદદગારી હતી. આમ, કુલ છ વિદ્યાર્થીઓની સંડોવણી ખૂલી છે.આ શરમજનક ઘટના બાદ ભાદરણ હોસ્ટેલમાં દુષ્કૃત્ય નો મામલો ચકચાર જગાવી રહ્યો છે.પીડિત વિદ્યાર્થીને ગુપ્ત ભાગે અસહ્ય દુખાવો થતાં તેણે પોતાના વર્ગ શિક્ષકને આ વાતની જાણ કરી હતી. શિક્ષકે તાત્કાલિક વિદ્યાર્થીના વાલીને બોલાવીને સમગ્ર હકીકત જણાવી હતી.

### પેટ્રોલ-ડીઝલ, ઈલેક્ટ્રોનિક્સ મોંઘા થશે; FIIના આઉટફ્લો વચ્ચે RBIના પગલાં પર નજર

# ઈતિહાસમાં પહેલીવાર ડોલર સામે રૂપિયો 90 ને પાર: ભારતીય કરન્સી ઓલ ટાઈમ લૉ પર

(એજન્સી) મુંબઈ/નવી દિલ્હી | તા 03



ભારતીય ચલણ બજારમાં આજે સવારે એક મોટો અને ચિંતાજનક આંચકો જોવા મળ્યો છે. અમેરિકન ડોલર સામે રૂપિયો પ્રથમ વખત 90 પ્રતિ ડોલરના સ્તરને પાર (Dollar Same Rupiyo 90 Ne Paar) કરી ગયો છે, જે અત્યાર સુધીનું ભારતીય કરન્સી ઓલ ટાઈમ લૉ (Bharatiya Currency All Time Low) લેવલ છે. બજાર ખુલતાની સાથે જ રૂપિયા પર વેચવાલીનું ભારે દબાણ જોવા મળ્યું હતું, જેના કારણે ભારતીય રૂપિયો ઈતિહાસના સૌથી મોટા ઘટાડાનો દિવસ લઈને આવ્યો છે. ારતીય રૂપિયો ૮૯.૮૭ પ્રતિ ડોલરના અગાઉના બંધ સામે ૮૯.૯૭ પર ખુલ્યો હતો, પરંતુ થોડી જ વારમાં તે ગગડીને 90.14/$ ના ઓલ-ટાઈમ નીચલા સ્તરે પહોંચી ગયો હતો. રૂપિયાના આ રેકોર્ડબ્રેક ઘટાડા પાછળ વૈશ્વિક અને સ્થાનિક એમ બંને પરિબળો જવાબદાર છે.ડોલર ઈન્ડેક્સમાં તેજી: વૈશ્વિક સ્તરે અમેરિકન ડોલર સતત મજબૂત થઈ રહ્યો છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને અમેરિકાની આર્થિક નીતિઓ વચ્ચે રોકાણકારો સુરક્ષિત રોકાણની શોધમાં ડોલર તરફ વળ્યા છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) ભારતીય બજારમાંથી સતત નાણાં પાછા ખેંચી રહ્યા છે. જ્યારે FII સતત વેચાણ કરે છે, ત્યારે ડોલરની માંગ વધે છે અને રૂપિયો સ્વાભાવિક રીતે નબળો પડે છે. વ્યાજદરો પરની અટકળો અને વિશ્વના ઘણા ભાગોમાં તણાવે વૈશ્વિક અનિશ્ચિતતાનું વાતાવરણ બનાવ્યું છે, જેણે ડોલરને વધુ મજબૂત બનાવી દીધો છે. રૂપિયાનું ૯૦ના મનોવૈજ્ઞાનિક સ્તરને પાર જવું એ બજારમાં વિશ્વાસના બદલાવનો સંકેત આપે છે અને તેની સીધી અસર સામાન્ય નાગરિકોના ખિસ્સા પર થશે. ભારત ક્રૂડ ઓઈલ અને અન્ય ઘણી ચીજવસ્તુઓની આયાત ડોલરમાં કરે છે. રૂપિયાના નબળા પડવાથી પેટ્રોલ-ડીઝલની કિંમત વધી શકે છે. મોબાઈલ, લેપટોપ, મશીનરી જેવા આયાતી ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય વસ્તુઓ મોંઘી થશે. વિદેશમાં અભ્યાસ કરવા કે ફરવા જનારા ભારતીયોનું બજેટ ખોરવાશે, કારણ કે તેમને હવે વધુ રૂપિયા ખર્ચીને ડોલર ખરીદવા પડશે. સામાન્ય રીતે જ્યારે ભારતીય કરન્સી ઓલ ટાઈમ લૉ લેવલે પહોંચે છે, ત્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ડોલર વેચીને બજારમાં દખલગીરી કરે છે, જેથી રૂપિયા પરનું દબાણ ઘટી શકે. જોકે, ૯૦ના સ્તરનું તૂટવું એ સૂચવે છે કે બજારમાં ડોલરની માંગ હાલમાં ખૂબ જ વધારે છે અને કેન્દ્રીય બેંકની દખલગીરીની અસર મર્યાદિત રહી છે.નિષ્ણાતોનું કહેવું છે કે જો વૈશ્વિક પરિબળો, ખાસ કરીને FII આઉટફ્લો (FII Outflow) અટકશે નહીં અને ડોલરનો વલણ મજબૂત જળવાઈ રહેશે, તો રૂપિયામાં વધુ ઘટાડો થવાની શક્યતા છે. બજાર હવે RBIના આગામી મોટા પગલાં અને વૈશ્વિક બજારોના વલણ પર નજર રાખી રહ્યું છે.

## શેરબજારમાં ત્રીજા દિવસે ઘટાડો:સેન્સેક્સ 31 પોઈન્ટ ઘટીને 85,107 પર બંધ

મુંબઈ : અઠવાડિયાના ત્રીજા ટ્રેડિંગ દિવસે, બુધવાર, ૩ ડિસેમ્બરે સેન્સેક્સ 31 પોઈન્ટ ઘટીને 85,107 પર બંધ થયો. આ દરમિયાન, નિફ્ટી 46 પોઈન્ટ ઘટીને 25,986 પર બંધ થયો.

સેન્સેક્સના 30 માંથી 20 શેર ઘટ્યા હતા. આજના કારોબારમાં ઓટો, એનર્જી અને એફએમસીજી શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે આઈટી અને બેંકિંગ શેરોમાં તેજી જોવા મળી હતી.

એશિયન બજારો: કોરિયાનો કોસ્પી 1.07% વધીને 4,037 પર, જાપાનનો નિક્કેઈ 1.13% વધીને 49,862 પર અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 1.02% ઘટીને 25,828 પર ટ્રેડ થઈ રહ્યા છે.

અમેરિકી બજારો: 2 ડિસેમ્બરે ડાઉ જોન્સ 0.39% વધીને 47,474 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ પણ 0.59% વધીને 23,414 પર અને S&P 500 0.25% વધીને 6,829 પર બંધ થયા.

2 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 3,642.30 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs) એ 4,645.94 કરોડની ખરીદી કરી.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી.

## ગ્રાહકની મંજૂરી વિના બેંક હવે ફી ન વસૂલી શકે ક્રેડિટ કાર્ડ ઓવરલિમિટ ફી પર RBIની બ્રેક

અમદાવાદ: ભારતમાં ક્રેડિટ કાર્ડનો વપરાશ કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે, પરંતુ તેની સાથે જ બેંકો દ્વારા વસૂલાતી મનસ્વી ફી અને ગ્રાહકોના વધતા દેવાના ભારણને લઈને ચિંતા ઉભી થઈ હતી. ખાસ કરીને ક્રેડિટ કાર્ડ ઓવરલિમિટ ફી પર RBIની બ્રેક લગાવતા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ગ્રાહકોના હિતમાં એક કડક અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. હવે બેંક ગ્રાહકની સ્પષ્ટ પરવાનગી વિના ઓવરલિમિટ ફી વસૂલ કરી શકશે નહીં.અનેક કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે ગ્રાહકો અજાણતાંમાં તેમની કાર્ડ મર્યાદા (ટ્રાન્ઝેક્શન લિમિટ) ઓળંગી જાય છે, જેના પરિણામે બેંકો ભારે ઓવરલિમિટ ફી વસૂલતી હતી. બેંકોનું આ વલણ 'ઉઘાડી લૂંટ' સમાન હોવાની ફરિયાદો વધતાં, RBIએ બેંકોના મનસ્વી વલણ સામે લાલ આંખ કરી છે.કોઈપણ બેંક કે કાર્ડ જારીકર્તા ગ્રાહકની સ્પષ્ટ સંમતિ વિના ઓવરલિમિટ ફેસિલિટી એક્ટિવ કરી શકશે નહીં. અગાઉ, ઘણી બેંકો આપમેળે આ સુવિધા આપી દેતી હતી. બધા કાર્ડ ઈશ્યુઅર્સે ગ્રાહકોને તેમની એપ્લિકેશનો, ઈન્ટરનેટ બેંકિંગ અને મોબાઈલ બેંકિંગ પ્લેટફોર્મમાં ટ્રાન્ઝેક્શન લિમિટ સુવિધા પ્રદાન કરવી આવશ્યક રહેશે.

### PMના 'મેક ઇન ઇન્ડિયા' વિઝનને આગળ વધારતા

## MIF ઈન્ટિગ્રેટેડ મેન્યુફેક્ચરિંગથી સપ્લાય ચેઇનને મજબૂત કરશે

નવી દિલ્હી/બેંગ્લોર

ભારત માળખાકીય અને ઔદ્યોગિક વિકાસમાં ઝડપ લાવી રહ્યું છે, ત્યારે કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી દ્વારા બેંગ્લોર ઈન્ટરનેશનલ એક્ઝિબિશન સેન્ટર ખાતે ૯ થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન આયોજિત EXCON 2025 - દેશના બાંધકામ સાધનો અને અદ્યતન ઉત્પાદન ક્ષેત્રે ભારતની આગેવાનીની પુષ્ટિ કરશે. આ ઈવેન્ટમાં કંપની ચોકસાઈપૂર્વક પ્રેસિઝન શીટ-મેટલ કોલ્ડ-રોલ ફોર્મિંગ માં ભારતની વધતી શક્તિનું પ્રદર્શન કરશે, જે નેક્સ્ટ-જનરેશન ઘટકો અને સાધનોની ડિઝાઈનમાં કેન્દ્ર સ્થાને છે. Mother India Forming ના ડિરેક્ટર ધીરેન્દ્ર સાંખલાએ EXCON 2025 માં MIF ની ભાગીદારી અંગે ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, 'અમે EXCON 2025 માં શીટ-મેટલ પ્રેસિઝન કોલ્ડ-રોલ ફોર્મિંગ માં ભારતીય શ્રેષ્ઠતાનું પ્રદર્શન કરવા આતુર છીએ. આ ટેક્નોલોજી ભારતીય એન્જિનિયરિંગની તાકાત દર્શાવે છે - જે ટકાઉ, સચોટ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક છે.'તેમણે ઉમેર્યું કે MIF, 'મેક ઈન ઈન્ડિયા' વિઝનને આગળ વધારીને ભારતને વૈશ્વિક OEM માટે કુદરતી ઉત્પાદન હબ તરીકે મજબૂત કરવામાં ગૌરવ અનુભવે છે. અદ્યતન ચોકસાઈવાળી એન્જિનિયરિંગ અને ઈન્ટિગ્રેટેડ મેન્યુફેક્ચરિંગ દ્વારા, MIF વિશ્વભરના પ્લેટફોર્મ્સને વિશ્વ-વર્ગના ઘટકો સપ્લાય કરવામાં ભારતને સક્ષમ બનાવી રહ્યું છે .

## કોટક મ્યુચ્યુઅલ ફંડની વાર્ષિક આઉટલૂક 2026 – માળખાગત વલણો આવક વૃદ્ધિને આગળ ધપાવશે

મુંબઈ | કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડે ("KMAMC"/ "Kotak Mutual Fund") તેનું માર્કેટ આઉટલૂક 2026 આજે બહાર પાડ્યું હતું. આ આઉટલૂક મેક્રોઈકોનોમિક વાતાવરણનો વ્યાપક દ્રષ્ટિકોણ તથા મહત્વની રોકાણ થીમ પૂરી પાડે છે, જે આગામી વર્ષમાં ભારતના નાણાંકીય બજારોને આકાર આપે તેવી શક્યતા છે. આ રિપોર્ટ ઈક્વિટીઝ, ફિક્સ્ડ ઈન્કમ અને થિમેટિક સેક્ટર્સમાં તકો રજૂ કરે છે તથા એવા વૈશ્વિક તથા સ્થાનિક ટ્રેન્ડ્સ દર્શાવે છે જેને રોકાણકારોએ ધ્યાનપૂર્વક જોવા જોઈએ. કોટક મહિન્દ્રા એએમસીના મેનેજિંગ ડિરેક્ટર નિલેશ શાહે જણાવ્યું હતું કે, "નાણાંકીય વર્ષ 2026માં ઈક્વિટી રિટર્ન આવક વૃદ્ધિ પર આધારિત રહેવાની શક્યતા છે અને ભારતીય કંપનીઓ નાણાંકીય વર્ષ 2027માં ડબલ ડિજિટ વૃદ્ધિ નોંધાવે તેવી અપેક્ષા છે. આ મજબૂતાઈ વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોને આકર્ષિત કરે તેવી શક્યતા છે, જેનાથી બજારની તરલતાને ટેકો મળશે. મીડકેપ્સ, લાર્જ અને સ્મોલ કેપ્સ કરતાં વધુ સારો દેખાવ કરવા માટે તૈયાર છે, જોકે આઉટપર્ફોર્મન્સનું માર્જિન સાંકડું રહી શકે છે. મધ્યસ્થ બેંકોની સતત ખરીદીના પગલે સોના અને ચાંદીમાં સતત વધારો જોવા મળશે. રોકાણકારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ વળતરની અપેક્ષાઓને ઓછી કરે અને બદલાતી બજાર ગતિશીલતા સમજવા માટે વિવિધ એસેટ ક્લાસમાં સંતુલિત, વૈવિધ્યસભર અભિગમ અપનાવે." ધિરાણ વૃદ્ધિમાં વધારો થવા લાગ્યો છે, જે ધિરાણ પ્રવૃત્તિમાં સુધારો દર્શાવે છે. આ વધારો વધી રહેલા ક્રેડિટ ટુ ડિપોઝીટ રેશિયોમાં જોવા મળે છે. મજબૂત ફંડામેન્ટલ્સ અને સુધારેલી મૂડી પર્યાપ્તતા દ્વારા સ્વસ્થ ધિરાણ વૃદ્ધિને ટેકો મળે છે. રિટર્ન રેશિયો સ્વસ્થ રહે છે જે આ સેક્ટરને લાંબા ગાળાના રોકાણકારો માટે આકર્ષક બનાવે છે. ધિરાણ અને ડિપોઝીટ વૃદ્ધિ વચ્ચેનો ઘટાડો માર્જિન દબાણ ઘટાડી શકે છે તથા નફાકારકતાને ટેકો આપી શકે છે. વધતી આવક, જીએસટીમાં સુધારો અને તહેવારોની માંગને કારણે વપરાશમાં મજબૂત સુધારો થવાની શક્યતા છે. ગ્રામીણ માથાદીઠ આવક 2000 ડોલર1ના આંકને વટાવી ગઈ છે, જે એક મુખ્ય વળાંક છે.

## વિદ્યા વાયર્સે એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી પ્રતિ ઈક્વિટી શેર રૂ. 52ના અપર પ્રાઈઝ બેન્ડ ઉપર રૂ. 90 કરોડ એકત્ર કર્યાં

(એજન્સી) મુંબઈ | તા 03

વિદ્યા વાયર્સ લિમિટેડે પ્રતિ ઈક્વિટી શેર રૂ. 1ની મૂળ કિંમત સાથે (પ્રતિ ઈક્વિટી શેર રૂ. 51ના પ્રીમિયમ સહિત) પ્રતિ ઈક્વિટી શેર રૂ. 52ના અપર પ્રાઈઝ બેન્ડ ઉપર એન્કર ઈન્વેસ્ટર્સને 1,73,07,991 ઈક્વિટી શેર્સની ફાળવણી કરીને રૂ. 90 કરોડ એકત્ર કર્યાં છે. એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવાયેલા કુલ 1,73,07,991 ઈક્વિટી શેર્સમાંથી 13,461,696 ઈક્વિટી શેર્સ (એન્કર ઈન્વેસ્ટર્સને કુલ ફાળવણીના 77.78 0/0) ત્રણ ઘરેલુ મ્યુચ્યુઅલ ફંડ્સને ફાળવાયા છે કે જેમણે કુલ સાત સ્કીમ દ્વારા અરજી કરી છે. સ્કીમ મૂજબ મ્યુચ્યુઅલ ફંડ્સની વિગતો નીચેના કોષ્ટકમાં છેઃ બીડ ઓફર બુધવાર, 3 ડિસેમ્બર, 2025ના રોજ ખૂલી છે અને શુક્રવાર, 5 ડિસેમ્બર, 2025ના રોજ બંધ થશે. પેન્ટોમેથ કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ અને આઈડીબીઆઈ કેપિટલ માર્કેટ એન્ડ સિક્યુરિટીઝ લિમિટેડ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

### ચાલુ નાણાકીય વર્ષનાં પ્રથમ છ મહિનામાં

## 99.33 ટકાનાં ક્લેમ સેટલમેન્ટ રેશિયો સાથે ICICI પ્રુડેન્શિયલ લાઈફ પ્રથમ ક્રમે

(એજન્સી) મુંબઈ | તા 03

ICICI પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સે ચાલુ નાણાકીય વર્ષનાં પ્રથમ છ મહિનામાં 99.33 ટકાનાં ક્લેમ સેટલમેન્ટ રેશિયો સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. દેશમાં ટોચની લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીઓમાં આ સૌથી વધુ રેશિયો છે. મહત્વનું એ છે કે, આ સમયગાળામાં નોન-ઈન્વેસ્ટિગેટેડ ક્લેમ્સ માટે એવરેજ ક્લેઈમ સેટલમેન્ટ ટર્નએરાઉન્ડ ટાઈમ માત્ર 1.1 દિવસ હતો. આ ઉપરાંત, આ સમયગાળામાં કંપની દ્વારા સેટલ કરવામાં આવેલા ડેથ ક્લેઈમ્સનું કુલ મૂલ્ય રૂ. 893.38 કરોડ હતું. ICICI પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સના ચીફ ઓપરેશન્સ ઓફિસર અમિશ બેન્કરે જણાવ્યું કે, "અમારી ક્લેઈમ સેટલમેન્ટ પ્રોસેસ ગ્રાહકોને સારો અનુભવ પૂરો પાડે છે અને અમે દરેક કેસને અત્યંત સંવેદનશીલતાથી હાથ ધરીએ છીએ. ચાલુ નાણાકીય વર્ષનાં પ્રથમ છ મહિનામાં અમારો ક્લેમ સેટલમેન્ટ રેશિયો 99.33 ટકા હતો અને નોન-ઈન્વેસ્ટિગેટેડ ક્લેમ્સ માટે અમારો એવરેજ ક્લેઈમ સેટલમેન્ટ ટર્નએરાઉન્ડ ટાઈમ માત્ર 1.1 દિવસ હતો. આ ઉપરાંત, અમે સમાન સમયગાળામાં રૂ. 893.38 કરોડથી વધુનાં ડેથ ક્લેઈમ સેટલ કર્યા હતા. અમારો ગ્રાહક-પ્રથમ અભિગમ અને ડિજિટલાઈઝેશન પ્રત્યે મજબૂત ફોકસ અમને ઝડપી ક્લેઈમ સેટલમેન્ટ માટે સશક્ત કરે છે, પરિવારોને ખાસ જરૂર હોય ત્યારે તેમને સમયસર નાણાકીય રાહત આપીએ છીએ. અમારી મોબાઈલ એપ, વોટ્સએપ, ચેટબોટ અને વેબસાઈટ જેવાં સુગમ પ્લેટફોર્મ્સ દ્વારા દાવેદારો સરળતથી ક્લેઈમ કરીને તેને ટ્રેક કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, અમારી 'ક્લેઈમ ફોર શ્યોર' પહેલ તમામ દસ્તાવેજો સુપ્રત થયા પછી એક દિવસમાં પાત્ર દાવાઓનાં સેટલમેન્ટનું વચન આપે છે, જે અંતર્ગત અમે ચાલુ નાણાકીય વર્ષનાં પ્રથમ છ મહિનામાં રૂ. 157.25 કરોડનાં મૂલ્યનાં ડેથ ક્લેઈમ સેટલ કર્યા છે.

## RBI 5.5%નો રેપો રેટ જાળવી રાખે તેવી શક્યતા

(એજન્સી) મુંબઈ | તા 03

નાણાં નીતિની જાહેરાતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) 5.5 ટકાનો રેપો રેટ જાળવી રાખે તેવી શક્યતા છે, આ સાથે મધ્યસ્થ બેંક પોતાનું ન્યુટ્રલનું વલણ પણ જાળવી રાખે તેવી સંભાવના છે, એમ એક અહેવાલમાં જણાવાયું હતું. આવતીકાલથી આરબીઆઈની મોનેટરિ પોલિસીની ત્રણ દિવસીય બેઠકનો પ્રારંભ થશે. મજબૂત આર્થિક વૃદ્ધિ અને ફુગાવાના અનુકૂળ વલણને કારણે આરબીઆઈ મોનેટરી પોલિસી અંગે સ્થિર વલણ અપનાવે તેવા સંકેતો છે. વર્તમાન દરને જાળવી રાખીને, કેન્દ્રીય બેંકનો ઉદ્દેશ્ય અગાઉના રેટ કટના લાભોને સંપૂર્ણપણે પ્રાપ્ત કરવાનો છે. માર્કેટના અંદાજને ખોટા ઠેરવતાં 2025-26ના નાણાં વર્ષના બીજા ક્વાર્ટરમાં ભારતની આર્થિક વૃદ્ધિ 8.2 ટકાના મજબૂત સ્તરે રહેતા રેપો રેટમાં ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા સાવ ધૂંધળી બની છે. કેમ કે, આર્થિક વૃદ્ધિનું આ વલણ ત્રીજા ક્વાર્ટરમાં પણ અવિરત રહેવાની સંભાવના છે. જે શહેરી વિસ્તારોમાં વધેલા વપરાશ અને સ્થિતિસ્થાપક ગ્રામીણ માંગને આભારી છે.

# News Brief

## કોરોના રેમેડીઝ લિમિટેડનો આઈપીઓ સોમવાર, 08 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે



મુંબઈ | કોરોના રેમેડીઝ લિમિટેડ (CRL) ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર સોમવાર, 08 ડિસેમ્બર, 2025ના રોજ ખોલશે. બિડ/ઓફર બુધવાર, 10 ડિસેમ્બર, 2025ના રોજ બંધ થશે. પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 1,008થી રૂ. 1,062 નક્કી કરવામાં આવ્યો છે. જેએમ ફાઈનાન્શયિલ લિમિટેડ, IIFL કેપિટલ સર્વિસીઝ લિમિટેડ અને કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ શુક્રવાર, 05 ડિસેમ્બર, 2025 ના રોજ રહેશે. બિડ્સ ઓછામાં ઓછા 14 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 14 ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. ઓફરમાં પ્રત્યેક રૂ. 10ની ફેસ વેલ્યુવાળા ઈક્વિટી શેર્સ માટે વેચાણ માટેની ઓફર સામેલ છે જેનું મૂલ્ય કુલ રૂ. 6,553.71 મિલિયન સુધીનું છે. કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ("RHP") દ્વારા ઓફર કરાયેલા ઈક્વિટી શેર્સનું NSE અને BSE પર લિસ્ટિંગ કરવાનો પ્રસ્તાવ છે.

## વેકફીટ ઈનોવેશન્સ લિમિટેડનો આઈપીઓ 8 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે



અમદાવાદ | વેકફીટ ઈનોવેશન્સ લિમિટેડ ("કંપની")નો પ્રારંભિક જાહેર ભરણું ("ઓફર") 8 ડિસેમ્બર, 2025ના રોજ સોમવારે ખુલશે. એન્કર રોકાણકારો માટે બીડિંગ તારીખ 5 ડિસેમ્બર, 2025ના રોજ શુક્રવાર નિર્ધારિત કરવામાં આવી છે. આઈપીઓ ઈશ્યૂ 10 ડિસેમ્બર, 2025ના રોજ બુધવારે બંધ થશે. આઈપીઓ ઓફર માટે પ્રાઈસ બેન્ડ શેરદીઠ રૂ. 1ની મૂળ કિંમત ધરાવતા ઈક્વિટી શેરદીઠ રૂ. 185-195 નિર્ધારિત કરવામાં આવી છે. બીડ માટે અરજદારોએ લઘુત્તમ 76 ઈક્વિટી શેર માટે અરજી કરવાની રહેશે, ત્યારબાદ તેના ગુણાંકમાં અરજી કરી શકશે. આઈપીઓમાં રૂ. 3771.78 મિલિયન સુધીન મૂલ્યના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ અને શેરધારકો દ્વારા 46,754,405 ઈક્વિટી શેર્સની ઓફર ફોર સેલ સમાવિષ્ટ છે. તેમાં અંકિત ગર્ગ દ્વારા 7,729,488 ઈક્વિટી શેર અને ચૈતન્ય રામાલિંગેગૌડા (સામૂહિક રીતે 'પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ') દ્વારા 4,452,185 ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે; નીતિકા ગોયલ દ્વારા 899,205 ઈક્વિટી શેર, પીક XV પાર્ટનર્સ ઈન્વેસ્ટમેન્ટ્સ VI દ્વારા 20,374,774 ઈક્વિટી શેર, રેડવુડ ટ્રસ્ટ દ્વારા 138,047 ઈક્વિટી શેર, વર્લિઈન્વેસ્ટ એસ.એ. દ્વારા 10,193,506 ઈક્વિટી શેર, SAI ગ્લોબલ ઈન્ડિયા ફંડ I, LLP દ્વારા 413,150 ઈક્વિટી શેર અને પેરામાર્ક KB ફંડ I (સામૂહિક રીતે 'અન્ય સેલિંગ શેરહોલ્ડર્સ') દ્વારા 2,554,050 ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે.

## કે. વી. ટોય્ઝ ઈન્ડિયા લિ.વિસ્તરણ અને કાર્યકારી મૂડીની જરૂરિયાતોને ટેકો આપવા IPO લોન્ચ કર્યો

KV TOYS INDIA LIMITED

મુંબઈ | કે. વી. ટોય્ઝ ઈન્ડિયા લિમિટેડે, જે શૈક્ષણિક અને મનોરંજન બંને શ્રેણીઓમાં બાળકો માટે પ્લાસ્ટિક-મોલ્ડેડ અને મેટલ-આધારિત રમકડાંના કોન્ટ્રાક્ટ ઉત્પાદન અને વેચાણમાં રોકાયેલ છે, તેણે તેના પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) ના લોન્ચની જાહેરાત કરી છે જેમાં ૧૬,૮૦,૦૦૦ ઈક્વિટી શેરનો નવો ઈશ્યૂ હશે જેમાં પ્રત્યેક રૂ. ૧૦ ફેસ વેલ્યુનો સમાવેશ થશે. આ ઓફર એન્કર રોકાણકારો માટે 05 ડિસેમ્બર, 2025 ના રોજ ખુલશે, અને જાહેર જનતા માટે 08 ડિસેમ્બર, 2025 ના રોજ ખુલશે, જે 10 ડિસેમ્બર, 2025 ના રોજ બંધ થશે. ઈક્વિટી શેર્સ BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટેડ થવાનો પ્રસ્તાવ છે, જેની લિસ્ટિંગ તારીખ 15 ડિસેમ્બર, 2025 છે.

### સામાજિક સુરક્ષા કવરેજમાં વધારો, ૬૪% સુધી પહોંચ્યું

## ૧૦૭ કરોડ લોકોના કવરેજ સાથે ચીન પછી ભારત વિશ્વમાં બીજો સૌથી મોટો પ્રદાતા બન્યું



નવી દિલ્હી : ભારત સરકારના મોટા સુધારાત્મક પગલાંના કારણે દેશના સામાજિક સુરક્ષા કવરેજમાં જબરદસ્ત વધારો નોંધાયો છે. શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયા એ કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) સમિટમાં જણાવ્યું હતું કે, ભારતે સામાજિક સુરક્ષા કવરેજમાં વધારો (Social Suraksha Coverage Ma Vadharo) કરીને ૨૦૧૪ના ૧૯ ટકાથી વર્તમાન સમયમાં ૬૪ ટકા સુધી પહોંચાડ્યું છે. આ વૃદ્ધિના કારણે ભારત હવે વૈશ્વિક સ્તરે બીજો સૌથી મોટો સામાજિક સુરક્ષા પ્રદાતા દેશ બન્યો છે.મંત્રી માંડવિયાએ માહિતી આપી હતી કે હાલમાં દેશમાં ૯૪ કરોડ લોકો અકસ્માત, આરોગ્ય અને પેન્શન લાભો હેઠળ આવરી લેવાયા છે. ૧૦૭ કરોડ લોકોના કવરેજ સાથે ચીન આ મામલે પ્રથમ સ્થાને છે, જ્યારે ભારત બીજા સ્થાને આવી ગયું છે. આ આંકડા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની દ્રષ્ટિ સાથે સુસંગત છે.માંડવિયાએ અગાઉની સરકારોની સ્પષ્ટતા અને આયોજનના અભાવ માટે ટીકા કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'અમે એકવાર વિકાસની ટ્રેન ચૂકી ગયા, પરંતુ મોદીજીના નેતૃત્વ હેઠળ અમને નવી ટ્રેન મળી છે.'મંત્રીએ જણાવ્યું હતું કે ભારતમાં ૧૯૨૫ સુધીના જૂના શ્રમ કાયદાઓ હતા, જે ઔદ્યોગિક વિકાસ અને શ્રમિકોના કલ્યાણ બંનેમાં અવરોધ ઊભો કરતા હતા. દેશભરમાં ફેલાયેલા ૨૯ જેટલા વિવિધ શ્રમ કાયદાઓને ભેગા કરીને સરકારે તેનું આધુનિકરણ કર્યું છે અને લેબર કોડ સુધારા (Labour Code Sudhara) અમલમાં મૂક્યા છે.મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ: નવા માળખા હેઠળની મુખ્ય જોગવાઈઓમાં જોબ સિક્યુરિટી સુનિશ્ચિત કરવા માટે ફરજિયાત નિમણૂક પત્રો, જોખમી ઉદ્યોગોમાં ESIC કવરેજ, ૪૦ વર્ષથી વધુ ઉંમરના શ્રમિકો માટે ફરજિયાત આરોગ્ય તપાસ, અને ગ્રેચ્યુઈટીની પાત્રતા પાંચ વર્ષને બદલે એક વર્ષ પછી થવી જેવી જોગવાઈઓનો સમાવેશ થાય છે. મંત્રીએ 'વન નેશન, વન રજિસ્ટ્રેશન' અને 'વન નેશન, વન લાઈસન્સ' તરફ આગળ વધવાના સરકારના પગલાંની પણ વાત કરી હતી. તેમણે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સામાજિક સુરક્ષા એસોસિએશનએ ભારતના સુધારાત્મક પગલાંની પ્રશંસા કરી છે.

## મહિન્દ્રા ટ્રેક્ટર્સ તેના 4WD ટ્રેક્ટર રેન્જ માટે વધી રહેલી માંગને પૂરી કરવા માટે સજ્જ

(એજન્સી) અમદાવાદ | તા.03



**20-70એચપીની રેન્જના મહિન્દ્રાના 4WD ટ્રેક્ટર્સ કૃષિ અને પરિવહન માટે અદ્વિતીય ટકાઉપણું અને કામગીરી પૂરી પાડે છે**

ભારતની નંબર 1 ટ્રેક્ટર બ્રાન્ડ અને વોલ્યુમની દ્રષ્ટિએ વિશ્વની સૌથી મોટી કંપની મહિન્દ્રા ટ્રેક્ટર્સ તેની 4WD રેન્જ (ફોર-વ્હીલ ડ્રાઈવ) ટ્રેક્ટરની વધતી માંગને પહોંચી વળવા માટે તૈયારી કરી રહી છે. ગુજરાત માં કૃષિ અને પરિવહન પ્રવૃત્તિઓમાં વધારો થવાની અપેક્ષા સાથે, રાજ્યના ખેડૂતો 4WD ટ્રેક્ટર સાથે વધુ શક્તિ અને ઉત્પાદકતા પસંદ કરી રહ્યા છે. વિવિધ પાકો માટે વિશિષ્ટ ઉપકરણોના વધી રહેલા ઉપયોગ સાથે મહિન્દ્રા 4WD ટ્રેક્ટર ખાસ કરીને વિવિધ માટીની સ્થિતિવાળા પ્રદેશોમાં નાના અને મોટા બંને પ્રકારના ખેતરો માટે સંપૂર્ણપણે યોગ્ય છે.

20-70એચપીની કેટેગરીમાં 4WD ટ્રેક્ટર્સની વિશાળ રેન્જ પૈકીના એક સાથે, મહિન્દ્રા તેના લોકપ્રિય ટ્રેક્ટર બ્રાન્ડ્સ, જેમ કે Arjun, Novo, YuvoTech+, Jivo અને OJA ટ્રેક્ટર સિરીઝમાં 4WD ટ્રેક્ટર ઓફર કરે છે. આ બ્રાન્ડ્સ બજારમાં સમાન ઓફરિંગ્સ કરતાં શ્રેષ્ઠ પ્રદર્શન અને નોંધપાત્ર ઓપરેશનલ ફાયદા પૂરા પાડે છે.

ભારતીય ખેતીની પરિસ્થિતિઓ મુજબ ભારતમાં ડિઝાઈન કરવામાં અને વિકસાવવામાં આવેલા મહિન્દ્રાના 4WD ટ્રેક્ટર મજબૂત અને ખડતલ ડિઝાઈન સાથે તૈયાર કરવામાં આવ્યા છે. ટકાઉપણા અને મજબૂત કામગીરી માટે બનાવાયેલી આ રેન્જમાં હેવી-ડ્યુટી એક્સલ્સ, મોટા ટાયર અને વધુ ઉચ્ચ ગ્રાઉન્ડ ક્લિયરન્સ છે જે તેને મુશ્કેલ કામગીરીને સરળતાથી હાથ ધરવા માટે આદર્શ બનાવે છે. એન્જિન પાવરને શ્રેષ્ઠ રીતે બધા 4 વ્હીલ્સમાં ટ્રાન્સમિટ કરીને, મહિન્દ્રા 4WD ટ્રેક્ટર ભીના, અસમાન અથવા ડુંગરાળ પ્રદેશો પર શ્રેષ્ઠ ટ્રેક્શન અથવા પકડ પ્રદાન કરે છે, જે તેમને તમામ પ્રકારના ખેતી અને બિન-ખેતી કામગીરી માટે આદર્શ ટ્રેક્ટર બનાવે છે. વિશ્વ કક્ષાની એન્જિન ટેકનોલોજી શ્રેષ્ઠ ટ્રેક્ટર કામગીરી અને લાંબી એન્જિન આવરદા, વધુ સારી ઇંધણ કાર્યક્ષમતા અને ઓછા ટાયર ઘસારાની ખાતરી આપે છે, જે પડકારજનક માટીની પરિસ્થિતિઓમાં અવિરત કામગીરી પૂરી પાડે છે. આનાથી ટ્રેક્ટરનો ડાઉનટાઈમ ઘટે છે અને મેઈન્ટેનન્સનો ખર્ચ સૌથી ઓછો આવે છે. આ મજબૂતાઈ ઉપરાંત, મહિન્દ્રાના 4WD ટ્રેક્ટર્સ વધુ સારા અર્ગનોમિક્સ, સુધારેલી સસ્પેન્શન સિસ્ટમ્સ, અદ્યતન સેફ્ટી ફીચર્સ અને યુઝર-ફ્રેન્ડલી કંટ્રોલ્સ પારા પાડે છે જે દેશભરના ખેડૂતો માટે આરામ અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, માગસર સુદ-14**

# ડિજિટલ ધરપકડ

વિડંબના એ છે કે દેશમાં કહેવાતા ડિજિટલ ધરપકડના નામે અંદાજે 3,000 કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ છે અને ઘણા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, ત્યારે ગુનેગારો પર કાર્યવાહી કરવાની એક મોટી ઝુંબેશ હમણાં જ શરૂ થઈ છે. અને તે પણ સરકારની નહીં, પણ સુપ્રીમ કોર્ટની પહેલથી. ડિજિટલ ધરપકડો પર ગંભીર ચિંતા વ્યક્ત કરતા, સુપ્રીમ કોર્ટે સીબીઆઈને અન્ય સાયબર ગુનાઓની તપાસને પ્રાથમિકતા આપવા, ડિજિટલ ધરપકડોની તપાસને પ્રાથમિકતા આપવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે સેન્ટ્રલ બેંકને પૂછ્યું છે કે શું સાયબર ગુનેગારોના ખાતા ફ્રીઝ કરવા માટે AIનો ઉપયોગ કરી શકાય છે. કોર્ટે સીબીઆઈને એવી પણ સલાહ આપી છે કે જો કોઈ ગંભીર ડિજિટલ ગુનો ભારતની બહાર ફેલાય તો ઈન્ટરપોલની મદદ લેવી જોઈએ. દુઃખની વાત છે કે સાયબર ધરપકડમાં મોટાભાગના સાયબર ગુનાઓ વૃદ્ધ વ્યક્તિઓને લક્ષિત કરવામાં આવે છે, જેમને ડિજિટલ વ્યવહારોનું મહત્વપૂર્ણ જ્ઞાન હોતું નથી. લક્ષિત વૃદ્ધ વ્યક્તિઓની ટકાવારી 78 થી 82 ટકા હોવાનું નોંધાયું છે, જેમાં કેટલાક કેસ 99 ટકા સુધી પહોંચે છે. દરમિયાન, જાન્યુઆરીથી એપ્રિલ 2024 સુધીમાં, 46% સાયબર છેતરપિંડી અને ડિજિટલ ધરપકડના કેસ મ્યાનમાર, કંબોડિયા અને લાઓસ જેવા દક્ષિણપૂર્વ એશિયાઈ દેશો સાથે જોડાયેલા હતા. નિઃશંકપણે, તાજેતરના વર્ષોમાં ડિજિટલ ધરપકડ સાયબર ક્રાઈમના સૌથી કપટી સ્વરૂપ તરીકે ઉભરી આવી છે. આ ગુના માત્ર દેશની નાણાકીય સુરક્ષા અને સ્થિરતા માટે જ નહીં, પરંતુ કાયદા અમલીકરણ પ્રણાલીમાં લોકોના વિશ્વાસ માટે પણ નોંધપાત્ર ખતરો છે. પરિણામે, આ કૌભાંડોની રાષ્ટ્રવ્યાપી તપાસ સીબીઆઈને સોંપવાનો સુપ્રીમ કોર્ટનો નિર્ણય સમયસર અને અર્થપૂર્ણ હસ્તક્ષેપ છે. આ સંદર્ભમાં, કોર્ટે તમામ રાજ્યોને તેમના અધિકારક્ષેત્રમાં ગુનાઓની તપાસ કરવા માટે સીબીઆઈને સંમતિ આપવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે એ હકીકત સ્વીકારી છે કે સાયબર ગુનેગારો રાજ્યની સરહદોનું શોષણ કરે છે. બીજી બાજુ, ટુકડાઓમાં તપાસ સરહદ પાર સાયબર ગુનેગારોના નેટવર્કને પ્રોત્સાહન આપે છે. સાયબર ગુનેગારો ડિજિટલ ધરપકડ દ્વારા નિર્દોષ લોકો અને વૃદ્ધોને નિશાન બનાવે છે. તેઓ કાયદા અમલીકરણ અધિકારીઓ અથવા ન્યાયાધીશો તરીકે પોતાને રજૂ કરે છે અને તેમને મોટી રકમ ચૂકવવા માટે ડરાવીને ધમકાવતા હોય છે. ઉલ્લેખનીય છે કે હરિયાણામાં એક વૃદ્ધ દંપતી સાથે 1 કરોડની છેતરપિંડી થયા બાદ, કોર્ટે આ વ્યાપક સમસ્યાનું સ્વતઃ નોંધ લીધું હતું. સુપ્રીમ કોર્ટના નકલી આદેશોનો ઉપયોગ તેમને ધમકી આપવા માટે કરવામાં આવ્યો હતો. સાયબર ગુનેગારો જાહેર સંસ્થાઓ પર લોકોના વિશ્વાસને જોખમમાં મૂકી રહ્યા છે તે ખૂબ જ ચિંતાજનક પરિસ્થિતિ છે. તે પછી જ સુપ્રીમ કોર્ટે સમજાયું કે પરિસ્થિતિ અસહ્ય બની ગઈ છે અને દેશની કેન્દ્રીય એજન્સીએ તાત્કાલિક આ મામલાની તપાસ કરવી જોઈએ. નોંધનીય છે કે સીબીઆઈને ડિજિટલ ધરપકડના કેસોમાં એફઆઈઆર નોંધવા અને છેતરપિંડી સાથે જોડાયેલા બેંક ખાતાઓ ફ્રીઝ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી છે. ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ બેંક અધિકારીઓ દ્વારા કથિત મિલીભગતની તપાસ કરવાનો અધિકાર પણ આપવામાં આવ્યો છે. વધુમાં, ટેલિકોમ્યુનિકેશન વિભાગને સિમ કાર્ડના દુરુપયોગને રોકવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. ચોક્કસપણે, જો કોર્ટની અર્થપૂર્ણ પહેલને અનુસરીને આ બધા પગલાં અમલમાં મૂકવામાં આવે છે, તો આ ગંભીર ગુનાનો રાષ્ટ્રીય પ્રતિસાદ શક્ય બનશે. કોર્ટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કેન્દ્રીય એજન્સી ભય કે તરફેણ વિના, જવાબદારીપૂર્વક તેની ફરજો નિભાવશે. રાજ્ય સરકારોની સક્રિયતા અને સતર્કતા પણ સીબીઆઈને ગુનાના તળિયે પહોંચવામાં મદદ કરી શકે છે. એ પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે કે એજન્સીની કાર્યવાહી લાલ ફિતાશાહી અને રાજકીય હસ્તક્ષેપથી મુક્ત હોય. વધુમાં, નાગરિકોએ આવા ગુનાઓ સામે સતર્ક રહેવું જોઈએ. જાગૃતિ અને સતર્કતા તેમને ગુનેગારોના ચુંગાલમાં ફસાવવાથી બચાવી શકે છે. આવા કોલ પ્રાપ્ત કરતી વખતે, તેમણે થોભવું જોઈએ, વિચારવું જોઈએ અને બેંક સંબંધિત કોઈપણ માહિતી ઉતાવળમાં જાહેર કરવાનું ટાળવું જોઈએ.

પ્રમુખ માટે નરપતસિંહ અને રાજેશકુમાર મેદાનમાં

# ચાણસ્મા યુવા કોંગ્રેસ પ્રમુખપદની ચૂંટણીમાં નરપતસિંહનો જ્વલંત વિજય

નરપતસિંહ પરમારને ૧૨૮૯ જ્યારે રાજુભાઈને ૩૯ મતો મળ્યા

**નિતિન ઠાકર | ચાણસ્મા**



કોંગ્રેસ પક્ષ દ્વારા સંગઠનને જમીની સ્તરે વધુ મજબૂત કરવા અને લોકશાહી પ્રક્રિયાને પ્રોત્સાહન આપવા માટે ચાણસ્મા વિધાનસભા વિસ્તારની યુવા કોંગ્રેસની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના પરિણામો આજે જાહેર થયા છે. યુવા પાંખના પ્રમુખ પદ માટે બે ઉમેદવારો મેદાનમાં હતા, જેમાં ભારે રસાકસી અને ઉત્સાહના માહોલ વચ્ચે નરપતસિંહ પરમારે પ્રચંડ બહુમતી સાથે વિજય મેળવીને યુવા કોંગ્રેસના પ્રમુખ તરીકેનો તાજ પહેર્યો છે.

કોંગ્રેસ પક્ષે પોતાના સંગઠનાત્મક માળખાને વધુ પારદર્શક અને લોકશાહી ઢબે મજબૂત બનાવવા માટે આ આંતરિક ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી. આ ચૂંટણીમાં યુવાનોનો ઉત્સાહ જોવા જેવો હતો. ચાણસ્મા વિધાનસભા વિસ્તારના યુવા કોંગ્રેસના પ્રમુખપદ માટે મુખ્યત્વે બે યુવા નેતાઓએ દાવેદારી નોંધાવી હતી. એક તરફ નરપતસિંહ પરમાર હતા, જ્યારે બીજી તરફ રાજેશકુમાર અમરતભાઈ દેસાઈ (રાજુભાઈ) મેદાનમાં હતા.

પક્ષના આંતરિક સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ ચૂંટણી સંગઠનમાં નવા જોશ અને ઊર્જાનો સંચાર કરવાના હેતુથી યોજવામાં આવી હતી. યુવા કોંગ્રેસના કાર્યકરો અને સભ્યોએ પોતાના પસંદગીના ઉમેદવારને મત આપીને લોકશાહી પ્રક્રિયામાં સક્રિય ભાગ લીધો હતો.

જૂનાગઢમાં હાડ થીજાવતી ઠંડી વચ્ચે ભોજલરામ ગ્રુપનો માનવતા મહેકાવતો

# ધાબળા વિતરણનો સરાહનીય સેવાયજ્ઞ

નિરાધારોને શોધીને ધાબળા વિતરણનો અનોખો પ્રયોગ : માનસિક અસ્થિર વ્યક્તિઓને પણ ગરમ કપડાં

**નરેન્દ્ર દવે | જૂનાગઢ**

સમગ્ર સૌરાષ્ટ્ર સહિત જૂનાગઢ શહેર અને ગિરનારની તળેટીમાં પણ હાલ હાડ થીજાવતી ઠંડી પોતાનો મિજાજ બતાવી રહી છે. આ કડકડતી ઠંડીમાં જ્યારે મોટાભાગના લોકો પોતાના ઘરમાં હૂંફાળી પથારીમાં આરામ ફરમાવી રહ્યા હોય, ત્યારે જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં નિરાધાર, ભીખારીઓ અને ઘરવિહોણા લોકોને ઠંડી સામે રક્ષણ આપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવાનું સરાહનીય કાર્ય ભોજલરામ ગ્રુપ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. આ ગ્રુપે એક અનોખી પહેલ દ્વારા સમાજને નવી દિશા ચીંધી છે, જ્યાં તેઓ જાતે જ જરૂરિયાતમંદોને શોધીને ધાબળા ઓઢાડી રહ્યા છે. આ જાણકારી મળતા જ ગ્રુપના સભ્યો તે સ્થળે પહોંચી જશે અને તે વ્યક્તિને ગરમ ધાબળો ઓઢાડીને ઠંડીમાં રાહત આપવાનો પ્રયત્ન કરશે. આ પગલું દર્શાવે છે કે, આ સેવા માત્ર દાન નથી, પણ જવાબદારીપૂર્વકની સંવેદના છે. જો કોઈ નાગરિકને કોઈ ભીક્ષુક, ઘરવિહોણા વ્યક્તિ કે માનસિક અસ્થિર વ્યક્તિ કોઈપણ સ્થળે ઠંડીમાં ધ્રૂજતી જોવા મળે, તો તેઓએ તાત્કાલિક ગ્રુપના કાર્યકરોનો સંપર્ક કરવાનો રહેશે. ઘણા કિસ્સાઓમાં, આ પ્રકારના લોકો જ સૌથી વધુ ઠંડીનો ભોગ બનતા હોય છે. આ ભોજલરામ ગ્રુપ માત્ર ધાબળા જ નહીં, પરંતુ એક પ્રકારની માનવતાની સુગંધ ફેલાવી રહ્યું છે.

### સેવાકાર્યની અનોખી પદ્ધતિ: જાણો સમગ્ર ઘટનાક્રમ

ભોજલરામ ગ્રુપ દ્વારા જાહેર કરાયેલી એક યાદી મુજબ, તેમનો ઉદ્દેશ્ય માત્ર ધાબળા વહેંચવાનો નથી, પરંતુ ખરા અર્થમાં જે વ્યક્તિ ઠંડીથી પીડાઈ રહી હોય, ત્યાં સુધી હૂંફ પહોંચાડવાનો છે. ગ્રુપના કાર્યકરો ફૂટપાથ, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, વિવિધ મંદિર પરિસરો અને ભવનાથ તળેટી જેવા તમામ સ્થળોએ સતત નજર રાખી રહ્યા છે.પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે, આ ગ્રુપે શહેરીજનોને પણ આ સેવાયજ્ઞમાં જોડાવા માટે અપીલ કરી છે.

### સંવેદનશીલ પહેલ: નિરાધારો માટે હૂંફનો આધાર

ભોજલરામ ગ્રુપની આ પહેલ ખાસ કરીને એટલા માટે પ્રશંસનીય છે કારણ કે, તેઓએ માનસિક અસ્થિર વ્યક્તિઓ કે જેઓ પોતાની સંભાળ જાતે લઈ શકતા નથી, તેમને પણ આ સેવામાં આવરી લીધા છે. ઘણા કિસ્સાઓમાં, આ પ્રકારના લોકો જ સૌથી વધુ ઠંડીનો ભોગ બનતા હોય છે. આ ભોજલરામ ગ્રુપ માત્ર ધાબળા જ નહીં, પરંતુ એક પ્રકારની માનવતાની સુગંધ ફેલાવી રહ્યું છે. આ કાર્ય અન્ય સેવાભાવી સંસ્થાઓ માટે પણ એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડે છે કે, માનવસેવા કઈ રીતે સંગઠિત અને અસરકારક રીતે થઈ શકે છે.

### ભોજલરામ ગ્રુપના કાર્યકરોની યાદી

સૂત્રો દ્વારા મળેલા અહેવાલ મુજબ, આ સેવાકાર્ય માટે ભોજલરામ ગ્રુપના કાર્યકરોની આખી ટીમ ખડેપગે છે. તેમણે પોતાના સંપર્ક નંબર પણ જાહેર કર્યા છે જેથી કોઈપણ વ્યક્તિ તાત્કાલિક તેમની મદદ માંગી શકે.

- નરેન્દ્ર રાદડિયા - 8140577103
- જીજ્ઞેશ પોલારા - 99254 03445
- હસમુખ પાનસુરીયા - 98252 55250
- રોહિત રાણપરિયા - 9067099990
- સંજય અકબરી - 96620 47842
- વિપુલ વાઘાસિયા - 99090 25425
- કે સી પટેલ - 98242 87117
- ભાવેશ ભુત - 9687557435
- રમેશ રૂપાપરા - 94271 83400
- યોગેશ ઘોણીયા - 98794 88037
- નિશાંતરાજ રૈયાણી - 98795 83167
- કુણાલ ચોવટીયા - 7600023923

જૂનાગઢમાં જ્યાં સુધી આ શીયાળાની ઠંડી રહેશે, ત્યાં સુધી ભોજલરામ ગ્રુપનો આ ધાબળા વિતરણનો સરાહનીય સેવાયજ્ઞ ચાલુ રહેશે.

# કોટક મ્યુચ્યુઅલ ફંડની આગાહી: માળખાગત વલણોથી આવક વૃદ્ધિ થશે, ૨૦૨૬માં બજારને મળશે નવો વેગ

**ફાઈનાન્શિયલ સર્વિસીઝ અને વપરાશમાં વધારો મુખ્ય થીમ : હેલ્થકેર ઈ-કોમર્સમાં નોંધપાત્ર વૃદ્ધિની સંભાવના**

**(એજન્સી) અમદાવાદ । તા. 02**

ભારતના નાણાંકીય બજારો માટે આગામી વર્ષ ૨૦૨૬ની સંભાવનાઓ ઉજળી રહી છે. દેશના અગ્રણી રોકાણ વ્યવસ્થાપન ગૃહ, કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ (KMAMC) એ આજે તેનું વાર્ષિક માર્કેટ આઉટલૂક ૨૦૨૬ રજૂ કર્યું છે, જેમાં હળવા થઈ રહેલા વ્યાજદરો અને મજબૂત માળખાગત વૃદ્ધિ ચાલકબળો વચ્ચે ઈક્વિટીઝ અને ફિક્સ્ડ ઈન્કમ બંનેમાં રોકાણની આકર્ષક તકો ઊભી થવાનું અનુમાન કરવામાં આવ્યું છે. આ રિપોર્ટ ભારતીય અર્થતંત્રના વ્યાપક દ્રષ્ટિકોણ અને રોકાણની મુખ્ય થીમ્સ પર પ્રકાશ પાડે છે.કોટક મહિન્દ્રા એએમસીના મેનેજિંગ ડિરેક્ટર નિલેશ શાહના જણાવ્યા અનુસાર, નાણાંકીય વર્ષ ૨૦૨૬માં ઈક્વિટીમાંથી મળતું વળતર હવે માત્ર બજારના મૂલ્યાંકન પર નહીં, પરંતુ કંપનીઓની આવક વૃદ્ધિ પર આધારિત રહેશે. તેમની અપેક્ષા મુજબ, ભારતીય કંપનીઓ નાણાંકીય વર્ષ ૨૦૨૭માં બે આંકડા (ડબલ ડિજિટ) માં વૃદ્ધિ નોંધાવે તેવી સંભાવના છે. આ મજબૂતાઈને કારણે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) પણ ભારતીય બજાર તરફ આકર્ષિત થશે, જે બજારની તરલતાને મોટો ટેકો આપશે.વિવિધ કેપિટલાઈઝેશન સેગમેન્ટની વાત કરીએ તો, મીડકેપ્સ, લાર્જ અને સ્મોલ કેપ્સ કરતાં વધુ સારો દેખાવ કરવા માટે તૈયાર છે, જોકે આઉટપર્ફોર્મન્સનું માર્જિન ઓછું રહી શકે છે.



# નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસની ઉજવણી

**નરેન્દ્ર દવે | જૂનાગઢ**

વૈશ્વિક સ્તરે દિન-પ્રતિદિન વધતું જતું પ્રદૂષણ આજે સમગ્ર વિશ્વ માટે એક ગંભીર અને મોટો પડકાર બની ગયું છે. આ ભયાનક સમસ્યાના નિયંત્રણ અને વ્યવસ્થાપન માટે જનજાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી, દર વર્ષે ૨જી ડિસેમ્બરે ભારતમાં રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસનો સીધો સંબંધ ૧૯૮૪ની ભોપાલ ગેસ દુર્ઘટના સાથે જોડાયેલો છે, જે ભવિષ્યમાં આવી ઔદ્યોગિક આપત્તિઓ ન થાય તે માટે ઉકેલ શોધવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. આ જ અનુસંધાને, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી (BKNMU) માં પણ આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.યુનિવર્સિટીના લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટના વડા પ્રો. સૂહાસ વ્યાસની અધ્યક્ષતામાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ના કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે દૂરવાણી (ફોન) દ્વારા વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રદૂષણ નિયંત્રણ અને પર્યાવરણના સંવર્ધનમાં જનજાગૃતિ એકમાત્ર વિકલ્પ છે.

# દીનદયાળ પોર્ટના મૃતક કર્મચારીઓના ૪૪૦ વારસદારો ભૂખ હડતાલ પર



**(એજન્સી) ગાંધીધામ । તા. 02**

કચ્છના ગાંધીધામ ખાતે આવેલી દીનદયાળ પોર્ટ ઑથોરિટી (DPA) માં ફરજ દરમિયાન અવસાન પામેલા કર્મચારીઓના વારસદારોને નોકરી ન આપવાના મુદ્દે ભારે હોબાળો મચ્યો છે. રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ, કચ્છ ના નેજા હેઠળ આ મૃતક કર્મચારીઓના વારસદારો દ્વારા છેલ્લાં અનેક દિવસોથી પોર્ટ કચેરી બહાર અચોક્કસ મુદતના ધરણાં ચલાવવામાં આવી રહ્યા છે, જે હવે ઉગ્ર બનીને ભૂખ હડતાલમાં પરિણમ્યા છે. ધરણાં શરૂ થયાના પંદરમા દિવસ અને ભૂખ હડતાલના પાંચમા દિવસે પોર્ટ પ્રશાસન દ્વારા આંખ આડા કાન કરવાના વલણ સામે આંદોલનકારીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

દીનદયાળ પોર્ટ ઑથોરિટીના મૃતક કર્મચારીઓના વારસદારો દ્વારા નોકરીની માગણી સાથે ૧૯મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ પોર્ટ કચેરીની બહાર ધરણાં શરૂ કરવામાં આવ્યા હતા. અનેક દિવસો વીતવા છતાં પોર્ટ પ્રશાસન દ્વારા કોઈ સકારાત્મક પ્રતિસાદ ન મળતાં, આ ધરણાં ૨૯મી નવેમ્બરના રોજ ભૂખ હડતાલમાં પરિવર્તિત થયા હતા. આજે, તા. ૦૩ ડિસેમ્બરના રોજ, આ ભૂખ હડતાલનો પાંચમો દિવસ છે.

# ‘આપ’ નેતા પ્રવીણ રામ પર વીડિયો બનાવવા જેવી બાબતે ગંભીર કલમો લાગી

ખેડૂત નેતા પ્રવીણ રામ પર સામાન્ય બાબતે અનેક કલમો : ભ્રષ્ટ ભાજપે ષડયંત્ર રચી ગંભીર કલમો લગાવડાવી

**(એજન્સી) ભાવનગર । તા. 02**

ગુજરાતમાં આમ આદમી પાર્ટી (AAP) અને સત્તાધારી પક્ષ ભાજપ વચ્ચે રાજકીય ઘર્ષણ સતત વધી રહ્યું છે. આ જ કડીમાં, આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ અને જાણીતા ખેડૂત નેતા પ્રવીણ રામ ને એક વીડિયો ઉતારવા જેવી ’મામૂલી’ બાબતમાં અનેક ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ થતાં, આજે તેમને ભાવનગર જિલ્લાની ફાસ્ટ ટ્રેક કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીએ આ સમગ્ર ઘટનાને ભ્રષ્ટ ભાજપ દ્વારા રચાયેલું ષડયંત્ર અને રાજકીય કિન્નાખોરી ગણાવી છે.



### મજબૂત કાયદાકીય લડત અને અધિકારીઓને ચીમકી

આમ આદમી પાર્ટીએ આ સમગ્ર કાયદાકીય કાર્યવાહી સામે મજબૂત લડત આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. રાજુ સોલંકીએ ભારપૂર્વક જણાવ્યું કે, “આમ આદમી પાર્ટી કાયદાકીય રીતે આ મજબૂત લડત આપશે.” આ સાથે જ, તેમણે તંત્ર અને અધિકારીઓ પર પણ આકરા પ્રહાર કર્યા હતા.આ નેતાએ ચેતવણીના સૂરમાં જણાવ્યું હતું કે, “જે અધિકારીઓએ રાજકીય દબાણમાં આવીને કે ભ્રષ્ટ ભાજપના ઈશારે ખોટી ફરિયાદ કરી છે, એવા અધિકારીઓ પર પણ આમ આદમી પાર્ટીની લીગલ ટીમની સલાહ પ્રમાણે આગળની કાર્યવાહી કરવામાં આવશે.” આ નિવેદન સ્પષ્ટ સંકેત આપે છે કે, આમ આદમી પાર્ટી આ મામલાને માત્ર પ્રવીણ રામ પૂરતો સીમિત ન રાખતા, ફરિયાદ કરનાર અધિકારીઓને પણ કાયદાકીય દાયરામાં લાવવા માંગે છે.

### રાજકીય કિન્નાખોરીનો સીધો આક્ષેપ

આ સમગ્ર મુદ્દે આમ આદમી પાર્ટીએ સત્તાવાર વલણ અપનાવ્યું છે. આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકીએ એક વીડિયો સંદેશના માધ્યમથી પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં આક્ષેપ કર્યો હતો કે, “છે ને બાકી ભાજપ સરકાર! એક વીડિયો બનાવવા જેવી સામાન્ય બાબતમાં ‘આપ’ના નેતા પ્રવીણ રામ પર ગંભીર કલમો લગાડવામાં આવી છે.”રાજુ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, ભ્રષ્ટ ભાજપે રાજકીય કિન્નાખોરી રાખીને ષડયંત્રના ભાગરૂપે પ્રવીણ રામ અને રાજુ કરપડા સામે ખોટા ગુનાઓ દાખલ કરાવ્યા છે. આજે પ્રવીણભાઈ રામને ભાવનગરની ફાસ્ટ ટ્રેક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં રાજુ સોલંકીએ તેમની સાથે મુલાકાત કરી હતી. તેમણે જણાવ્યું કે પ્રવીણભાઈ રામનું મનોબળ એકદમ મક્કમ અને અડગ છે.

ત્રણ મહત્વના રસ્તાઓને સીઆરએફમાંથી મંજૂરી આપવા રજૂઆત

# રાજુલાના ધારાસભ્ય દ્વારા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સમક્ષ ૪ માર્ગોના નવીનીકરણની લેખિત રજૂઆત



**કિશોર આર. સોલંકી | જાફરાબાદ**

ગુજરાત રાજ્યના ૯૮ રાજુલા-જાફરાબાદ-ખાંભા વિધાનસભા વિસ્તારના વિકાસને વેગ આપવા માટે રાજુલાના ધારાસભ્ય દ્વારા એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. તાલુકાના ચાર અતિ મહત્વના અને જનતા માટે અત્યંત ઉપયોગી એવા અલગ-અલગ રસ્તાઓના નવીનીકરણ માટે ધારાસભ્યએ સીધા કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી છે. તેમણે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિનભાઈ ગડકરીને પત્ર પાઠવીને આ ચારેય માર્ગોના નિર્માણ માટે સીઆરએફ (સેન્ટ્રલ રોડ ફંડ) ગ્રાન્ટમાંથી તાત્કાલિક મંજૂરી આપવાની માંગણી કરી છે.

ચાર મહત્વના માર્ગોનું નવીનીકરણ શા માટે જરૂરી?

જાણવા મળતી વિગત મુજબ, રાજુલા તાલુકાના આ ચાર રસ્તાઓ માત્ર સ્થાનિક માર્ગો નથી, પરંતુ તે નેશનલ હાઈવેને જોડતા અગત્યના રાજ્યના ધોરીમાર્ગો છે. આ માર્ગોની હાલત જર્જરિત થઈ ગઈ હોવાથી સ્થાનિક નાગરિકો, ખેડૂતો અને ઉદ્યોગોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગો નવા બનાવવામાં આવે તો સમગ્ર વિસ્તારની આર્થિક અને સામાજિક ગતિવિધિઓને મોટો વેગ મળી શકે તેમ છે. આથી, ધારાસભ્ય દ્વારા આ ચારેય રસ્તાઓને સીઆરએફ ફંડમાંથી ગ્રાન્ટ ફાળવવામાં આવે તો તેનું નિર્માણકાર્ય ઝડપથી શરૂ થઈ શકે.

# ગિરનાર પર્વત પર દત્તાત્રેય જયંતિનો ભવ્ય ઉત્સવ: પૂજા યજ્ઞ મહાપ્રસાદનો વિશેષ કાર્યક્રમ

**નરેન્દ્ર દવે | જૂનાગઢ**

સમગ્ર હિન્દુ ધર્મમાં પરમ પૂજનીય અને ત્રિદેવ (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ)ના અંશ ગણાતા ભગવાન દત્તાત્રેયના અક્ષય નિવાસ સ્થાન એવા પવિત્ર ગિરનાર પર્વત ઉપર વિશેષ ધાર્મિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૦૪ ડિસેમ્બર, ગુરુવારના રોજ માગશર પૂર્ણિમા નિમિત્તે દત્તાત્રેય જ્યંતિની પાવન ઉજવણી કરવામાં આવશે, જેના ભાગરૂપે ગિરનાર પર્વતના દત્તાત્રેય શિખર ખાતે વિશેષ પૂજા, યજ્ઞ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે હજારો શ્રદ્ધાળુઓ દત્ત શિખરની યાત્રા કરીને ધન્યતા અનુભવશે.

ગુરુદત્ત ભગવાનના પ્રાગટ્ય દિવસ નિમિત્તે દત્ત શિખર સ્થિત ગુરુદત્ત ભગવાનની ચરણ પાદુકાની વિશેષ પૂજા અર્ચના કરવામાં આવશે. વહેલી સવારે બ્રહ્મમુહૂર્તમાં જ ચરણ પાદુકાની રાજોપચાર મહાપૂજા અને મહાભિષેકથી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવશે. રાજોપચાર પૂજામાં ભગવાનને શાસ્ત્રોક્ત વિધિ મુજબ વિવિધ દ્રવ્યોથી સ્નાન કરાવી, સુંદર વસ્ત્રો અને અલંકારોથી શણગારવામાં આવશે. આ અલૌકિક દ્રશ્યના સાક્ષી બનવા માટે હજારો ભાવિકો દૂર દૂરથી ગિરનાર પર્વતની યાત્રા ખેડીને પહોંચશે.




# જૂનાગઢ ગૌશાળાને ‘ફ્રેન્ડ્સ ઓફ કેટલ’ના રાજેશભાઈ મણિયાનું રૂ.૧૦૦૦નું રોકડ દાન

**નરેન્દ્ર દવે | જૂનાગઢ**

ગૌવંશ સંરક્ષણ અભિયાન અંતર્ગત જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી સઘન કામગીરીને આજે વધુ એક સહયોગ પ્રાપ્ત થયો છે. જૂનાગઢ મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં ’ફ્રેન્ડ્સ ઓફ કેટલ’ સ્લોગન સાથે શ્રી રાજેશભાઈ મણિયા દ્વારા ગૌસેવા માટે રૂ. ૧,૦૦૦/-નું રોકડ દાન આપવામાં આવ્યું છે, જે ગૌશાળામાં રહેલા ૭૨૫ જેટલા ગૌવંશના નિભાવ ખર્ચમાં ઉપયોગી થશે. મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી તેજસ પરમારની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ, જૂનાગઢ શહેરના હદ વિસ્તારમાંથી રખડતા-ભટકતા અને જાહેર માર્ગો પર વાહનવ્યવહારમાં અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા માટે સતત સખત કાર્યવાહી ચલાવવામાં આવી રહી છે. કમિશ્નરશ્રીનું સ્પષ્ટ વલણ છે કે, શહેરના મુખ્ય માર્ગો પરથી ગાયો અને અન્ય પશુઓને હટાવીને તેમને સુરક્ષિત આશ્રય આપવો. આ ઝુંબેશના ભાગરૂપે અત્યાર સુધીમાં ૭૨૫ જેટલા ગૌવંશને પકડીને મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવ્યા છે. મહત્વની વાત એ છે કે, શહેરમાં જાહેર માર્ગો પર અથવા ખુલ્લી જગ્યાઓમાં ઘાસચારો વેચવા કે નાખવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે. આ નિર્ણય પાછળનો હેતુ એ છે કે, લોકો ઘાસચારો નાખીને રસ્તા પર ગૌવંશને ભેગા ન કરે, જેના કારણે ટ્રાફિક જામ અને અકસ્માત જેવી ગંભીર સમસ્યાઓ સર્જાય છે.

# યુનિવર્સિટીની પરીક્ષાનું નિરીક્ષણ કરવા સ્વયં કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણ ગીર સોમનાથ પહોંચ્યા

**(એજન્સી) જૂનાગઢ । તા. 02**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી (BKNMU) દ્વારા પરીક્ષાની ગુણવત્તા, નિયમિતતા અને નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે ઉચ્ચ સ્તરે સતત કાળજી લેવામાં આવી રહી છે. યુનિવર્સિટી સંલગ્ન ચાર જિલ્લાઓમાં વિવિધ અભ્યાસક્રમો સાથે કાર્યરત કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની તબક્કાવાર પરીક્ષાઓનું આયોજન યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા સુચારૂ રીતે થતું રહે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સમયસર પરિણામ મળી રહે તે માટે કુલગુરૂ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણના માર્ગદર્શન હેઠળ પરીક્ષા નિયામક ડો. દિલસુખ સુખડીયા દ્વારા સતત કાર્ય કરવામાં આવી રહ્યું છે.પરીક્ષાની કામગીરીમાં પારદર્શિતા અને નિષ્પક્ષતા જાળવવાના ભાગરૂપે આજે, તા. ૦૩ ડિસેમ્બરના રોજ, સ્વયં કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણ પરીક્ષાની કાર્યવાહીના નિરીક્ષણ માટે ગીર સોમનાથ જિલ્લાના વિવિધ પરીક્ષા કેન્દ્રોની મુલાકાતે પહોંચ્યા હતા. કુલપતિની આ ઓચિંતી મુલાકાતથી શિક્ષણ ક્ષેત્રે જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. કુલપતિશ્રીએ કોડીનાર સ્થિત જે.એસ. પરમાર કોલેજ ખાતે આવેલ પરીક્ષા કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ કેન્દ્રમાં હાલમાં બેચલર ઓફ એજ્યુકેશન (B.Ed.)ના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા ચાલી રહી છે. આ કેન્દ્રમાં સોમનાથ બી.એડ કોલેજ, કોડીનારની બી.ડી. બારડ બી.એડ કોલેજ, કડવાસણ અને શ્રી વી.જી. સોલંકી બી.એડ કોલેજ, કોડીનારના આશરે ૨૯૭ જેટલા વિદ્યાર્થીઓ બી.એડ સેમેસ્ટરની પરીક્ષા આપી રહ્યા છે.

# રાજ્યકક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં જામનગરના રાજશક્તિ રાસ મંડળે સૌરાષ્ટ્રને ગૌરવ અપાવ્યું



**વિશાલ જે. હરવરા, જામનગર**

ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિને જીવંત રાખતા રાસ-ગરબા સ્પર્ધામાં જામનગર શહેરનું નામ ગૌરવભેર ચમક્યું છે. રાજકોટ સ્થિત હેમુ ગઢવી હોલ ખાતે તાજેતરમાં ગુજરાતના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત રાજ્યકક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં જામનગર શહેરના શ્રી રાજશક્તિ રાસ મંડળે શાનદાર પ્રદર્શન કરીને પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો છે, જેના કારણે માત્ર જામનગરનું જ નહીં પરંતુ સમસ્ત સૌરાષ્ટ્રનું ગૌરવ વધ્યું છે. રાજ્યભરના ઉત્કૃષ્ટ કલાકારોએ આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ભાગ લઈને પોતાની અદ્ભુત કલાનું પ્રદર્શન કર્યું હતું.સૌથી પ્રતિષ્ઠિત ગણાતી રાસ સ્પર્ધામાં જામનગર શહેરના શ્રી રાજશક્તિ રાસ મંડળે પોતાનું કલા કૌશલ્ય સાબિત કરીને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું અને પ્રથમ ક્રમાંક મેળવીને વિજયનું બિરુદ હાંસલ કર્યું હતું.

# રાજ્યમાં 2001માં 327ની સામે વર્ષ-2025માં સિંહની સંખ્યા 891 થઇ અને 2.85 લાખ મોર

## વન્યજીવમાં છેલ્લા 14 વર્ષમાં થોળ અને નળસરોવર પક્ષી અભયારણ્યમાં જળ પ્લાવિત વિસ્તારના યાયાવર પક્ષીઓમાં અનુક્રમે ૩૫૫ અને 276 ટકાનો વધારો, છતાં તેમની સુરક્ષા સામેના પડકારો યથાવત

વન્યજીવ સંરક્ષણ અને સંવર્ધન ક્ષેત્રે ગુજરાત રાજ્યે છેલ્લા દોઢ દાયકામાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. રાજ્ય સરકારે કુદરતી વનરાજી, ઈકોસિસ્ટમ, અને લુપ્તપ્રાય વનસ્પતિ-પ્રાણીસૃષ્ટિને બચાવવા જે પ્રયાસો કર્યા છે, તેના ફળસ્વરૂપે ગુજરાત પ્રાણીઓ અને યાયાવર પક્ષીઓ માટે વધુ સુરક્ષિત અને પસંદગીનું સ્થળ બની ગયું છે. જોકે, આ સંખ્યાત્મક સફળતાની સમાંતરે સિંહોના અકુદરતી મૃત્યુ અને શિકારના કિસ્સાઓ સંરક્ષણની જમીની હકીકત પર ગંભીર સવાલો ઊભા કરે છે. દર વર્ષે 04 ડિસેમ્બરે વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે આવો જાણીએ રાજ્યના વન્યજીવો અને પક્ષીઓની શું છે સ્થિતિ. નોંધનીય છે કે, દર વર્ષે 04 ડિસેમ્બરે ગુજરાત અને ભારત સહિત સમગ્ર વિશ્વમાં 'વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસ' તરીકે ઉજવાય છે. આ દિવસે લુપ્ત થતા વન્યજીવો અને પક્ષીઓને બચાવવા નાગરિકો જાગૃત્ત થાય તે માટે દેશમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

**તાજેતરમાં, ગુજરાતના દાહોદમાં આવેલા રતનમહાલ અભયારણ્યમાં વાઘની ઉપસ્થિતિ નોંધાઈ છે, જે રાજ્યના જીવ સંરક્ષણ વારસાની સમૃદ્ધિમાં વધારો કરે છે.**



### એશિયાટિક સિંહ

**ગુજરાતની શાન**

**એશિયાટિક સિંહ ગુજરાત અને ભારતની એક વિશેષ ઓળખ છે. સંરક્ષણના નક્કર પગલાંના કારણે સિંહોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે**



| 327 | 411 | 674 | 891 |
|---|---|---|---|
| વર્ષ 2001 | વર્ષ 2010 | વર્ષ 2020 | વર્ષ 2025 |

### ચિત્તા કન્ઝર્વેશન બ્રિડીંગ સેન્ટર

કેન્દ્ર સરકાર દ્વારા કચ્છના બન્ની વિસ્તારમાં ચિત્તા કન્ઝર્વેશન બ્રિડીંગ સેન્ટર તૈયાર કરવા મંજૂરી આપવામાં આવી છે. આ માટે અધિકારીઓએ મધ્યપ્રદેશના કુનો- પાલપુર નેશનલ પાર્કની ફિલ્ડ વિઝીટ કરીને જરૂરી વિગતો એકત્રિત કરી છે.

## યાયાવર પક્ષીઓ માટે 'સ્વર્ગ' ગુજરાત



યાયાવર પક્ષીઓ માટે ગુજરાત હવે તેમની પહેલી પસંદગીનું રાજ્ય બની રહ્યું છે. વર્ષ 2024માં રાજ્યના વિવિધ જળ પ્લાવિત વિસ્તાર, તળાવ અને સરોવરોમાં અંદાજે 18 થી 20 લાખ યાયાવર પક્ષીઓ નોંધાયા છે.

### થોળ પક્ષી અભયારણ્ય

વર્ષ 2010માં 31,380 પક્ષીઓનું આગમન થયું હતું, જે વર્ષ 2024માં વધીને 1.11 લાખથી વધુ થયું છે. (355% નો વધારો).



### નળ સરોવર

વર્ષ 2010માં 1.31 લાખથી વધુ પક્ષીઓ નોંધાયા હતા, જ્યારે વર્ષ 2024માં 3.62 લાખથી વધુ પક્ષીઓ નોંધાયા છે. (276% નો વધારો).

**આ સિદ્ધિઓ ગુજરાતને પક્ષી જીવન માટે એક આદર્શ સ્થળ તરીકે સ્થાપિત કરે છે.**

## સિક્કાની બીજી બાજુ સંરક્ષણની સફળતા પર સવાલો

### સિંહોના મોત (અકુદરતી/કુદરતી)

અવારનવાર ટ્રેન અકસ્માત, વીજકરંટ (ખેતીની વાડમાં), અને ખુલ્લા કૂવામાં પડી જવાના કારણે સિંહોના મોત થાય છે. આ અકુદરતી મૃત્યુ સૂચવે છે કે સિંહોનું નિવાસસ્થાન સુરક્ષિત નથી.

### માનવ-પ્રાણી સંઘર્ષ

સિંહ અને દીપડા જેવા પ્રાણીઓ તેમના પરંપરાગત વન વિસ્તારમાંથી બહાર નીકળીને માનવ વસાહતોમાં પ્રવેશે છે. આનાથી સ્થાનિક લોકોના પશુધનનું નુકસાન થાય છે અને લોકોમાં વન્યજીવ પ્રત્યે નકારાત્મક વલણ પેદા થાય છે.

### શિકારના કિસ્સાઓ

શિકારના કિસ્સાઓ પ્રકાશમાં આવવા એ કાયદાના અમલીકરણમાં ખામી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અપૂરતા નિયંત્રણનો સંકેત આપે છે.

### રોગચાળો અને જનીની વિવિધતા

ગીરના જંગલમાં સિંહની આખી વસ્તી માત્ર એક જ વિસ્તારમાં કેન્દ્રિત છે, જેના કારણે રોગચાળો (જેમ કે CDV) ફેલાવવાનું જોખમ ખૂબ વધારે રહે છે. આ વસ્તીની સુરક્ષા માટે મોટો પડકાર છે.

### સંરક્ષણ માટેની વિશેષ પહેલ જરૂરી

ગુજરાત સરકાર વન્યજીવ સંરક્ષણની કામગીરી સફળતાના આંકડા રજૂ કરે છે, પરંતુ જ્યાં સુધી અકુદરતી મૃત્યુનો દર શૂન્ય ન થાય અને પ્રાણીઓનું નિવાસસ્થાન સંપૂર્ણપણે સુરક્ષિત ન બને, ત્યાં સુધી સંવર્ધનની આ ગાથાને સંપૂર્ણ સફળતા કહી શકાય નહીં. વન્યજીવોની સંખ્યા વધારવા સાથે તેમની સુરક્ષાની ગુણવત્તા જાળવવી એ ગુજરાત માટે સૌથી મોટો પડકાર છે.

# ગંભીર સંકટ: ૧૦ મુખ્ય કારણોસર સિંહ માનવભક્ષી બની રહ્યા છે

કિશોર આર. સોલંકી | જાફરાબાદ : ગુજરાતમાં એશિયાઈ સિંહોની વધતી જતી સંખ્યા એક તરફ ગૌરવનો વિષય છે, તો બીજી તરફ માનવ-સિંહ ઘર્ષણ ની ગંભીર ઘટનાઓ હવે ચિંતાનો વિષય બની છે. છેલ્લા થોડા દિવસોમાં અમરેલી અને ગીરસોમનાથ જિલ્લામાં સિંહ દ્વારા માનવ પર હુમલાની ચાર ગંભીર ઘટનાઓ નોંધાઈ છે, જેમાં બાળકો પણ ભોગ બન્યા છે. સામાન્ય રીતે સિંહ કે સિંહણ માનવ પર હુમલો કરતા નથી, ત્યારે આ અસામાન્ય પરિસ્થિતિ પાછળના કારણો જાણવા માટે ભાસ્કરે નિષ્ણાંતોનો સંપર્ક કર્યો છે. તજજ્ઞોના મતે, બફર ઝોનનો અભાવ અને સિંહોના વર્તનમાં પરિવર્તન સહિત કુલ ૧૦ મુખ્ય કારણો જવાબદાર છે.

### સિંહોનું વસવાટ પરિવર્તન: કોવિડ પછીની સ્થિતિ

તાજેતરની ઘટનાઓ અત્યંત ગંભીર છે. ૨૫ નવેમ્બરના રોજ અમરેલીના બગસરાના હામાપુરમાં મજૂર પરિવારના પાંચ વર્ષીય બાળકને સિંહણ ઉઠાવી ગઈ. બીજા દિવસે, કોડીનારના પીછવી ગામમાં માતાની નજર સામે સિંહણે બે વર્ષની બાળકીને ફાડી ખાધી. ત્યારબાદ, ૨૭ નવેમ્બરે ખાંભાના ગદરડીમાં ૩૮ વર્ષીય યુવક પર હુમલો થયો અને અગાઉ સાવરકુંડલાના જેજાદમાં પણ બે ગોવાળો પર સિંહણે હુમલો કર્યો હતો. આ ચારેય ઘટનાઓમાં હુમલાખોર સિંહણ હતી. આંકડા દર્શાવે છે કે, સિંહો દ્વારા માનવો પર પ્રતિવર્ષ સરેરાશ ૧૯ જેટલા હુમલા થાય છે.

### પાલતું પશુઓ પરના હુમલામાં ચિંતાજનક વધારો

સિંહોના વસવાટ વિસ્તારના વિસ્તરણને કારણે પાલતું પ્રાણીઓ પરના હુમલા માં પણ નોંધપાત્ર વધારો થયો છે. પાંચ વર્ષના આંકડા મુજબ ૨૦૧૯-૨૦માં ૨,૬૦૫ હુમલા હતા, જે ૨૦૨૩-૨૪માં વધીને ૪,૩૮૫ થયા છે. આ ૬૮ ટકાનો વધારો સૂચવે છે કે, સિંહો હવે માનવ વસાહતોની નજીક વધુ આવતા થયા છે, જેના કારણે માનવ-પશુ અને સિંહ વચ્ચેનું ઘર્ષણ સતત વધી રહ્યું છે. ગીર ઈસ્ટ અને શેત્રુંજી ડિવિઝન હવે હિટ ઝોન તરીકે ઓળખાવા માંડયા છે.

# સિંહોના મોત રોકવા મંથલી મોનિટરિંગ કમિટીની ટકોર છતાં પીજીવીસીએલ બેજવાબદાર

## ખેતર ફરતે મુકાતા ઝટકા મશીન બાબતે કોઈ સ્પષ્ટતા નહીં : ડીસીએફ સીસીએફ દ્વારા પત્ર લખવા છતાં પીજીવીસીએલ બેધ્યાન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ ગીર વિસ્તાર અને તેની બોર્ડર પર વસતા સિંહ સહિતના વન્યપ્રાણીઓના વીજ કરંટના કારણે થતાં કમકમાટીભર્યા મોતનો ગંભીર મામલો હવે વીજ તંત્રની ઘોર બેદરકારીના કારણે વધુ ચર્ચામાં આવ્યો છે. મંથલી મોનિટરિંગ કમિટી દ્વારા વારંવાર ટકોર કરવા અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા લેખિત માર્ગદર્શન માંગવા છતાં, પીજીવીસીએલ (PGVCL) ના અધિકારીઓ આ ગંભીર મુદ્દે સ્પષ્ટતા આપવામાં અને અન્ય સરકારી વિભાગોને જવાબ આપવામાં નિષ્ફળ રહ્યા છે. એક વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં, વીજ તંત્ર આ મુદ્દે આંખ આડા કાન કરી રહ્યું હોવાનો સ્પષ્ટ અહેવાલ છે.

### ઝટકા મશીન: અસ્પષ્ટતા અને વન્યજીવ સંકટ

ગીરની સરહદો પર આવેલા ખેતીવાડી વિસ્તારોમાં ખેડૂતો દ્વારા પાકનું રક્ષણ કરવા માટે ખેતર ફરતે ગેરકાયદે વીજ કરંટ કે ઝટકા મશીન મૂકવામાં આવે છે, જેના કારણે અવારનવાર નિર્દોષ સિંહ અને અન્ય વન્યજીવો મોતને ભેટે છે. રેન્જ આઈજીના અધ્યક્ષ સ્થાને મળેલી મંથલી મોનિટરિંગ કમિટી દ્વારા આ ઝટકા મશીનોના ઉપયોગ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.કમિટી દ્વારા પીજીવીસીએલ પાસે સચોટ માર્ગદર્શનની માંગ કરવામાં આવી હતી કે, ઝટકા મશીનમાં કેટલા વોલ્ટેજ હોવા જોઈએ? હાલમાં કેટલા વોલ્ટેજના મશીનો મુકાય છે? પાવર સપ્લાય, વોલ્ટેજ, બેટરી ઓપરેશન વગેરે બાબતે માહિતી આપવામાં આવે તો, વન વિભાગ દ્વારા ચેકિંગની કામગીરી સચોટ અને અસરકારક રીતે થઈ શકે.

### પાવર વોલ્ટેજ અને પ્રેઝેન્ટેશનના મુદ્દે મૌન

ઝટકા મશીન ઉપરાંત, કમિટી દ્વારા ટ્રાન્સમિશન લાઈન અને ટ્રાન્સફોર્મર સહિતના મુદ્દે પણ કામગીરી કરવા સૂચના અપાઈ હતી. ખાસ કરીને ટ્રાન્સમિશન લાઈન પર દિવસે ઓછા વોલ્ટેજ રાખી રાત્રે વધુ વોલ્ટેજ રાખવાથી નાના વન્યપ્રાણીઓના મૃત્યુ થઈ શકે છે, તેથી આ પાવર વોલ્ટેજને કાબૂમાં રાખવા માટે પીજીવીસીએલના અધિકારીઓને પાવર વોલ્ટેજના ઈશ્યુ બાબતે સચોટ માર્ગદર્શન અને માહિતી આપવા માટે સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત, પીજીવીસીએલ સાથે મળીને એક એસઓપી બનાવીને વન વિભાગને પ્રેઝેન્ટેશનના રૂપમાં માહિતી આપવા પણ સૂચના અપાઈ હતી.આ સૂચનાને લગભગ એક વર્ષ જેટલો સમય વીતી ચૂક્યો છે, તેમ છતાં પીજીવીસીએલ માત્ર વનતંત્ર જ્યારે બોલાવે ત્યારે ચેકિંગમાં જ મદદરૂપ થાય છે. ઝટકા મશીનના યોગ્ય પાવર વોલ્ટેજ કે એસઓપી મુદ્દે વીજ તંત્રએ કોઈ જવાબ આપ્યો નથી, કે પ્રેઝેન્ટેશન રજૂ કર્યું નથી.

# દ્વારિકાના સભા ભવનમાં ભગવાન શ્રી કૃષ્ણને પરેશાન જોતા નારદજી એ કહ્યું...

ગુરુ ગોવિંદ દો નો ખડે કિસ્કો લાગુ પાય..

યુગો યુગો થી કાશી નગરી એ ગંગાજી ના પ્રવાહ માં દક્ષિણ તરફ નમેલું છે આ કારણ પાછળ નું રહસ્ય શું હશે? જે કદાચ સાયન્સ કે ભૌગોલિક જાણકારો ની સમજ ની બહાર ની વાત છે,કેમ? સાયન્સ અને ભૂગોળ કરતા પણ વધારે જાણકારી ધાર્મિક ગ્રંથો ની ગર્તા માં છુપાયેલ છે. ધર્મ નું સાયન્સ અને ભૂગોળ પહેલા પૃથ્વી પર અસ્તિત્વ હતું એટલે કુદરતી રહસ્યો ની માહિતી શાસ્ત્રો માં ખોળવા પ્રયત્ન કરશો તો અચૂક જવાબ મળી જશે. જ્યારે સાયન્સ નું અસ્તિત્વ નહતું ત્યારે લોકો ગ્રહણ, સમય અને તિથિઓ વિશે ધર્મ ગ્રંથો દ્વારા જાણકારી મેળવતા હતા.જ્યારે પ્રથમ વખત વારાણસી જવાનું થયું ત્યારે મણિકર્ણિકા ઘાટ પરથી કાશી નગરીને ગંગાજી પ્રવાહ માં દક્ષિણ તરફ નમેલું નિહાળતા જ ખૂબ આશ્ચર્ય થયું હતું. મણિકર્ણિકા ઘાટ પર ઊભા રહીને જોતો ગંગાજી નો પ્રવાહ ની ઊંચાઈ જમીન કરતા વધારે લાગતી હતી.મોટાભાગ ના લોકો ભારતીય હિન્દુ સંસ્કૃતિ ના મુખ્ય ધામ ગણાતા "વારાણસી માં આવેલ કાશી વિશ્વનાથ" ના દર્શને ગયા જ હશે.વારાણસી એ ગંગાજી ના દક્ષિણ તરફ નમેલું કેમ છે?

આ વિશે ભાગવતજી ના દસમા સંકધ માંનો અધ્યાયની કથા વાંચતા સમજાયું કે વર્તમાન નું વારાણસી એ દક્ષિણ તરફ નમેલું છે એની પાછળ નું કારણ ગુરુ નું અપમાન છે. જે રીતે પાંડવો ના ગુરુ અને સખા ભગવાન શ્રી કૃષ્ણ હતા એ જ રીતે ભગવાન બલરામજી એ કૌરવો ના કુળદીપક દુર્યોધન ના ગુરુ હતા.બલરામજીની બધી જ વાત નું અનુમોદન દુર્યોધન કરતા હતા. જેમ બલરામજી એ દુર્યોધન ને ગદા યુદ્ધ ની શિક્ષા આપી હતી એમ ભીમ ને પણ ગદા યુદ્ધ ની તાલીમ પણ આપી હતી છતાંય બન્ને શિષ્યોમાં બલરામજી નો પ્રિય શિષ્ય દુર્યોધન હતો. ભલે દુષ્ટ શકુનીના સાનિધ્યમાં રહેતા દુર્યોધન ની બુદ્ધિ દુષ્ટ બની ગઈ હતી પરંતુ એની બુદ્ધિ ક્ષમતા તેજ હતી એટલે બલરામજી દ્વારા શીખવવા માં આવેલ ગદા યુદ્ધ વિશે નું જ્ઞાન ભીમ કરતા દુર્યોધનમાં વધારે હતું.આ કારણોસર ભીમ ના બદલે દુર્યોધન એ ભગવાન બલરામજી નો પ્રિય શિષ્ય હતો.

હસ્તિનાપુર માં દુર્યોધન ની પુત્રી લક્ષ્મણાનો સ્વયંવર થયો ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ ના પુત્ર સામ્બ એ બળ જબરી પૂર્વક લક્ષ્મણા નું અપહરણ કરીને નાસી છૂટ્યો હતો. દુર્યોધન ની પુત્રી લક્ષ્મણા તો સામ્બને બિલકુલ પસંદ પણ કરતી નહતી છતાંય એણે એનું અપહરણ કર્યું એટલે દુર્યોધન સહિત બધા સભાસદો નો ગુસ્સો ભડકા ની માફક સળગવા લાગ્યો. સભાપતિ એ દુર્યોધન ની લાગણી સમજી ને કૌરવ સેના ના સેનાપતિ કર્ણ ને સૈનિકો સાથે સામ્બને પકડી ને લક્ષ્મણા ને લાવવા મોકલ્યા.હસ્તિનાપુર થી અમુક અંતરે પહોંચેલ સાંબ ને પરાસ્ત કર્યા બાદ સેનાપતિ કર્ણ એને કુનેહ થી કેદ કર્યો.દુર્યોધન ની પુત્રી લક્ષ્મણા ને સુરક્ષિત મહેલ માં પરત લાવ્યા હતા. પુત્ર સામ્બ ને મહેલ કે નગર માં ન નિહાળતા ભગવાન શ્રી કૃષ્ણ ને ચિંતા થતા એની બધેય શોધખોળ કરતા ખબર પડી કે દુર્યોધન ની પુત્રી ના સ્વયંવર માં ગયેલ સામ્બ દ્વારિકા પરત ફર્યો નથી.



**દક્ષિણ તરફ નમેલું કાશી**

**- રુપાલી દવે**

દ્વારિકા ના સભા ભવન માં ભગવાન શ્રી કૃષ્ણ ને પરેશાન જોતા નારદજી એ કહ્યું કે દેવ,સ્વયંવર માં દુર્યોધન ની પુત્રી લક્ષ્મણા નું અપહરણ કરીને નાસી રહેલ બાળક સામ્બ ને સેનાપતિ કર્ણ એ ચાલાકી થી જીતીને હસ્તિનાપુર ની જેલમાં કેદ કર્યો છે. નારદજી ના મુખે સામ્બને કેદ ની વાત સાંભળતા જ ભગવાન શ્રી કૃષ્ણ થી લઈને બધા યાદવો ગુસ્સે થઈને બોલ્યા કે કૌરવો ને એના બળ નું એટલું જ અભિમાન છે તો યાદવો સાથે યુદ્ધ થઈ જાય.ભગવાન બલરામ જી એ બધા ને શાન સમજણ આપીને સમજાવ્યું કે આટલી નાની વાત માં યુદ્ધ શું કામ? સમજણ થી કામ લ્યો. હું પોતે હસ્તિનાપુર જઈને શિષ્ય દુર્યોધન ને એની પુત્રી લક્ષ્મણા સાથે સામ્બને વિદાઈ કરવાનું સમજાવીશ.

જ્યારે ભગવાન બલરામજી નું હસ્તિનાપુર માં આગમન થયું છે આ સમાચાર સાંભળતા જ દુર્યોધન સહિત બધા સભાસદો ખુશ થઇ ગયા. દુર્યોધન સહિત બધા સભાસદો ભગવાન બલરામજી નું ધામધૂમ થી સ્વાગત કરવા એ સ્થાન પર ગયા.ગુરુ શિષ્ય પરંપરા અનુસાર દુર્યોધન એ ખૂબ જ સ્નેહ થી આવકાર આપીને બલરામજી ની સેવા પૂજા,ભોગ અને દક્ષિણા અર્પણ કર્યા બાદ હસ્તિનાપુર પધારવા આગ્રહ કર્યો. દુર્યોધન ની લાગણીઓ ને સન્માન આપવા માટે ભગવાન બલરામજી એ કહ્યું કે શિષ્ય,અમે એવું ઈચ્છીએ છીએ કે હસ્તિનાપુર ની કેદ માંથી પુત્ર સામ્બ ને મુક્ત કરીને તારી પુત્રી લક્ષ્મણા સાથે વિવાહ થાય. દુર્યોધન સહિત બધા સભાસદો ભગવાન બલરામજી ની વાત સાંભળતા જ ગુસ્સા માં બોલ્યા કે કેવી વાત કરો છો? ક્યાં રંક અને ક્યાં રાજા? શ્રી કૃષ્ણ ના પુત્ર અને દુર્યોધન ની પુત્રી ની સરખામણી કોઈ વાતે શક્ય નથી? આ તો અમારા દીધેલ ઉપહારો ના લીધે શરૂ કૃષ્ણ નો પરિવાર રાજા જેવું જીવન જીવે છે બાકી ક્યાંય ભાળિયું છે જંગલ માં ઢોર ચરાવનાર ગોપાલક નું રાજા જેવું વૈભવી જીવન. તમારા લોકો પાસે છે શું? નથી ઘર કે નથી જમીન કે મિલ્કત. માતાના પિતાના ઘર ના બધા સુખો ભોગો ભોગવો છો એમાં નાનકડી ટાંકણી જેટલું પણ તમારું કહી શકાય નહી..જાવ જાવ ત્વરિત હસ્તિનાપુર થી રવાના થાવ સામ્બ ને ભૂલી જાવ ને લક્ષ્મણા એ રાજા ની પુત્રી છે એટલે એના લગ્ન ગોવાળિયા ના દિકરા સાથે નહી એને યોગ્ય રાજ કુંવર સાથે જ થશે. આમ બલરામજી ને ચિત્ર વિચિત્ર બોલી ને દુર્યોધન સહિત બધા હસ્તિનાપુર તરફ રવાના થઈ ગયા.

ભગવાન બલરામજી આકાશ તરફ જોઈને ગુસ્સે થઈને ખડખડાટ હસતા હસતા હાથ માં હળ ઉઠાવી ને બોલ્યા કે "આજ અત્યારે જ સમગ્ર કાશી નગરી ને ગંગાજી માં ડૂબાડી દઈશ" હળ વડે કાશી નગરી ને ગંગાજી ના પ્રવાહ માં ખેંચવા લાગ્યા એ ભેગા ભયાનક ધરતી કંપ થતા જ આખું હસ્તિનાપુર (કાશી નગરી) ધ્રુજવા લાગ્યું. ધરતી કંપ માં ધ્રુજતુ હસ્તિનાપુર ધીમે ધીમે ગંગાજી ના પ્રવાહ માં ડૂબવા માંડ્યું. દુર્યોધન વગેરે ને ગુરુ બલરામજી ના અપમાન કર્યા નો એહસાસ થતા જ એણે પોતાના મુખે થી બોલાયેલ વાક્યો બદલ માફી માંગતા પુત્રી લક્ષ્મણા ને

સામ્બને આપવાનું વચન આપતા જ ભગવાન બલરામજી એ હળ ને ધરતી માંથી બહાર કાઢી નાખ્યું.

વિદ્વાનનો ના મત અનુસાર શિષ્ય એ ગુરુ નું અપમાન કર્યું એટલે ગુરુ એ શિષ્ય ને સબક શીખવ્યો કરવા કરતા મદ માં અંધ દુર્યોધન ને એના ગુરુ ના મૂલ્ય ની ખબર નહતી એટલે જ એણે ગુરુ ને સહજ અપમાનિત કર્યા. ભગવાન બલરામજી શેષ નો અવતાર છે સમગ્ર ધરા શેષ નાગના માથા પર ટકેલી છે આ વાત થી દુર્યોધન તો અજાણ હતો પરંતુ ગંગાજી સભાન હતા એટલે બલરામજી ના હળ જમીન પર પડતાં જ ગંગાજી એ હસ્તિનાપુર ની જમીનને પોતાના ધસમસતા પ્રવાહ માં ખેંચવા લાગ્યા હતા.

અમદાવાદ એક્સપ્રેસ
THURSDAY • 04-12-2025

# સ્કારલેટ જોહાન્સને વુડી એલનનું કર્યું ખુલ્લું સમર્થન

**જાહેર દબાણ કરતાં પોતાની માન્યતા પર અડગ રહેવું મહત્ત્વનું : વુડી એલન નિર્દોષ છે, માર્વેલ સ્ટારનું નિવેદન**



હોલિવૂડ અભિનેત્રી સ્કારલેટ જોહાન્સન ફરી એકવાર નિર્દેશક વુડી એલનના સમર્થનમાં સામે આવી છે. વુડી એલન પર તેમની સાવકી દીકરી ડાયલન ફેરો દ્વારા જાતીય સતામણીના આરોપો લગાવવામાં આવ્યા હતા, છતાં સ્કારલેટે તેમની નિર્દોષતામાં પોતાનો વિશ્વાસ પુનઃ વ્યક્ત કર્યો છે. અભિનેત્રીએ દાવો કર્યો કે જાહેર દબાણ કરતાં પોતાના સત્ય માટે અડગ રહેવું તેના માટે વધુ મહત્ત્વનું છે. સત્ય અને અખંડિતતા માટે ઊભા રહેવું જરૂરી. ધ ડેઈલી ટેલિગ્રાફ સાથેની એક મુલાકાતમાં સ્કારલેટને પૂછવામાં આવ્યું હતું કે શું વુડી એલનનો બચાવ કરવા બદલ તેમણે કોઈ મિત્રો ગુમાવ્યા છે? જેના જવાબમાં અભિનેત્રીએ કહ્યું કે, 'ચોક્કસપણે શું અસર થાય છે તે જાણવું મુશ્કેલ છે.' જોકે, તેમણે ઉમેર્યું, 'મારા મમ્મીએ હંમેશા મને પોતાની જાત બનવા માટે પ્રોત્સાહિત કરી છે, તે માનવા માટે કે અખંડિતતા જાળવવી અને તમે જેમાં વિશ્વાસ કરો છો તેના માટે અડગ રહેવું મહત્ત્વનું છે.' સ્કારલેટ જોહાન્સન એ ગણતરીના હોલિવૂડ કલાકારોમાંથી એક છે જેમણે વુડી એલનને જાહેરમાં સમર્થન આપ્યું છે. નિર્દેશકે સતત આરોપોનો ઈનકાર કર્યો છે. આ આરોપો સૌપ્રથમ ૧૯૯૨માં સામે આવ્યા હતા અને મી ટૂ મૂવમેન્ટ દરમિયાન ફરી ચર્ચામાં આવ્યા હતા. જોકે, તપાસ બાદ ન્યૂયોર્ક સત્તાવાળાઓએ આ કેસને આગળ ન વધારવાનો નિર્ણય લીધો હતો. સ્કારલેટે ૨૦૧૯ માં પણ કહ્યું હતું, 'હું વુડીને પ્રેમ કરું છું. હું તેનામાં વિશ્વાસ કરું છું, અને હું તેની સાથે ગમે ત્યારે કામ કરીશ.' સ્કારલેટ જોહાન્સને વુડી એલન સાથે ત્રણ ફિલ્મોમાં કામ કર્યું છે: મેચ પોઈન્ટ (૨૦૦૫), સ્કૂપ (૨૦૦૬) અને વિકી ક્રિસ્ટીના બાર્સેલોના (૨૦૦૮).

# ધર્મેન્દ્રની અસ્થિઓ ગંગાજીમાં વિસર્જિત: પૌત્ર કરણ દેઓલે કર્યા અંતિમ સંસ્કાર



બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રના નિધન બાદ દેઓલ પરિવાર હજી શોકમાં ગરકાવ છે. ૨૪ નવેમ્બરે ૮૯ વર્ષની વયે તેમનું નિધન થયું હતું. આજે, દિવંગત અભિનેતાની અસ્થિઓ પવિત્ર ગંગાજીમાં પ્રવાહિત કરવામાં આવી છે. અભિનેતા સની દેઓલ તેમના પુત્ર કરણ દેઓલ અને પરિવારના અન્ય સભ્યો સાથે હરિદ્વાર પહોંચ્યા હતા. અસ્થિ વિસર્જનની મુખ્ય વિધિ સ્વર્ગસ્થ અભિનેતાના પૌત્ર એટલે કે સની દેઓલના પુત્ર કરણ દેઓલ દ્વારા કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ અનુસાર, દેઓલ પરિવાર સવારે લગભગ ૧૧:૦૦ વાગ્યે હરિદ્વારના શ્રવણ નાથ નગર ક્ષેત્રમાં સ્થિત પીળીભીત હાઉસના ઘાટ પર પહોંચ્યો હતો. ત્યાં પંડિતોની હાજરીમાં સંપૂર્ણ ધાર્મિક રીત-રિવાજો અને પૂજન સાથે ધર્મેન્દ્રની અસ્થિ વિસર્જનની વિધિ સંપન્ન કરવામાં આવી હતી. લાંબી બીમારી બાદ ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ મુંબઈમાં ધર્મેન્દ્રનું નિધન થયું હતું. નોંધનીય છે કે ૮ ડિસેમ્બરે તેમનો ૯૦મો જન્મદિવસ હતો. તેમના નિધન પહેલા તેઓ ઘણા દિવસો સુધી બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ હતા. હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયા બાદ ઘરે પરત ફર્યા હતા, પરંતુ ૨૪ નવેમ્બરે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધન બાદ મુંબઈમાં પ્રાર્થના સભા (પ્રેયર મીટ)નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉંમરે પણ ધર્મેન્દ્ર ફિલ્મોમાં સક્રિય હતા. તેમના અવસાન બાદ હવે તેમની છેલ્લી ફિલ્મ 'ઈક્કીસ' ૨૫ ડિસેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. શ્રીરામ રાઘવન દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

**સોશિયલ મીડિયા પર શેર કરેલો પ્રેમ પત્ર વાંચી થશે હેરત**

# કરીનાએ પતિ સૈફ અલી ખાન માટે લખ્યો મજેદાર પત્ર





બોલિવૂડની સૌથી લોકપ્રિય અને પસંદગીની જોડીમાંથી એક, કરીના કપૂર ખાન અને સૈફ અલી ખાન હંમેશા ચર્ચામાં રહે છે. કરીના કપૂરે આજે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર પતિ સૈફ માટે એક ખાસ અને મજેદાર પત્ર લખ્યો છે, જેને વાંચીને ઘણા લોકોને આશ્ચર્ય થયું છે. કરીના કપૂર ખાને ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આ પત્ર શેર કર્યો હતો. આ પત્રમાં તેમણે મજાકિયા અંદાજમાં એક માતા તરીકેની પોતાની સ્થિતિ વ્યક્ત કરી છે. કરીનાએ લખ્યું છે કે, 'હાય સૈફ, હું તો બસ એક માતા છું, જે પોતાના પતિની સામે ઊભી છે અને કંઈક કહેવા માંગે છે. પણ હવે યાદ નથી કે શું કહેવું હતું, કારણ કે આપણા બાળકો આપણને ૧૭૫ વાર ટોકી ચૂક્યા છે.' આ પત્ર દ્વારા કરીનાએ બાળકો તૈમૂર અને જેહની હાજરીમાં કપલ્સ વચ્ચેની વાતચીતની સ્થિતિનું હળવું ચિત્રણ કર્યું છે. કરીના અને સૈફ અલી ખાને ૧૬ ઓક્ટોબર, ૨૦૧૨ના રોજ કોર્ટ મેરેજ કર્યા હતા, જે પછી એક ભવ્ય રિસેપ્શન યોજાયું હતું. લગ્ન પહેલા બંને લગભગ પાંચ વર્ષ સુધી રિલેશનશિપમાં હતા. આ કપલને બે દીકરા છે: તૈમૂર અલી ખાન (જન્મ ડિસેમ્બર ૨૦૧૬) અને જહાંગીર અલી ખાન (જેહ) (જન્મ ફેબ્રુઆરી ૨૦૨૧). કરીના કપૂર ખાન જલ્દી જ દિગ્દર્શક મેઘના ગુલઝારની આગામી ક્રાઈમ-ડ્રામા થ્રિલર ફિલ્મ 'દાયરા'માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મમાં તેમની સાથે અભિનેતા પૃથ્વીરાજ સુકુમારન પણ છે. 'દાયરા' અપરાધ, સજા અને ન્યાય વચ્ચેના સંઘર્ષને દર્શાવશે અને સમાજની જટિલતાઓ પર પ્રકાશ પાડશે.

**સાહસ અને સાદગીની મિસાલ**

# ૪ વર્ષની ઉંમરે ડેબ્યૂ, 3 નેશનલ એવોર્ડ જીતનાર કોંકણા સેન શર્મા



ભારતીય સિનેમામાં પોતાની સાદગી અને દમદાર અભિનયથી એક અલગ ઓળખ બનાવનાર અભિનેત્રી કોંકણા સેન શર્મા આજે પોતાનો ૪૬મો જન્મદિવસ મનાવી રહ્યા છે. તેમનો જન્મ ૩ ડિસેમ્બર, ૧૯૭૯ના રોજ કોલકાતા, પશ્ચિમ બંગાળમાં થયો હતો. તે એક ફિલ્મમેકર પરિવારમાંથી આવે છે; તેમના માતા અપર્ણા સેન પ્રખ્યાત અભિનેત્રી અને નિર્દેશક છે, જ્યારે પિતા મુકુલ શર્મા એક જાણીતા પત્રકાર હતા. કોંકણા સેન શર્માની ફિલ્મી સફર માત્ર ૪ વર્ષની ઉંમરે શરૂ થઈ ગઈ હતી. ૧૯૮૩માં તેમણે બંગાળી ફિલ્મ 'ઈન્દિરા'માં બાળ કલાકાર તરીકે ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મનું દિગ્દર્શન તેમની માતા અપર્ણા સેન દ્વારા જ કરવામાં આવ્યું હતું. જોકે, અભિનેત્રી તરીકેની તેમની પ્રથમ મોટી સફળતા માતા દ્વારા નિર્દેશિત અંગ્રેજી ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ ઐયર' માં મળી હતી, જેના માટે તેમને 'શ્રેષ્ઠ અભિનેત્રી'નો નેશનલ એવોર્ડ મળ્યો હતો. કોંકણાના હિન્દી ફિલ્મોમાં કારકિર્દીની શરૂઆત ૨૦૦૫માં 'પેજ 3' થી થઈ હતી, જેમાં તેમણે પત્રકાર માધવી શર્માની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મને ત્રણ નેશનલ એવોર્ડ મળ્યા હતા. ત્યાર પછી, ૨૦૦૬માં આવેલી 'ઓમકારા'માં તેમના અભિનયને ખૂબ વખાણવામાં આવ્યો અને તેના માટે તેમને 'શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી'નો નેશનલ એવોર્ડ પણ મળ્યો. ઉપરાંત, 'લાઈફ ઈન એ મેટ્રો' અને રણબીર કપૂર સાથેની 'વેક અપ સિડ' જેવી ફિલ્મોમાં પણ તેમના અભિનયને પ્રેક્ષકોએ ખૂબ પસંદ કર્યો હતો. કોંકણા માત્ર અભિનેત્રી જ નહીં, પણ એક સફળ દિગ્દર્શક પણ છે. ૨૦૧૭માં તેમણે 'એ ડેથ ઈન ધ ગંજ' દ્વારા દિગ્દર્શનની શરૂઆત કરી અને 'બેસ્ટ ડેબ્યૂ ડિરેક્ટર'નો ફિલ્મફેર એવોર્ડ જીત્યો. તાજેતરમાં, તેમણે 'લસ્ટ સ્ટોરીઝ 2' ના એક સેગમેન્ટનું પણ નિર્દેશન કર્યું હતું. હાલમાં, તેમની ક્રાઈમ થ્રિલર વેબ સિરીઝ 'ધ નૈના મર્ડર કેસ' OTT પર રિલીઝ થઈ છે, જેની ખૂબ ચર્ચા થઈ રહી છે.

# શું માઈલી સાયરસે બોયફ્રેન્ડ મેક્સ મોરાન્ડો સાથે સગાઈ કરી?

**અવતાર પ્રીમિયરમાં હીરાની વીંટીએ શરૂ કરી સગાઈની ચર્ચા : મેક્સ મોરાન્ડોના પિતાએ સોશિયલ મીડિયા પર અભિનંદન આપ્યા?**



અમેરિકન સિંગર માઈલી સાયરસ ફરી એકવાર પોતાની અંગત જિંદગીને લઈને ચર્ચામાં છે. સંગીતકાર મેક્સ મોરાન્ડો સાથે લાંબા સમયથી સંબંધમાં રહેલી માઈલીએ, લોસ એન્જલસમાં યોજાયેલા 'અવતાર: ફાયર એન્ડ એશ'ના પ્રીમિયરમાં હાજરી આપીને સગાઈની અટકળોને વેગ આપ્યો છે. તેનું કારણ છે તેના ડાબા હાથમાં પહેરેલી ચમકતી હીરાની વીંટી. માઈલી સાયરસ અને મેક્સ મોરાન્ડો હોલીવુડના આઈકોનિક ડોલ્બી થિયેટરમાં રેડ કાર્પેટ પર આવ્યા કે તરત જ અફવાઓ શરૂ થઈ ગઈ. અભિનેત્રી તેના પાર્ટનર સાથે તસવીરો ક્લિક કરાવી રહી હતી, ત્યારે ચાહકોની નજર તેના ડાબા હાથની રિંગ ફિંગર પર પડેલી મોટી હીરાની વીંટી પર પડી, જેને અવગણવી મુશ્કેલ હતું. રસપ્રદ વાત એ છે કે, આ વીંટી માઈલીના ૨૩ નવેમ્બરના જન્મદિવસની ઉજવણી દરમિયાન તેના ઈન્સ્ટાગ્રામ પર પણ જોવા મળી હતી. જોકે, આ પ્રીમિયરમાં આ વીંટીને મુખ્ય આકર્ષણ મળ્યું હતું. ભલે માઈલી કે મેક્સ મોરાન્ડોમાંથી કોઈએ સગાઈની સત્તાવાર પુષ્ટિ કરી નથી, પરંતુ મોરાન્ડોના પિતાએ ઈન્સ્ટાગ્રામ પર આ કપલને અભિનંદન આપ્યા હોવાના મીડિયા અહેવાલથી આ અટકળો વધુ તીવ્ર બની છે. માઈલી અને મોરાન્ડોના સંબંધોની શરૂઆત ૨૦૨૧માં એક બ્લાઈન્ડ ડેટ દ્વારા થઈ હતી. શરૂઆતમાં બંનેએ પોતાના સંબંધોને ગુપ્ત રાખ્યા હતા, પરંતુ પછીના વર્ષે તેની પુષ્ટિ કરી હતી. તેમ છતાં, તેમની જાહેર હાજરી ઓછી રહે છે, જેના કારણે 'અવતાર' પ્રીમિયરની તેમની રેડ કાર્પેટ હાજરી વધુ મહત્વપૂર્ણ બની રહી છે. પ્રીમિયર દરમિયાન માઈલીએ સ્ટ્રેપલેસ સીક્વિન બોડિસ અને વોલ્યુમનસ સ્કર્ટ સાથેનો ડ્રામેટિક બ્લેક ગાઉન પહેર્યો હતો, જ્યારે મોરાન્ડોએ ક્લાસિક બ્લેક સૂટમાં તેણીને સારો સાથ આપ્યો હતો. મેક્સ મોરાન્ડોનો સંબંધ માત્ર માઈલી સાથે જ નથી, પરંતુ તેમણે જેમ્સ કેમરૂનની આ ફિલ્મ માટે 'ડ્રીમ એઝ વન' નામનું ગીત પણ લખ્યું છે.



# 'અવતાર: ફાયર એન્ડ એશ'ના પ્રીમિયર બાદ ટ્વિટર પર પ્રશંસા

મુંબઈ: હૉલીવુડના સુપ્રસિદ્ધ દિગ્દર્શક જેમ્સ કેમરૂનની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'અવતાર: ફાયર એન્ડ એશ' દુનિયાભરમાં પ્રીમિયર થયા બાદ સોશિયલ મીડિયા પર તેની ભરપૂર પ્રશંસા થઈ રહી છે. ફિલ્મ ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં આવવાની છે, પરંતુ રિલીઝ પહેલા જ ચાહકો અને વિવેચકોએ તેને વર્ષની સૌથી મોટી અને 'સિનેમેટિક' ફિલ્મ ગણાવી છે. અવતાર ફ્રેન્ચાઈઝીના ચાહકો આ ફિલ્મના ભવ્ય વિઝ્યુઅલ્સ અને દમદાર વાર્તાથી દીવાના થઈ ગયા છે. મીડિયા અહેવાલ મુજબ, એક ચાહકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું કે, 'આ અત્યાર સુધીની સૌથી સારી અવતાર ફિલ્મ છે.' બીજા એક ચાહકે ફિલ્મના વખાણ કરતા જણાવ્યું કે, 'દિલને સ્પર્શી જાય તેવી વાર્તા, જબરજસ્ત એક્શન અને અવિશ્વસનીય દ્રશ્યો છે.' ઘણા પ્રેક્ષકોએ ભારપૂર્વક જણાવ્યું છે કે આ ફિલ્મ માત્ર આઈમેક્સ 3D વર્ઝનમાં જ જોવી જોઈએ. એક યુઝરે પોતાનો પ્રતિભાવ આપતા કહ્યું કે, 'જેમ્સ કેમરૂને ફરી એકવાર સાબિત કરી દીધું કે મોટા પડદાનો સાચો અર્થ શું હોય છે.' અન્ય એક ચાહકે ચેતવણી આપતા કહ્યું, 'આ ફિલ્મ માત્ર આઈમેક્સ 3D માં જ જોવી.

**હુસૈન માધુરીને 'મા'ના રૂપમાં જોવા હજારો કિલોમીટર આવ્યા હતા : કલાકારની શરૂઆત, પણ વાર્તા દર્શક પૂરી કરે છે**

# માધુરી દીક્ષિતે એમએફ હુસૈન સાથેની અનમોલ મિત્રતા યાદ કરી



ભારતીય સિનેમાના સુપરસ્ટાર માધુરી દીક્ષિતે અને પ્રખ્યાત ચિત્રકાર એમએફ હુસૈન વચ્ચેની અનોખી મિત્રતા હતી. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં માધુરી દીક્ષિતે ખૂબ જ ભાવુકતા સાથે એમએફ હુસૈન સાથેની તેમની દોસ્તી અને ફિલ્મ 'દેવદાસ'ના શૂટિંગના કેટલાક યાદગાર કિસ્સાઓ શેર કર્યા છે. માધુરી દીક્ષિતે જણાવ્યું કે જ્યારે તે અમેરિકાના ડેનવરમાં રહેતી હતી, ત્યારે હુસૈન સાહેબે અચાનક ફોન કર્યો હતો. તેમણે કહ્યું, 'મેં તને એક કલાકાર, એક સ્ટાર અને એક પત્નીના રૂપમાં જોઈ લીધી... હવે તને માના રૂપમાં જોવા માંગું છું.' માત્ર આ હેતુથી હુસૈન સાહેબ હજારો કિલોમીટરનો પ્રવાસ કરીને અમેરિકા પહોંચી ગયા હતા, જેથી માધુરીને તેમના બાળકો સાથે નવી ભૂમિકા ભજવતા જોઈ શકે. માધુરીએ યાદ કરતાં કહ્યું કે એમએફ હુસૈન ક્યારેય તેમની પ્રશંસા કે ટીકા કરવામાં ખચકાતા નહોતા. 'તેઓ ઘણીવાર કહેતા કે આ સીન ખૂબ સારો હતો અને ક્યારેક સ્પષ્ટ કહી દેતા કે મને આ ખાસ ન લાગ્યો.' એકવાર માધુરીએ તેમને એક પેઈન્ટિંગનો અર્થ પૂછ્યો, ત્યારે હુસૈને જવાબ આપ્યો, 'મેં ચિત્ર બનાવી દીધું, અર્થ તું કાઢ. કલાકારનો પ્રયાસ માત્ર શરૂઆત છે, વાર્તા દર્શક પૂરી કરે છે.' સંજય લીલા ભણસાલીની ફિલ્મો તેમની ભવ્યતા માટે જાણીતી છે, પરંતુ પડદા પાછળ કલાકારોની મહેનત ઘણી હોય છે. માધુરી દીક્ષિતે 'દેવદાસ'ના આઈકોનિક ગીત 'ડોલા રે ડોલા'નું શૂટિંગ યાદ કર્યું. તેમણે કહ્યું કે, તે ગીતનું શૂટિંગ તેમના અને ઐશ્વર્યા રાય બંને માટે એક પરીક્ષાથી ઓછું નહોતું.

# કલ્કિ 2898 AD સીક્વલ: દીપિકાની જગ્યાએ પ્રિયંકા ચોપરાનું નામ ચર્ચામાં



કલ્કિ 2898 AD ફિલ્મની સીક્વલ એટલે કે કલ્કિ 2 માં મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગયા સપ્ટેમ્બરમાં જ મેકર્સે સત્તાવાર રીતે જાહેરાત કરી હતી કે અભિનેત્રી દીપિકા પાદુકોણ આગામી સીક્વલનો ભાગ નહીં હોય. જોકે, તેમના ફિલ્મ છોડવાનું ચોક્કસ કારણ હજુ સુધી રહસ્ય જ રહ્યું છે, પરંતુ કેટલાક મીડિયા અહેવાલ મુજબ દીપિકાની ૮ કલાકની શિફ્ટની માંગણીને કારણે આ નિર્ણય લેવાયો હતો. કલ્કિ 2 માં હવે દીપિકાના સ્થાને કઈ અભિનેત્રી આવશે તે અંગે ઉત્સુકતા વધી છે. શરૂઆતમાં અનુષ્કા શેટ્ટી કે સાઈ પલ્લવીના નામની ચર્ચા હતી, પરંતુ તાજેતરના અહેવાલો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સ મુજબ, નિર્માતાઓ હવે ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરાને લેવાનું વિચારી રહ્યા છે. જો પ્રિયંકાને આ રોલ મળશે તો તે ચોક્કસપણે એક મોટો સરપ્રાઈઝિંગ ફેરફાર ગણાશે આ ચર્ચાને કારણે સોશિયલ મીડિયા પર યુઝર્સે જોરદાર પ્રતિક્રિયા આપવાનું શરૂ કરી દીધું છે. એક યુઝરે રમૂજમાં લખ્યું, 'કાશીબાઈ (પ્રિયંકા) આખરે મસ્તાની (દીપિકા)થી એક ડગલું આગળ નીકળી ગઈ... બહુ સરસ.' અન્ય એક યુઝરે આ બદલાવને 'અપગ્રેડ' ગણાવ્યો. જોકે, મેકર્સ દ્વારા આ અંગે સત્તાવાર જાહેરાત થાય તેની રાહ જોવી પડશે. કલ્કિ 2નું દિગ્દર્શન નાગ અશ્વિન કરી રહ્યા છે અને આ ફિલ્મ ૨૦૨૭માં રિલીઝ થવાની સંભાવના છે.

**પ્રભાસ સ્ટારર ફિલ્મમાં દીપિકાના રિપ્લેસમેન્ટની યોજના**

# અભિનેત્રી નેહા શર્મા ED સમક્ષ હાજર, ઓનલાઈન સટ્ટાબાજી કેસમાં પૂછપરછ



મોડેલ અને અભિનેત્રી નેહા શર્મા આજે મંગળવારે નવી દિલ્હી સ્થિત પ્રવર્તન નિર્દેશાલય (ED)ના મુખ્યાલયમાં હાજર થયા હતા. અભિનેત્રીને ઓનલાઈન સટ્ટાબાજી એપ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. ન્યૂઝ એજન્સીના મીડિયા અહેવાલ મુજબ, અભિનેત્રી નેહા શર્મા 1xBet નામના ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે ED સમક્ષ હાજર થયા હતા. અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ૩૮ વર્ષીય અભિનેત્રી નેહા શર્માનું નિવેદન મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA)ના નિયમો હેઠળ રેકોર્ડ કરવામાં આવી રહ્યું છે. એવું માનવામાં આવે છે કે નેહા શર્મા કેટલાક એન્ડોર્સમેન્ટ (જાહેરાતો) દ્વારા આ ઓનલાઈન સટ્ટાબાજી એપ પ્લેટફોર્મ સાથે જોડાયેલા હતા. કેન્દ્રીય તપાસ એજન્સીએ આ જ કેસમાં અગાઉ ક્રિકેટર શિખર ધવન અને સુરેશ રૈનાની પૂછપરછ કર્યા બાદ તેમની ૧૧.૧૪ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. EDના જણાવ્યા મુજબ, 1xBet ભારતમાં કોઈ પણ પ્રકારની સરકારી મંજૂરી વિના ગેરકાયદેસર રીતે ઓપરેટ થઈ રહ્યું હતું.

# સામંથા રૂથ પ્રભુએ લગ્નના તુરંત બાદ યોગ ટીચરનો માન્યો આભાર




સાઉથની સુપરસ્ટાર અભિનેત્રી સામંથા રૂથ પ્રભુએ તાજેતરમાં જ ડિરેક્ટર રાજ નિદિમોરુ સાથે કોઈમ્બતુરમાં એક અંગત સમારોહમાં લગ્ન કર્યા હતા અને તેની કેટલીક તસવીરો પણ સોશિયલ મીડિયા પર શેર કરી છે. હવે, અભિનેત્રીએ તેમના યોગ ટીચર અને ખાસ મિત્ર શિલ્પા રેડ્ડી સાથેનો એક અદ્રશ્ય ફોટો શેર કરીને તેમને ધ્યાન (મેડિટેશન) સાથે જોડાવા બદલ આભાર માન્યો છે. સામંથા રૂથ પ્રભુએ શિલ્પા રેડ્ડી માટે લખ્યું, 'તમે મારા જીવનને જેટલું જાણું છું તેના કરતાં વધુ બદલી નાખ્યું છે. મારી સૌથી મોટી ભેટ માટે તમારો આભાર, જે ૧૫ મિનિટનું ધ્યાન તમે મને કરાવ્યું, તેણે ખરેખર મારા જીવનનો માર્ગ બદલી નાખ્યો.'

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## ઇંગ્લેન્ડના મહાન બેટ્સમેન રોબિન સ્મિથનું ૬૨ વર્ષની વયે નિધન


● કેપ્ટન બેન સ્ટોક્સે કહ્યું: આ સમાચાર દિલને વીંધી નાખે છે : સમગ્ર ક્રિકેટ જગતમાં શોકની લાગણી છવાઈ



બ્રિસ્બેન

ઈંગ્લેન્ડ ક્રિકેટના પૂર્વ અને મહાન બેટ્સમેન રોબિન સ્મિથનું ૬૨ વર્ષની વયે અચાનક નિધન થયું છે. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સએ બુધવારે આ દુઃખદ સમાચાર પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, આ સમાચાર 'તમને ખરાબ રીતે અસર કરે છે અને દિલને વીંધી નાખે છે.' દક્ષિણ આફ્રિકામાં જન્મેલા સ્મિથ ઓસ્ટ્રેલિયાના પર્થમાં રહેતા હતા અને લગભગ પખવાડિયા પહેલા પ્રથમ એસિસ ટેસ્ટમાં હાજરી આપી હતી, જ્યાં તેમણે ઈંગ્લેન્ડના કેટલાક ખેલાડીઓ સાથે મુલાકાત પણ કરી હતી. સોમવારે રોબિન સ્મિથના નિધનના સમાચાર આવ્યા બાદ વિશ્વભરમાંથી તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે. તેમને 'તેમના સમય કરતાં આગળના બેટ્સમેન' તરીકે બિરદાવવામાં આવ્યા છે. સ્મિથે ૧૯૮૮ થી ૧૯૯૬ દરમિયાન ઈંગ્લેન્ડ માટે ૬૨ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં તેમણે ૯ સદી સહિત ૪,૨૩૬ રન બનાવ્યા હતા. બેન સ્ટોક્સએ બ્રિસ્બેનમાં બીજી એસિસ ટેસ્ટની પૂર્વ સંધ્યાએ વાત કરતા કહ્યું કે, જોકે તેઓ સ્મિથને સારી રીતે જાણતા નહોતા, પણ આ સમગ્ર ઈંગ્લિશ ક્રિકેટ માટે દુઃખદ સમય છે. તેમણે ભાવુક થઈને કહ્યું, 'જ્યારે તમે આવા સમાચાર સાંભળો છો, ત્યારે તે તમને ખરાબ રીતે અસર કરે છે. ગયા અઠવાડિયે જ તેઓ અમારા ખેલાડીઓ સાથે વાતચીત કરી રહ્યા હતા અને પ્રથમ ટેસ્ટમાં હાજર હતા. જ્યારે તમને ખ્યાલ આવે કે તે ગયા અઠવાડિયે જ આવું બધું કરી રહ્યા હતા, ત્યારે આ આઘાત વધુ સખત લાગે છે.' રોબિન સ્મિથ તેમના નિર્ભય પ્રદર્શન માટે જાણીતા હતા. તેઓ કર્ટલી એમ્બ્રોઝ, કોર્ટની વૉલ્શ અને વકાર યુનિસ જેવા વિશ્વના સૌથી ઝડપી બોલરો સામે પણ ડર્યા વિના બેટિંગ કરતા હતા.

## ગિલની ગરદનની ઈજા પર પસંદગીકારોની નજર, ટી૨૦ સિરીઝમાં રમશે?



બેંગ્લોર

ભારતીય ટીમનો અનુભવી અને યુવા બેટ્સમેન શુભમન ગિલ હાલમાં ઈજામાંથી સ્વસ્થ થઈને ક્રિકેટમાં વાપસીના માર્ગ પર છે. જોકે, દક્ષિણ આફ્રિકા સામેની આગામી ટી૨૦ સીરીઝમાં તેનું રમવું ફાઇનલ થયું નથી, પરંતુ એવી શક્યતા છે કે તે સિરીઝની કેટલીક મેચોમાં ભાગ લઈ શકે છે. ભારતીય ઓડીઆઇ અને ટેસ્ટ ટીમના કેપ્ટન શુભમન ગિલએ બેંગ્લોર સ્થિત ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના સેન્ટર ઓફ એક્સીલન્સ (COE) માં પોતાનું રિહેબિલિટેશન શરૂ કરી દીધું છે. ગિલ હાલમાં ગરદનની ઈજામાંથી બહાર આવી રહ્યો હોવાથી દક્ષિણ આફ્રિકા સામેની ટી૨૦ સીરીઝમાં તેનો સમાવેશ સંપૂર્ણપણે તેની ફિટનેસ પર નિર્ભર છે. મીડિયા અહેવાલ મુજબ, શુભમન ગિલએ હળવો બેટિંગ અભ્યાસ કર્યો છે અને તેને કોઈ મુશ્કેલી અનુભવાઈ નથી. હવે, આગામી દિવસોમાં તે વધુ સખત તાલીમ કરશે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ગિલ ૫ ડિસેમ્બરના રોજ અંતિમ ફિટનેસ ટેસ્ટ આપશે, જેનાથી નક્કી થશે કે તે ટી૨૦ સીરીઝમાં રમવા માટે સંપૂર્ણપણે ફિટ છે કે નહીં. શુભમન ગિલને દક્ષિણ આફ્રિકા સામેની કોલકાતા ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં બેટિંગ કરતી વખતે ગરદનમાં ઈજા થઈ હતી. આ ઈજાના કારણે તેને રિટાયર્ડ હર્ટ થવું પડ્યું હતું અને તે મેચમાં ફરી ભાગ લઈ શક્યો ન હતો. ઈજાને કારણે તેને બીજી ટેસ્ટ અને ઓડીઆઇ સિરીઝમાંથી બહાર રાખવામાં આવ્યો હતો.

# હવે 'કિંગ' નહીં અટકે! વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 84મી સદી ફટકારી

**રાયપુર વનડેમાં દક્ષિણ આફ્રિકા સામે લગાવી 53મી વનડે સદી**

**દક્ષિણ આફ્રિકા સામે સતત ત્રણ વનડે ઈનિંગ્સમાં સદી ફટકારી ઈતિહાસ રચ્યો** | **રોહિત શર્માથી તાજ છીનવવા 'કિંગ' વિરાટ કોહલીનો મજબૂત દાવો**

રાયપુર:

ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન અને પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીનું ધમાકેદાર પ્રદર્શન ચાલુ છે. રાયપુરમાં દક્ષિણ આફ્રિકા સામે રમાઈ રહેલી બીજી વનડે મેચમાં તેમણે પોતાના વનડે કરિયરની 53મી સદી ફટકારી છે. આ વિરાટની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની 84મી સદી પણ છે, જે તેમણે ૯૦ બોલમાં પૂરી કરી. આ સદી સાથે કોહલીએ માત્ર સતત બીજી મેચમાં જ નહીં, પરંતુ સતત ત્રીજી મેચમાં ૫૦ કે તેથી વધુ રન બનાવ્યા છે. વિરાટ કોહલીએ આ સિદ્ધિ સાથે એક મોટો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તે દુનિયાના એવા પ્રથમ ક્રિકેટર બની ગયા છે, જેમણે વનડે ક્રિકેટમાં ૧૧મી વખત કોઈપણ બે ઈનિંગ્સમાં સતત સદી ફટકારી હોય. સતત વનડે સદી લગાવવાની યાદીમાં વિરાટ કોહલી પછી દક્ષિણ આફ્રિકાના પૂર્વ બેટ્સમેન એબી ડી વિલિયર્સનું નામ આવે છે, જેમણે ૬ વખત આવું કર્યું છે. આ આંકડાથી સાબિત થાય છે કે કોહલી આ મામલે અન્ય બેટ્સમેનોથી કેટલા આગળ છે.



**વિરાટ કોહલીએ દક્ષિણ આફ્રિકા સામે ૩૧ ઈનિંગ્સમાં ૭ સદી અને ૭ અર્ધસદી સાથે ૧૭૪૧ રન બનાવ્યા છે**

**દક્ષિણ આફ્રિકા સામે સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ...**વિરાટ કોહલીએ આ સદી સાથે વનડે ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકા સામે સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો છે. તેમણે ૩૧ ઈનિંગ્સમાં ૭ સદી અને ૭ અર્ધસદી સાથે ૧૭૪૧ રન બનાવ્યા છે. આ યાદીમાં ઓસ્ટ્રેલિયાના ડેવિડ વોર્નર (૧૨૫૫ રન) બીજા ક્રમે છે. નોંધનીય છે કે, આ જ મેચમાં વિરાટ કોહલી પહેલા યુવા બેટ્સમેન ઋતુરાજ ગાયકવાડે પણ પોતાના વનડે કરિયરની પ્રથમ સદી ફટકારી હતી.

### દક્ષિણ આફ્રિકા સામે 'કિંગ'નું વિક્રમી પ્રદર્શન

ભારતીય ટીમના આ પૂર્વ કેપ્ટને દક્ષિણ આફ્રિકાની ટીમને સતત ત્રણ વનડે ઈનિંગ્સમાં પરેશાન કરી છે:

- ➜ વનડે વર્લ્ડ કપ ૨૦૨૩: આફ્રિકા સામે અણનમ ૧૦૧ રન.
- ➜ વર્તમાન સિરીઝ (પ્રથમ વનડે): ૧૩૫ રન.
- ➜ વર્તમાન સિરીઝ (બીજી વનડે): ૧૦૨ રન.

વનડે ક્રિકેટના ઈતિહાસમાં દક્ષિણ આફ્રિકા સામે આ વિરાટ કોહલીની ૭મી સદી છે, જે કોઈપણ બેટ્સમેન દ્વારા સૌથી વધુ છે.ભારત તરફથી વિરાટ કોહલી અને ઋતુરાજ ગાયકવાડે શાનદાર સદી ફટકારી હતી. જોકે, ટીમ ઈન્ડિયાની શરૂઆત સારી રહી ન હતી.

### વિરાટ કોહલીની ૫૩મી સદી પર પત્ની અનુષ્કા શર્માનું પ્રેમભર્યું રિએક્શન

વિરાટ કોહલીની આ શાનદાર અને ઐતિહાસિક ઈનિંગ્સ પર તેમની પત્ની અને અભિનેત્રી અનુષ્કા શર્માનું પ્રેમભર્યું રિએક્શન સામે આવ્યું છે, જેણે ફરી એકવાર બધાનું દિલ જીતી લીધું છે. વિરાટ કોહલીએ રાયપુરના મેદાન પર ૯૦ બોલમાં સદી પૂરી કરી અને સતત બીજી વનડે મેચમાં આ સિદ્ધિ હાંસલ કરી. આ શાનદાર પ્રદર્શન બાદ અનુષ્કા શર્માએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર વિરાટ કોહલીના સદી સેલિબ્રેશનની તસવીર શેર કરી હતી. અભિનેત્રીએ આ તસવીર પર કોઈ લાંબુ લખાણ લખવાને બદલે માત્ર હાર્ટ ઈમોજી () મૂકીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી. અનુષ્કાનું આ સરળ અને મધુર રિએક્શન ફેન્સને ખૂબ જ પસંદ આવ્યું છે.

### વિરાટ કોહલી ૧૫ વર્ષના લાંબા ગાળા બાદ વિજય હઝારે ટ્રોફી રમશે

ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ એક મોટો નિર્ણય લીધો છે. તેઓ ૨૦૨૫-૨૦૨૬માં યોજાનારી વિજય હઝારે ટ્રોફીમાં રમવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. કોહલીએ તેમના આ નિર્ણય વિશે દિલ્હી એન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (DDCA) ના અધ્યક્ષ રોહન જેટલીને જાણ કરી દીધી છે. નોંધનીય છે કે, વિરાટ કોહલી છેલ્લે ૨૦૧૦માં આ ટૂર્નામેન્ટ રમ્યા હતા, એટલે કે લગભગ ૧૫ વર્ષ બાદ તેઓ ડોમેસ્ટિક ૫૦ ઓવરના ફોર્મેટમાં વાપસી કરવા જઈ રહ્યા છે. વિરાટ કોહલીએ વિજય હઝારે ટ્રોફીમાં વાપસીનો નિર્ણય ૨૦૨૭માં યોજનારા ઓડીઆઇ વિશ્વ કપને ધ્યાનમાં રાખીને લીધો છે. કોહલી હવે ભારતીય ટીમ માટે માત્ર વનડે ફોર્મેટ જ રમે છે, ત્યારે ૫૦ ઓવરની આ ઘરેલું ટૂર્નામેન્ટમાં રમીને તે પોતાની મેચ ફિટનેસ જાળવી રાખવા માંગે છે. ડીડીસીએના અધ્યક્ષ રોહન જેટલીએ મીડિયા અહેવાલ મુજબ આ સમાચારની પુષ્ટિ કરતા કહ્યું કે, 'હા, આ સત્ય છે, તેમણે તેમની ઉપલબ્ધતા વિશે જાણ કરી દીધી છે.' જોકે, વિરાટ કોહલી ટૂર્નામેન્ટની તમામ મેચો રમશે કે કેમ તે અંગે હજી અનિશ્ચિતતા છે. વિજય હઝારે ટ્રોફીનું આયોજન ૨૪ ડિસેમ્બરથી ૧૮ જાન્યુઆરી સુધી ચાલશે. દિલ્હી ટીમની પ્રથમ મેચ ૨૪ ડિસેમ્બરે આંધ્ર સામે રમાશે. અગાઉ એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે વિરાટ કોહલી વિજય હઝારે ટ્રોફી રમવા નથી માંગતા. રાંચીમાં દક્ષિણ આફ્રિકા સામેની વનડે મેચ બાદ કોહલીએ કહ્યું હતું કે, 'મારું તમામ ક્રિકેટ માનસિક રહ્યું છે અને હું વધુ પડતી તૈયારીમાં વિશ્વાસ નથી કરતો. જ્યાં સુધી મને માનસિક રીતે લાગે છે કે હું રમત રમી શકું છું, હું મારા જીવનના દરેક દિવસ શારીરિક રીતે ખૂબ મહેનત કરું છું.'

## આઈસીસી રેન્કિંગમાં વિરાટ કોહલીનો મોટો ઉછાળો, ચોથા સ્થાને પહોંચ્યા

બુધવારે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા જાહેર કરાયેલી તાજા આઈસીસી રેન્કિંગમાં ભારતીય દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીને વનડે બેટિંગ રેન્કિંગમાં જબરદસ્ત ફાયદો થયો છે. દક્ષિણ આફ્રિકા સામેની ચાલી રહેલી વનડે સિરીઝની પ્રથમ મેચમાં કોહલીએ ૧૩૫ રનની શાનદાર સદી ફટકારી હતી, જેના પરિણામે તે ફરી એકવાર વિશ્વના નંબર-૧ બેટ્સમેન બનવાની નજીક આવી ગયા છે. હાલમાં રોહિત શર્મા વનડે રેન્કિંગમાં પ્રથમ સ્થાને છે. દક્ષિણ આફ્રિકા સામેની શતકીય ઈનિંગ્સના કારણે વિરાટ કોહલીને એક સ્થાનનો ફાયદો થયો છે અને તેઓ હવે ચોથા નંબર પર આવી ગયા છે. તેમણે પોતાના સાથી ખેલાડી શુભમન ગિલને પાછળ છોડીને આ સ્થાન હાંસલ કર્યું છે. વિરાટના રેટિંગ પોઈન્ટ્સ હવે ૭૫૧ થઈ ગયા છે, જ્યારે પ્રથમ નંબર પર રહેલા રોહિત શર્માના ૭૮૩ રેટિંગ પોઈન્ટ્સ છે. આ બંને ખેલાડીઓ વચ્ચેનો ફરક હવે માત્ર ૩૨ પોઈન્ટ્સનો જ રહ્યો છે.

### ટોપ-૧૦માં ચાર ભારતીય બેટ્સમેનનો દબદબો

આઈસીસી વનડે બેટિંગ રેન્કિંગના ટોપ-૧૦માં ચાર ભારતીય બેટ્સમેનોનો દબદબો જોવા મળી રહ્યો છે. રોહિત શર્મા પ્રથમ સ્થાન પર છે, જ્યારે વિરાટ કોહલી ચોથા અને ભારતીય વનડે ટીમના નિયમિત કેપ્ટન શુભમન ગિલ પાંચમા સ્થાને છે. ટોપ-૧૦માં ચોથો ભારતીય બેટ્સમેન શ્રેયસ અય્યર છે, જે નવમા નંબર પર યથાવત છે. વનડે ફોર્મેટની બોલિંગ રેન્કિંગમાં પણ ભારતીય ખેલાડી કુલદીપ યાદવને ફાયદો થયો છે. કુલદીપ એક સ્થાનના ફાયદા સાથે હવે વનડે બોલિંગ રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગયા છે.

**ડ્રગ ટેસ્ટ માટે નોંધણી કરાવતા વાપસીની ચર્ચાઓએ પકડ્યો જોર**

**ઓહ માય ગોડ, હું પાછી નથી આવી રહી, સેરેનાનો સ્પષ્ટ સંદેશ**

# સેરેનાની ટેનિસમાં વાપસીની અફવા: અભિનેત્રીએ નકારી



ન્યૂયોર્ક:

૨૩ વખતની ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ચેમ્પિયન સેરેના વિલિયમ્સ દ્વારા રમતગમતના ડ્રગ-ટેસ્ટિંગ બોડીમાં નોંધણી કરાવ્યા બાદ તેમની ટેનિસમાં ધમાકેદાર વાપસીના અહેવાલોએ જોર પકડ્યું હતું. જોકે, સેરેના વિલિયમ્સે પોતે મંગળવારે સ્પષ્ટતા કરી હતી કે તેમની આવી કોઈ યોજના નથી. સેરેનાએ ૨૦૨૨ યુએસ ઓપનમાં ત્રીજા રાઉન્ડમાં હાર્યા બાદ કોઈપણ સ્પર્ધામાં ભાગ લીધો નથી અને તે માર્ગારેટ કોર્ટના ૨૪ ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ટાઇટલના ઓલ-ટાઈમ રેકોર્ડથી માત્ર એક ટાઇટલ દૂર છે. ડ્રગ ટેસ્ટિંગ પૂલમાં નોંધણી, પણ વાપસી નહીં ઈન્ટરનેશનલ ટેનિસ ઈન્ટિગ્રિટી એજન્સી ના પ્રવક્તા એડ્રિયન બેસેટે મીડિયા રિપોર્ટને સમર્થન આપતા જણાવ્યું હતું કે ૪૪ વર્ષીય અમેરિકન ખેલાડી સેરેના વિલિયમ્સ રજિસ્ટર્ડ ટેસ્ટિંગ પૂલ માં પાછી આવી છે. જોકે, એજન્સી પાસે આ સિવાય અન્ય કોઈ માહિતી નથી. પરંતુ, સેરેનાએ પોતે મંગળવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને સ્પર્ધાત્મક ટેનિસમાં પાછા ફરવાની તમામ અટકળોને નકારી કાઢી હતી. તેમણે લખ્યું, 'ઓહ માય ગોડ, હું પાછી નથી આવી રહી. આ અફવાઓ જંગલની આગની જેમ ફેલાઈ રહી છે, જે ક્રેઝી છે.'સેરેના વિલિયમ્સે ત્રણ વર્ષ પહેલા ઓસ્ટ્રેલિયાની આજલા ટોમ્લજાનોવિક સામે હાર્યા પછી 'નિવૃત્ત' શબ્દનો ઉપયોગ કરવાને બદલે સમજાવ્યું હતું કે તે ટેનિસથી 'ઇવોલ્વ' થઈ રહી છે. નિયમો અનુસાર, જે ખેલાડીઓ સ્પર્ધાત્મક ટેનિસમાં પાછા ફરવાનો નિર્ણય લે છે, તેમને સેમ્પલ આપવા માટે ઉપલબ્ધ સમય અને સ્થળો વિશેની માહિતી પ્રદાન કરવી પડે છે. વધુમાં, તેમને સ્પર્ધામાં પાછા ફરવાની મંજૂરી મળે તે પહેલાં છ મહિના સુધી ટેસ્ટિંગ પૂર્ણ કરવું જરૂરી હોય છે.

**મુંબઈના કેપ્ટન શાર્દુલે આસામની બેટિંગ લાઇન-અપને હચમચાવી દીધી**

**આઇપીએલ ૨૦૨૬ પહેલા શાર્દુલનું ધમાકેદાર પ્રદર્શન મુંબઈ માટે સારા સંકેત**

# શાર્દુલ ઠાકુરનો સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં તરખાટ, માત્ર ૭ બોલમાં ૪ વિકેટ ઝડપી



લખનઉ:

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મુંબઈ અને આસામ વચ્ચે રમાયેલા મુકાબલામાં મુંબઈના કેપ્ટન શાર્દુલ ઠાકુરે શાનદાર બોલિંગ કરી હતી. તેમની ઘાતક બોલિંગના જોરે મુંબઈ આ મેચમાં આસાન જીત મેળવવામાં સફળ રહ્યું હતું. લખનઉના ઇકાના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલા આ મુકાબલામાં મુંબઈએ આપેલા ૨૨૦ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી આસામની ટીમ પહેલા ૩ ઓવરમાં જ વેરવિખેર થઈ ગઈ હતી, જેનો સૌથી મોટો શ્રેય કેપ્ટન શાર્દુલ ઠાકુરને જાય છે. મુંબઈના કેપ્ટન શાર્દુલ ઠાકુરે મુંબઈની બોલિંગની શરૂઆત કરતા પોતાના પ્રથમ સ્પેલમાં જ આસામની ટીમને મોટો આંચકો આપ્યો હતો. તેમણે પોતાના પ્રથમ ઓવરના માત્ર ૭ બોલમાં ૪ વિકેટ ઝડપીને મુંબઈને મજબૂત સ્થિતિમાં મૂકી દીધું હતું. ઈનિંગ્સના પ્રથમ બોલ પર જ શાર્દુલે આસામના ઓપનિંગ બેટ્સમેન ડેનિશ દાસને પેવેલિયન ભેગો કર્યો હતો. ત્યારબાદ ઓવરના ત્રીજા બોલે અબ્દુલ અઝીઝ કુરેશી અને પાંચમા બોલે આસામના કેપ્ટન રિયાન પરાગને પણ આઉટ કરીને આસામની ટીમને પાયમાલ કરી નાખી. શાર્દુલે પોતાની બીજી ઓવરની શરૂઆત પણ વિકેટ સાથે કરી હતી અને માત્ર ૭ બોલમાં ૪ શિકાર કરવામાં સફળ રહ્યા. આ ઉપરાંત, તેમણે ત્રીજી ઓવરમાં વધુ એક બેટ્સમેનને આઉટ કરીને કુલ ૫ વિકેટ પોતાના નામે કરી હતી. તેમણે પોતાના સ્પેલમાં માત્ર ૨૩ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. શાર્દુલ ઠાકુરની આ ઘાતક બોલિંગના દમ પર મુંબઈએ આસામને ૯૮ રનથી હરાવીને આસાન જીત હાંસલ કરી હતી. ૨૨૧ રનના લક્ષ્યનો પીછો કરી રહેલી આસામની ટીમ ૧૯.૧ ઓવરમાં માત્ર ૧૨૨ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. શાર્દુલ ઉપરાંત મુંબઈના અન્ય બોલરો સાઇરાજ પાટીલ અને અથર્વ આંકોલેકરે પણ ૨-૨ વિકેટ અને શમ્સ મુલાનીએ ૧ વિકેટ ઝડપી હતી. આ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં શાર્દુલ ઠાકુરનું આ શાનદાર પ્રદર્શન આઈપીએલ ૨૦૨૬ પહેલા મુંબઈ ઈન્ડિયન્સ માટે ખૂબ જ સારા સંકેતો છે, કારણ કે મુંબઈની ટીમે આઈપીએલ ઓક્શન પહેલા શાર્દુલને લખનઉથી ટ્રેડ કર્યો હતો.

**ખરાબ પ્રદર્શન બાદ ગંભીર પર દબાણ // પૂર્વ હેડ કોચ રવિ શાસ્ત્રીએ દબાણ વચ્ચે શાંતિ અને ધીરજ રાખવાની આપી સલાહ**

# ગૌતમ ગંભીરને રવિ શાસ્ત્રીનો સ્પષ્ટ સંદેશ: 'નોકરીમાંથી છૂટા થશો!'

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર હાલમાં ભારે દબાણ હેઠળ છે, ખાસ કરીને દક્ષિણ આફ્રિકા સામે તાજેતરમાં ઘરઆંગણે રમાયેલી ટેસ્ટ સિરીઝમાં ૦-૨થી કારમી હાર બાદ. આ હારને કારણે ચાહકો અને નિષ્ણાતો તરફથી ગંભીરને ઘણી ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે, કારણ કે તેઓ ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં એવા પ્રથમ કોચ બન્યા છે જેમણે ઘરઆંગણે બે ટેસ્ટ સિરીઝ વાઈટવૉશ (સંપૂર્ણ હાર) જોઈ છે. પૂર્વ હેડ કોચ રવિ શાસ્ત્રીએ ગંભીરને આ પરિસ્થિતિને કેવી રીતે સંભાળવી તે અંગે કેટલીક મહત્વપૂર્ણ સલાહ આપી છે. મીડિયા અહેવાલ મુજબ, શાસ્ત્રીએ સ્વીકાર્યું છે કે ગંભીરને નોકરીમાંથી દૂર કરવામાં આવી શકે છે, પરંતુ તેમણે શાંતિ અને ધીરજ જાળવવાની વિનંતી કરી છે. રવિ શાસ્ત્રીએ કહ્યું કે, 'જો તમારું પ્રદર્શન નબળું હોય, તો તમને નોકરીમાંથી છૂટા કરી શકાય છે. તેથી, તમારે ધીરજ જાળવી રાખવાની જરૂર છે. અહીં કોમ્યુનિકેશન (સંદેશાવ્યવહાર) અને મેન-મેનેજમેન્ટ કૌશલ્ય ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.' તેમણે ઉમેર્યું કે, 'તો જ તમે ખેલાડીઓને જીતવા માટે પ્રેરિત કરી શકો છો. અને અમે પણ એ જ કર્યું. સૌથી મહત્ત્વની વાત એ છે કે તમે જે કંઈ કરો છો તેનો આનંદ માણો. તેને દબાણ તરીકે ન લો.'



### ગંભીરના ૧૮ મહિનાના કાર્યકાળમાં ઉતાર-ચઢાવ



છેલ્લા દોઢ વર્ષના તેમના કાર્યકાળમાં, કોચ ગૌતમ ગંભીરને કેટલાક મોટા શિખરો અને વિનાશક પતનનો અનુભવ થયો છે. આ સમયગાળામાં, ટીમ ઈન્ડિયાએ ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ અને એશિયા કપ ૨૦૨૫ના ખિતાબ જીત્યા છે, જેમાં ટીમે એક પણ મેચ ગુમાવ્યા વિના બંને ટ્રોફી પોતાના નામે કરી હતી. જોકે, રેડ-બૉલ (ટેસ્ટ) ક્રિકેટમાં ભારતનું ફોર્મ નોંધપાત્ર રીતે નીચે ગયું છે. ગંભીરના નેતૃત્વમાં, ભારતને ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે વાઈટવૉશ મળ્યો છે, અને ઓસ્ટ્રેલિયામાં પણ ટીમની હાર થઈ છે. દરમિયાન, કોચ ગૌતમ ગંભીરના સ્ટાર ખેલાડીઓ વિરાટ કોહલી અને રોહિત શર્મા સાથેના સંબંધો પણ તપાસ હેઠળ આવ્યા છે. કેટલાક મીડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સમય જતાં હેડ કોચ અને આ બે દિગ્ગજ ખેલાડીઓ વચ્ચેનું ગતિશીલતા (ડાયનેમિક) બગડ્યું છે.

**ગાયકવાડ ભારત-સાઉથ આફ્રિકા વનડેમાં બીજા સૌથી ઝડપી સદી ફટકારનાર**

# ઋતુરાજ ગાયકવાડે કારકિર્દીની પ્રથમ વનડે સદી ફટકારી ઈતિહાસ રચ્યો

રાયપુર

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી બીજી વનડે મેચમાં ભારતીય યુવા બેટ્સમેન ઋતુરાજ ગાયકવાડે પોતાના વનડે કરિયરની પ્રથમ સદી ફટકારીને ઈતિહાસ રચી દીધો છે. તેમણે માત્ર ૭૭ બોલમાં પોતાનો શતક પૂરો કર્યો હતો. આ તેમની ૮મી વનડે ઈન્ટરનેશનલ મેચ હતી, જેમાં આ પહેલા તેઓ માત્ર એક જ વખત ૫૦+ સ્કોર બનાવવામાં સફળ રહ્યા હતા. સદી બાદ ગાયકવાડ માર્કો યાન્સેનની બોલ પર ૧૦૫ રન બનાવીને આઉટ થયા હતા. ઋતુરાજ ગાયકવાડે ૭૭ બોલમાં સદી પૂરી કરીને ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની વનડે મેચોમાં બીજો સૌથી ઝડપી સદી ફટકારનાર બેટ્સમેન બનવાનો રેકોર્ડ બનાવ્યો છે. આ મામલે તેમનાથી આગળ માત્ર યુસુફ પઠાણ છે, જેમણે ૨૦૧૧માં માત્ર ૬૮ બોલમાં સદી પૂરી કરી હતી. ગાયકવાડે આ સિદ્ધિ દ્વારા અનેક દિગ્ગજ ખેલાડીઓને પાછળ છોડી દીધા છે. જ્યારે ઋતુરાજ ગાયકવાડ બેટિંગ કરવા આવ્યા, ત્યારે ભારતે ૬૨ રનના સ્કોર પર રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલની વિકેટો ગુમાવી દીધી હતી. પરંતુ, ગાયકવાડે વિરાટ કોહલી સાથે મળીને ઈનિંગ્સને સંભાળી લીધી અને રનની ગતિ ધીમી પડવા ન દીધી. આ બંને દિગ્ગજોએ ત્રીજી



વિકેટ માટે ૧૯૫ રનની શતકીય ભાગીદારી કરી, જે ભારતને મજબૂત સ્કોર તરફ લઈ ગઈ. ઋતુરાજ ગાયકવાડના આ શાનદાર પ્રદર્શન બાદ વિરાટ કોહલીએ પણ ધમાકો કર્યો. તેમણે રાંચી પછી રાયપુરમાં પણ સતત બીજો શતક ફટકાર્યો. કોહલીએ ૯૩ બોલમાં ૨ છગ્ગા અને ૭ ચોગ્ગાની મદદથી ૧૦૨ રનની ઈનિંગ્સ રમી.

## મોટી ઉથલપાથલ : વર્ષ ૨૦૨૪માં ૧૦૦ ટોચની હથિયાર કંપનીઓની કમાણી ૫.૯ ટકા વધી

# શસ્ત્ર ઉત્પાદકોની કમાણી 679 અબજ ડોલરના વિક્રમે

(એજન્સી) નવી દિલ્હી । તા. 03

રશિયા-યુક્રેન, ગાઝામાં ઈઝરાયેલ-હમાસ અને અન્ય પ્રાદેશિક સંઘર્ષોના કારણે આખું વિશ્વ અત્યારે અનિશ્ચિતતાના માહોલમાં જીવી રહ્યું છે. આ વૈશ્વિક તણાવની સીધી અસર શસ્ત્ર ઉત્પાદકોની કમાણી પર જોવા મળી છે. વર્ષ ૨૦૨૪માં દુનિયાની ટોચની ૧૦૦ હથિયાર કંપનીઓની આવકમાં ૫.૯ ટકાનો જંગી વધારો થયો છે અને તેમની કુલ કમાણી વધીને ૬૭૯ અબજ ડોલરના વિક્રમી સ્તરે પહોંચી ગઈ છે. અત્યાર સુધીનો આ સૌથી મોટો આંકડો છે. દુનિયામાં હથિયારોના સોદા પર નજર રાખતી સંસ્થા સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સીપરી) દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટમાં આ માહિતી સામે આવી છે. આ વૃદ્ધિ સ્પષ્ટપણે દર્શાવે છે કે વૈશ્વિક સંઘર્ષની સ્થિતિએ શસ્ત્રોના વેપારને નવું બળ આપ્યું છે.



શસ્ત્ર ઉત્પાદકોની કમાણીમાં સૌથી વધુ લાભ અમેરિકન અને યુરોપિયન કંપનીઓને થયો છે. ટોચની ૧૦૦ કંપનીઓમાંથી અમેરિકાની લોકહીડ માર્ટિન, નોર્થ્રોપ ગ્રુમેન અને જનરલ ડાયનેમિક્સ જેવી ૩૦ મોટી કંપનીઓની સંયુક્ત આવક ૩.૮ ટકા વધીને ૩૩૪ અબજ ડોલર થઈ છે. જોકે, અમેરિકામાં એફ-૩૫ ફાઈટર જેટ જેવા મોટા હથિયાર પ્રોજેક્ટ્સમાં વિલંબ અને બજેટની સમસ્યાઓને કારણે તેમની આવકની વૃદ્ધિ પર થોડી બ્રેક લાગી છે. બીજી તરફ, રશિયા સિવાયના યુરોપના દેશોમાં હથિયાર કંપનીઓની આવકમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. યુક્રેનને હથિયારો પૂરા પાડવા અને રશિયાના આક્રમણના જોખમ સામે પોતાનો સૈન્ય ખર્ચ વધારવાના કારણે યુરોપની ૨૩ કંપનીઓની કુલ આવક ૧૩ ટકા વધીને ૧૫૧ અબજ ડોલર સુધી પહોંચી છે. ચેક ગણરાજ્યના ચેકોસ્લોવાક જૂથની હથિયારોની ખરીદીમાં તો ૧૯૩ ટકાનો જંગી વધારો નોંધાયો છે, જેમાં યુક્રેન માટે તોપના ગોળાની ખરીદીના સરકારી પ્રોજેક્ટનું મોટું યોગદાન રહ્યું છે. રશિયામાં પણ બે મોટી કંપનીઓ રોસ્ટેક અને યુનાઈટેડ શિપબિલ્ડિંગ કોર્પોરેશનની કમાણીમાં ૨૩ ટકાનો વધારો થયો છે, જે ૩૧.૨ અબજ ડોલર થઈ છે. યુક્રેન જેએસસી સંરક્ષણ ઉદ્યોગને પણ ૪૧ ટકા જેટલો વધારો થયો છે, જે યુદ્ધની સીધી અસર દર્શાવે છે.

### ઈઝરાયેલ અને રશિયાને પણ મોટો ફાયદો

વૈશ્વિક સંઘર્ષના સીધા પરિણામ રૂપે, ઈઝરાયેલ અને રશિયાની સંરક્ષણ કંપનીઓને પણ મોટો લાભ થયો છે. ઈઝરાયેલની કંપનીઓની આવકમાં ૧૬ ટકાનો વધારો થયો છે અને તે ૧૬.૨ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. ગાઝામાં હમાસ સાથેના સંઘર્ષ અને આજુબાજુના દેશો સાથેના તણાવના કારણે સરકારે નવા ઓર્ડર આપ્યા છે.

**ચીનમાં આવક ઘટી, કારણ ભ્રષ્ટાચાર :** જ્યાં આખી દુનિયામાં હથિયાર કંપનીઓની આવક વધી રહી છે, ત્યાં ચીન એક અપવાદ તરીકે ઉભરી આવ્યું છે. ચીનની આઠ કંપનીઓની કમાણી વધવાના બદલે ઊલટાની ૧૦ ટકા ઘટી ગઈ છે. રિપોર્ટ મુજબ, ચીનમાં ભ્રષ્ટાચારના આરોપો લાગુ થવા અને કેટલાક મોટા કરારો ખતમ થવાના પગલે ચીની કંપનીઓ શસ્ત્ર ઉત્પાદકોની કમાણીની આ વૈશ્વિક રેસમાં પાછળ પડી ગઈ છે.

## બ્રાઝિલ રિફાઈનિંગ ક્ષમતા વધારવા સજ્જ

# 2030 સુધીમાં ચાર લાખ બેરલ દૈનિક લક્ષ્યાંક

(એજન્સી) બ્રાઝિલ । તા. 03

એબ્રુ ઈ લિમા રિફાઈનરીની રિફાઈનિંગ ક્ષમતા ૨૦૨૯ સુધીમાં ૨૬૦૦૦૦ બેરલ સુધી પહોંચશે.

સાઓ પાઉલો: બ્રાઝિલની રાષ્ટ્રીય તેલ કંપની પેટ્રોબ્રાસ દ્વારા દેશની રિફાઈનિંગ ક્ષમતાને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવા માટે એક મહત્વાકાંક્ષી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. પેટ્રોબ્રાસના પ્રમુખ મેગ્ડા ચેમ્બ્રિઆર્ડે મંગળવારે જણાવ્યું હતું કે, બ્રાઝિલનો લક્ષ્યાંક વર્ષ ૨૦૩૦ સુધીમાં તેની રાષ્ટ્રીય તેલ-રિફાઈનિંગ ક્ષમતાને વધારીને દૈનિક આશરે ૪,૦૦,૦૦૦ બેરલ સુધી પહોંચાડવાનો છે. પેરનામ્બુકો રાજ્યના ઈપોજુકામાં આવેલી એબ્રુ ઈ લિમા રિફાઈનરી (આરએનઈએસટી) ખાતે એક કાર્યક્રમ દરમિયાન તેમણે આ માહિતી આપી હતી, જ્યાં રિફાઈનરી માટેની નવી પેટ્રોબ્રાસ રોકાણ યોજનાઓ ઔપચારિક રીતે રજૂ કરવામાં આવી હતી. આ યોજના બ્રાઝિલ રિફાઈનિંગ ક્ષમતાને નવું બળ આપશે અને દેશની ઊર્જા સુરક્ષાને મજબૂત કરશે. મેગ્ડા ચેમ્બ્રિઆર્ડે એબ્રુ ઈ લિમા રિફાઈનરીના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે આ સુવિધા પેટ્રોબ્રાસના સમગ્ર નેટવર્કમાં સૌથી વધુ તકનીકી રીતે અદ્યતન રિફાઈનરી છે. રાષ્ટ્રપતિ કાર્યાલય દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે કે પેટ્રોબ્રાસ રિફાઈનરીના 'ટ્રેન ૨'નું કાર્ય પૂર્ણ કરવા અને 'ટ્રેન ૧'ની આવશ્યક જાળવણી કરવા માટે આશરે R$ ૧૨ અબજનું ભંડોળ ફાળવશે.

### દેશની બીજી સૌથી મહત્વપૂર્ણ રિફાઈનરી

બ્રાઝિલના ખાણ અને ઊર્જા મંત્રી એલેક્ઝાન્ડ્રે સિલ્વેરાએ નોંધ્યું હતું કે, એકવાર આ સુધારાઓ લાગુ થઈ જશે, પછી એબ્રુ ઈ લિમા રિફાઈનરી સાઓ પાઉલો રાજ્યમાં આવેલી પૌલિનીયા રિફાઈનરી (રીપ્લાન) પછી બ્રાઝિલમાં બીજી સૌથી મહત્વપૂર્ણ રિફાઈનરી બનવા જઈ રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### વિશ્વ પરમાણુ યુદ્ધ તરફ ધકેલાઇ રહ્યું છે ઈલોન મસ્કનો ચોંકાવનારો દાવો



વૉશિંગ્ટન | ટેસ્લા અને 'એક્સ' (અગાઉનું ટ્વિટર)ના માલિક, વિશ્વના સૌથી પ્રભાવશાળી અને ધનાઢ્ય વ્યક્તિઓમાં સ્થાન ધરાવતા ઈલોન મસ્કએ સોશિયલ મીડિયા પર એક એવો 'યુદ્ધ બોમ્બ' ફોડયો છે, જેનાથી આખી દુનિયાના રાજકીય અને સુરક્ષા નિષ્ણાતોમાં ખળભળાટ મચી ગયો છે. મસ્કે દાવો કર્યો છે કે, ટૂંક સમયમાં વિશ્વ એક મોટા સંઘર્ષમાં ધકેલાઈ શકે છે અને આગામી પાંચથી દસ વર્ષમાં ભીષણ પરમાણુ હુમલા થવાની સંભાવના છે. તેમનો આ દાવો વિશ્વ પરમાણુ યુદ્ધના જોખમ અંગેની હાલની વૈશ્વિક ચિંતાઓને વધુ ગાઢ બનાવે છે. આ ભવિષ્યવાણી એવા દાવાને નકારે છે કે પરમાણુ શક્તિ ધરાવતા દેશો યુદ્ધના ડરને કારણે ક્યારેય સીધા હુમલા નહીં કરે.

### પુતિન ટ્રમ્પ જમાઈ બેઠક 5 કલાકની વાતચીત છતાં શાંતિનો રસ્તો મળ્યો નહીં

મોસ્કો | યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાના હેતુથી મંગળવારે મોસ્કોમાં એક મહત્વપૂર્ણ અને અત્યંત લાંબી બેઠક યોજાઈ હતી. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને અમેરિકાના વિશેષ દૂત સ્ટીવ વિટકોફની સાથે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર વચ્ચે લગભગ પાંચ કલાક સુધી વાતચીત ચાલી. આ મંત્રણાનો મુખ્ય ધ્યેય કોઈ નક્કર ડોનબાસ શાંતિ પ્રસ્તાવ પર સહમતિ સાધવાનો હતો, પરંતુ આટલી લાંબી બેઠક બાદ પણ બંને પક્ષો કોઈ અંતિમ સમજૂતી પર પહોંચ્યા નહીં. પુતિનના ફોરેન પોલિસી એડવાઈઝર યુરી ઉશાકોવે સ્પષ્ટ કર્યું છે કે, જ્યાં સુધી યુક્રેન રશિયાને ડોનબાસનો વિસ્તાર નહીં સોંપે, ત્યાં સુધી યુક્રેન યુદ્ધ રોકવા નિર્ણય નહીં લેવાય. પુતિન ટ્રમ્પ જમાઈ બેઠક બાદ રશિયન રાષ્ટ્રપતિનું વલણ પહેલાની જેમ જ અડગ રહ્યું છે.

### ગ્રામીણ બૌદ્ધ વારસો ફરી જીવંત થશે દિલ્હી ઘોષણાપત્ર અપનાવી નવો રોડમેપ તૈયાર



નવી દિલ્હી | ભારતના વ્યાપક પરંતુ ઘણીવાર અવગણાયેલા ગ્રામીણ બૌદ્ધ વારસોના સંરક્ષણ અને પુનર્જીવન માટે એક નવા યુગની શરૂઆત થઈ છે. રાજધાનીમાં ૩૦ નવેમ્બરના રોજ 'ગ્રામીણ બૌદ્ધ વારસાના સંરક્ષણ પરની આંતરરાષ્ટ્રીય પરિષદ'નું સમાપન દિલ્હી ઘોષણાપત્ર અપનાવવા સાથે થયું હતું. ડૉ. આંબેડકર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ખાતે 'ઈન્ડિયન ટ્રસ્ટ ફોર રૂરલ હેરિટેજ એન્ડ ડેવલપમેન્ટ' દ્વારા આયોજિત આ ત્રણ દિવસીય બેઠકમાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય વિદ્વાનો, સંરક્ષણ નિષ્ણાતો અને નીતિ નિર્માતાઓ એકઠા થયા હતા. વવા માટેના વ્યાપક માળખા પર ચર્ચા કરવામાં આવી હતી.

## પુતિનની ભારત મુલાકાત પહેલાં જાહેરાત

# ભારત-રશિયા એકબીજાના મિલિટરી બેઝનો ઉપયોગ કરી શકશે : રક્ષા કરારને રશિયન સંસદની મંજૂરી

(એજન્સી) મોસ્કો । તા. 03

રશિયાની સંસદના નીચલા ગૃહ સ્ટેટ ડુમાએ મંગળવારે ભારત અને રશિયા વચ્ચે થયેલા એક સૈન્ય કરાર 'RELOS'ને મંજૂરી આપી દીધી છે. આ અંતર્ગત બંને દેશોની સેનાઓ એકબીજાના મિલિટરી બેઝ, સુવિધાઓ અને સંસાધનોનો ઉપયોગ અને આદાનપ્રદાન કરી શકશે.

તેમના વિમાન, યુદ્ધ જહાજો ઈંધણ ભરવા, મિલિટરી બેઝ પર રોકાણ કરવા અથવા અન્ય લોજિસ્ટિક સુવિધાઓનો ઉપયોગ કરી શકશે. આના પર આવતો ખર્ચ સરખે ભાગે ઉઠાવવામાં આવશે. આ મંજૂરી રાષ્ટ્રપતિ પુતિનની ભારત મુલાકાતના બે દિવસ પહેલાં આપવામાં આવી છે. આ કરાર આ વર્ષે 18 ફેબ્રુઆરીના રોજ ભારત અને રશિયા વચ્ચે કરવામાં આવ્યો હતો. ગયા અઠવાડિયે રશિયન વડાપ્રધાન મિખાઈલ મિશુસ્ટિને તેને સંસદમાં મંજૂરી માટે મોકલ્યો હતો.

### રશિયા-ભારત એકબીજાને સરળતાથી મદદ કરી શકશે

રશિયન સંસદના સ્પીકરે કહ્યું કે ભારત અને રશિયાના સંબંધો ખૂબ મજબૂત છે અને આ કરાર તે સંબંધોને વધુ સારા બનાવશે. રશિયન સરકારે પણ જણાવ્યું કે આ કરારથી બંને દેશોની સૈન્ય ભાગીદારી વધુ મજબૂત થશે અને જરૂરિયાતના સમયે એકબીજાને મદદ કરવી સરળ બનશે.

આ કરાર પછી ભારત એવો પહેલો દેશ બનશે, જેનો અમેરિકા અને રશિયા સાથે સૈન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેર કરવાનો કરાર હશે. નૌકાદળના વડા એડમિરલ દિનેશ ત્રિપાઠીએ મંગળવારે ભાસ્કરના સવાલ પર તેની પુષ્ટિ કરી.

તેમણે જણાવ્યું કે રશિયા સાથેનો આ કરાર અંતિમ તબક્કામાં છે. આનાથી અમેરિકા-રશિયા વચ્ચે કોઈ સૈન્ય સંઘર્ષની સ્થિતિ ઊભી થશે નહીં.



જે અંતર્ગત ભારત અને રશિયાની સેનાઓ એકબીજાના સૈન્ય બેઝ, બંદરો (Ports), એરફિલ્ડ અને સપ્લાય પોઈન્ટનો ઉપયોગ કરી શકશે. આ ઉપયોગ ફક્ત ઈંધણ ભરવા, સમારકામ, સ્ટોક રિફિલ, મેડિકલ સપોર્ટ, ટ્રાન્ઝિટ અને મૂવમેન્ટ જેવા કાર્યો માટે થશે.

ભારતે આવા જ કરારો અમેરિકા (LEMOA), ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, દક્ષિણ કોરિયા અને અન્ય ઘણા દેશો સાથે કર્યા છે. હવે રશિયા પણ તેમાં સામેલ થઈ રહ્યું છે.

### ડિફેન્સ કરાર પર સૌથી વધુ ફોકસ રહેશે

પુતિનની આ યાત્રામાં સૌથી વધુ ફોકસ ડિફેન્સ કરાર પર રહેશે. રશિયા પહેલાથી જ કહી ચૂક્યું છે કે તે ભારતને પોતાનું SU-57 સ્ટેલ્થ ફાઈટર જેટ આપવા માટે તૈયાર છે.

આ રશિયાનું સૌથી એડવાન્સ ફાઈટર જેટ છે. ભારત પહેલાથી જ પોતાના વાયુસેનાના કાફલાને મજબૂત કરવા માટે નવા વિકલ્પો શોધી રહ્યું છે.

આ ઉપરાંત, ભવિષ્યમાં S-500 પર સહયોગ, બ્રહ્મોસ મિસાઈલનું આગલું વર્ઝન અને બંને દેશોની નૌકાદળ માટે મળીને વોરશિપ બનાવવાની જેવી યોજનાઓ પર વાતચીત થવાની અપેક્ષા છે.

### રશિયન S-400 મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવાની અપેક્ષા

ન્યૂઝ એજન્સી PTI અનુસાર, ભારત રશિયા પાસેથી વધુ કેટલાક S-400 મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવા અંગે વાતચીત કરી શકે છે. કારણ કે તે પાકિસ્તાન વિરુદ્ધ થયેલા 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ખૂબ જ પ્રભાવી રહ્યા હતા. આવા પાંચ સિસ્ટમ્સની ડીલ પહેલાથી જ થઈ હતી, જેમાંથી 3 ભારતને મળી ચૂક્યા છે. ચોથા સ્ક્વોડ્રનની ડિલિવરી રશિયા-યુક્રેન યુદ્ધના કારણે અટકી પડી છે. S-400 ટ્રાયમ્ફ રશિયાની એડવાન્સ્ડ મિસાઈલ સિસ્ટમ છે.

### ■ પુતિન સીક્રેટ સ્થળે રોકાશે, દિલ્હીમાં મલ્ટી લેયર સુરક્ષા

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન 4 ડિસેમ્બરે ભારત આવી રહ્યા છે. તેઓ નવી દિલ્હીમાં 23મા ભારત-રશિયા વાર્ષિક સંમેલનમાં ભાગ લેશે. પુતિન દિલ્હીમાં સીક્રેટ સ્થળે રોકાશે. તેની વિગતો જાહેર કરવામાં આવી નથી. 4-5 ડિસેમ્બરે દિલ્હી મલ્ટી લેયર સુરક્ષાના ઘેરામાં રહેશે. રાજધાનીના મોટાભાગના વિસ્તારોમાં સ્વાત ટીમ, એન્ટી ટેરર સ્ક્વોડ, ક્વિક એક્શન ટીમ્સ હેનાત રહેશે. રશિયાની એડવાન્સ સિક્યોરિટી અને પ્રોટોકોલ ટીમના 50થી વધુ સભ્યો દિલ્હી પહોંચી ચૂક્યા છે.

### ■ શા માટે ખાસ છે RELOS કરાર

રેસિપ્રોકલ એક્સચેન્જ ઓફ લોજિસ્ટિક સપોર્ટ (RELOS) ને બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીમાં અત્યાર સુધીના સૌથી મહત્વપૂર્ણ સંરક્ષણ કરારોમાંથી એક માનવામાં આવે છે. આ એક ડિફેન્સ લોજિસ્ટિક્સ એક્સચેન્જ કરાર છે.

## ઓનલાઈન કૌભાંડો સામે સંયુક્ત લડાઈ

# ભારત થાઈલેન્ડ સુરક્ષા સહકાર મજબૂત બનશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 03

ભારત અને થાઈલેન્ડ વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ વિસ્તારવાના હેતુથી રાષ્ટ્રીય રાજધાનીમાં એક મહત્વપૂર્ણ મુલાકાત યોજાઈ હતી. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજીત ડોભાલ અને થાઈલેન્ડના વિદેશ મંત્રી સિહાસક ફુઆંગકેટકેઓ વચ્ચે સોમવારે દ્વિપક્ષીય બેઠક મળી હતી. આ બેઠકમાં સુરક્ષા સહકાર, ખાસ કરીને મારુતિ સુરક્ષા અને ગંભીર રીતે વધી રહેલા ઓનલાઈન કૌભાંડોનો ખતરો જેવા મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. થાઈ વિદેશ મંત્રાલયના સત્તાવાર નિવેદન મુજબ, બંને પક્ષોએ વ્યૂહાત્મક ભાગીદારીને વિસ્તૃત કરવા માટે સહમતિ દર્શાવી છે. ત્યારબાદ મંગળવારે વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ થાઈલેન્ડના વિદેશ મંત્રી સાથે મુલાકાત કરી અને થાઈલેન્ડને ભારતનો અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ પડોશી ગણાવ્યો હતો.

દ્વિપક્ષીય મંત્રણાઓમાં ઓનલાઈન કૌભાંડોનો ખતરો સૌથી ગંભીર મુદ્દો બની રહ્યો હતો. થાઈ વિદેશ મંત્રીએ ભારત સાથે ઊંડા સહકારની માંગ કરી હતી, કારણ કે ટ્રાન્સનેશનલ સાયબર-સ્કેમ નેટવર્ક થાઈલેન્ડની મ્યાંમાર અને કંબોડિયા સરહદો પર ઝડપથી ફેલાઈ રહ્યું છે. તેમણે મીડિયા અહેવાલ દ્વારા આલાર્મ વગાડતા જણાવ્યું કે આ સમસ્યા વધુ ગંભીર બની રહી છે.

એક ચોંકાવનારો ખુલાસો કરતા તેમણે કહ્યું કે, તાજેતરમાં જ કૌભાંડ સિન્ડિકેટ પરની કાર્યવાહી દરમિયાન ૧,૦૦૦થી વધુ ભારતીય નાગરિકો થાઈલેન્ડ ભાગી ગયા હતા, જેના પગલે થાઈ સત્તાવાળાઓએ તેમને તાત્કાલિક સહાય પૂરી પાડવી પડી હતી. આ ઉપરાંત, માનવામાં આવે છે કે ઘણા વધુ ભારતીયો આ ગુનાહિત નેટવર્ક્સ દ્વારા સંચાલિત કૌભાંડ હબમાં ફસાયેલા છે.

# ઓપરેશન સાગર બંધુ દ્વારા ભારતનો માનવીય સહાય હાથ ભારતીય સેના શ્રીલંકા પહોંચી

(એજન્સી) કોલંબો । તા. 03

પાડોશી દેશ શ્રીલંકામાં 'દિતવાહ' વાવાઝોડાના કારણે સર્જાયેલા વિનાશ અને ગંભીર પૂરની સ્થિતિ વચ્ચે ભારતે તાત્કાલિક માનવીય સહાય અને આપત્તિ રાહત (HADR) કામગીરી હાથ ધરી છે. ભારતીય સેનાની એક વિશેષ ટુકડી બુધવારે શ્રીલંકા પહોંચી છે. ભારતે આ અભિયાનને 'ઓપરેશન સાગર બંધુ' નામ આપ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે મંગળવારે જણાવ્યું હતું કે, ભારતીય સેના શ્રીલંકાના પૂર રાહત પ્રયાસોને સતત ટેકો આપી રહી છે. દિતવાહ વાવાઝોડું રાહત કાર્યના ભાગરૂપે, ભારતીય વાયુસેનાનું સી-૧૭ વિમાન મેડિકલ ટીમો અને સાધનો સાથે કોલંબોમાં ઉતર્યું હતું, જે દેશની 'પાડોશી પ્રથમ' નીતિ અને 'મહાસાગર' વિઝનને સાકાર કરે છે.



કોલંબોમાં ભારતીય હાઈ કમિશન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ઓપરેશન સાગર બંધુ હેઠળ ભારતે બે ઝડપથી તૈનાત કરી શકાય તેવી ફિલ્ડ હોસ્પિટલો શ્રીલંકા મોકલી છે. આ હોસ્પિટલોની સાથે ૭૦થી વધુ મેડિકલ અને સહાયક કર્મચારીઓની ટુકડી પણ પ્રભાવિત વિસ્તારોમાં તબીબી સહાય પહોંચાડવા માટે જમીન પર કાર્યરત છે. વિદેશ મંત્રી જયશંકરે 'એક્સ' પર પોસ્ટ કરીને જણાવ્યું કે, સી-૧૭ પરિવહન વિમાનમાં સંપૂર્ણ, મોડ્યુલર ફિલ્ડ હોસ્પિટલ અને વાહનો પણ લાવવામાં આવ્યા છે, જે રાહત કાર્યની ઝડપ દર્શાવે છે.

## ઈન્ડોનેશિયા ભૂકંપ ૪.૪ની તીવ્રતાનો આંચકો ઉત્તરી સુમાત્રામાં ધરતી ધ્રુજી

બાલી: દક્ષિણ પૂર્વ એશિયાના ટાપુ દેશ ઈન્ડોનેશિયામાં ભૂકંપના આંચકા આવવાનો સિલસિલો યથાવત છે. બુધવારની વહેલી સવારના કલાકોમાં ઈન્ડોનેશિયા ભૂકંપના આંચકાથી ધ્રુજી ઉઠ્યું હતું. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ) દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ, ૪.૪ની તીવ્રતાનો આ ભૂકંપ ઉત્તરી સુમાત્રા વિસ્તારમાં આવ્યો હતો. આ ભૂકંપની ચોક્કસ સમય નોંધ ૩જી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૦૨:૨૦:૩૩ (ભારતીય સમય મુજબ) છે. આ આંચકો માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો, જે આસપાસના વિસ્તારોમાં તેની અસરને વધુ તીવ્ર બનાવી શકે છે. ઈન્ડોનેશિયાની ભૌગોલિક સ્થિતિને કારણે અહીં ભૂકંપ, જ્વાળામુખી વિસ્ફોટ અને સુનામીનું જોખમ વારંવાર રહે છે.

# એઆઈનો પ્રભાવ વિશ્વમાં અમીર-ગરીબ વચ્ચેના ભેદને વકરાવી શકે

### યુનોના અહેવાલમાં ટેક વિભાજનની ચિંતા વ્યક્ત કરાઈ

(એજન્સી) બેંગકોક । તા. 03

આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સના બેવડા પ્રકારને ઉજાગર કરતા યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ દ્વારા જારી કરાયેલા તાજેતરના એક અહેવાલમાં તેનાથી થનારા સંભવિત લાભ તેમજ તેનાથી ઊભા થનારા પડકારો બંને પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ખાસ કરીને વંચિત વસતી માટે તેના નકારાત્મક પ્રભાવ વધુ થઈ શકે છે. અહેવાલમાં ઔદ્યોગિક ક્રાંતિના ગ્રેટ ડાયવર્ઝન સાથે તેની સરખામણી કરવામાં આવી છે અને તર્ક કરાયો છે કે સાવચેતીના પગલા નહિ લેવાય તો સમૃદ્ધ રાષ્ટ્રો એઆઈના મોટાભાગના લાભ આંચકી લેશે.

એઆઈથી ઉદ્યોગોમાં પરિવર્તન આવી શકતું હોવાથી તેમજ તેનાથી પૂરતા સમર્થન અથવા કુશળતાથી વંચિત કામદારો બેરોજગાર થવાની સંભાવના હોવાને કારણે અહેવાલમાં તેના સામાજિક પ્રભાવો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અહેવાલમાં એઆઈ પર થતી ચર્ચામાં માનવીય તત્વ સામેલ કરવાના મહત્વ પર ભાર મુકાયો છે, ખાસ કરીને પહેલેથી કૌશલ્ય તાલીમ, વીજળી અને ઈન્ટરનેટ જોડાણ જેવા મૂળભૂત સ્રોતોથી વંચિત રહેલા સમુદાય પર ધ્યાન આપવાની ભલામણ કરાઈ છે. કૃષિ, આરોગ્ય સંભાળ અને કટોકટી તરફ પ્રતિસાદ જેવા ક્ષેત્રોમાં સુધારા ઓફર કરીને એક તરફ એઆઈમાં ઉત્પાદન વધારવાની તેમજ ઈનોવેશનમાં ઉછાળો લાવવાની ક્ષમતા છે તો બીજી તરફ એવી પણ નોંધ કરાઈ છે કે વિસ્તરતા એઆઈ માળખાથી વીજ અને પાણીની વધતી માગને કારણે કાર્બન ઉત્સર્જન અને આરોગ્ય જોખમ તીવ્ર બની શકે.

**વિદાય** | પ્રાઈવેટ એસ્ટેટ ભૂતિયા શહેર જેવી બની લાખો પાઉન્ડની પ્રોપર્ટી વેચાવવા મૂકાઈ

# મેન્સન ટેક્સના લીધે ૨૫ ટકા ધનકુબેરો દેશમાંથી વિદાય લીધી

(એજન્સી) લંડન । તા. 03

જગતભરના ધનકુબેરોનું ઘર ગણાતું બ્રિટન હવે તેમના માટે મોંઘું પડી રહ્યું છે. બ્રિટિશ સરકારે તાજેતરમાં જાહેર કરેલા મેન્સન ટેક્સને કારણે સુપર રિચ લોકોએ દેશમાંથી ઉચાળા ભરવાનું શરૂ કરી દીધું છે. આ ટેક્સના વિરોધમાં ભારતીય મૂળના અબજપતિ લક્ષ્મી મિત્તલ, નિકોલાઈ સ્ટોરોન્સ્કી અને એસ્ટોન વિલાના ઈજિપ્શિયન સહમાલિક નસીફ સાવિરિસ સહિતના અનેક અગ્રણી ઉદ્યોગપતિઓએ બ્રિટન છોડી દીધું છે. અહેવાલ મુજબ, અત્યાર સુધીમાં લગભગ ૨૫ ટકા સુપર રિચ લોકોએ યુનાઈટેડ કિંગડમ (યુકે) છોડી દીધું હોવાનું માનવામાં આવે છે. આ સામૂહિક બ્રિટન સુપર રિચ સ્થળાંતરના કારણે લંડનની નજીક આવેલી તેમની વૈભવી પ્રોપર્ટી ભૂતિયા શહેર જેવી બની ગઈ છે, જ્યાં હવે વેચાણ માટે મકાનોની લાંબી લાઈન લાગી છે.

સુપર રિચ લોકોની વિદાયનો સૌથી મોટો પુરાવો લંડનની નજીક આવેલી તેમની જાણીતી અને ખાનગી એસ્ટેટમાંથી મળી રહ્યો છે. સરેના વેબ્રિજમાં આવેલી



પ્રાઈવેટ ગેટવાળી સેન્ટ જ્યોર્જ હિલ એસ્ટેટ એક સમયે યુકેના સુપર રિચ લોકોથી ધમધમતી હતી. અહીં સર એલ્ટોન જોન અને સર ટિમ જોન્સ જેવી સેલિબ્રિટીઓ તેમજ સ્પોર્ટ્સ સ્ટાર સ્ચુ બાકર અને જેન્સન બટન પણ રહેતા હતા. પરંતુ આજે આ સ્થળ જાણે પ્રોપર્ટી ભૂતિયા શહેરમાં ફેરવાઈ ગયું હોય તેવી સ્થિતિ છે. આ તમામ અબજોપતિઓ અને સેલિબ્રિટીઓએ મેન્સન ટેક્સના કારણે તેમની લાખો પાઉન્ડની સંપત્તિ વેચવા કાઢી છે.

અગ્રણી રિયલ્ટી બ્રોકરોના જણાવ્યા અનુસાર, આ ખાનગી એસ્ટેટમાં ત્રીજા ભાગની પ્રોપર્ટી વેચાવવા માટે મૂકાઈ ગઈ છે. વેચાવવા માટે મૂકાયેલી આ વૈભવી પ્રોપર્ટીની કિંમત ૩૦ લાખ પાઉન્ડથી લઈને ૧.૧ કરોડ પાઉન્ડ સુધીની છે. લંડનથી ફક્ત ૨૩ કિ.મી. દૂર આવેલી અને એકરોમાં ફેલાયેલી આ હાઈપ્રોફાઈલ એસ્ટેટો આજે ખાલી પડી છે.

ઉદાહરણ તરીકે, પાર્ક હિલ તરીકે જાણીતા આ સ્થળની જ ૩૦ પ્રોપર્ટી વેચાણાર્થે બ્રોકર સમક્ષ નોંધાઈ ચૂકી છે, જેનું કુલ મૂલ્ય લગભગ બે કરોડ પાઉન્ડ જેટલું થાય છે. આ આખો વિસ્તાર ૯૬૪ એકરમાં ફેલાયેલો છે અને તેમાં કુલ ૨૫૦ પ્રોપર્ટી છે. આ દર્શાવે છે કે મેન્સન ટેક્સની જાહેરાત બાદ કેવી રીતે અબજોપતિઓએ ઉતાવળમાં તેમની પ્રોપર્ટી વેચવા કાઢી છે, જેના કારણે પ્રોપર્ટી માર્કેટમાં અચાનક મોટો કડાકો બોલ્યો છે.

# અમેરિકા વેનેઝુએલા યુદ્ધની અણી પર ટ્રમ્પનો સીધો હુમલો જમીન પર થશે

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 03

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મોટા વિસ્ફોટના સંકેતો મળી રહ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના નિવેદનોએ અમેરિકા વેનેઝુએલા યુદ્ધના તણાવને ચરમસીમાએ પહોંચાડી દીધો છે. ટ્રમ્પે વેનેઝુએલાના ડ્રગ તસ્કરોને ખુલ્લી અને સીધી ચેતવણી આપી છે કે અમેરિકન દળો હવે કેરેબિયન સમુદ્રની બહાર નીકળીને વેનેઝુએલાની ધરતી પર હુમલાઓ શરૂ કરશે. મંગળવારે યોજાયેલી કેબિનેટની બેઠક દરમિયાન ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, "અમને ખબર છે કે ખરાબ લોકો ક્યાં રહે છે" અને જમીન પર હુમલો કરવો "ખૂબ જ સરળ" છે. કેરેબિયનમાં ડ્રગ તસ્કરોની બોટ પર વારંવાર થયેલા હવાઈ હુમલાઓ બાદ ટ્રમ્પની આ ટિપ્પણીથી હવે આ બે દેશો વચ્ચેનો સંઘર્ષ એક નવા અને વધુ જોખમી તબક્કામાં પ્રવેશી ગયો છે.

ડ્રગની હેરફેર કરતી બોટને નિશાન બનાવ્યા બાદ, ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે હવે એક વધુ આક્રમક વ્યૂહરચના અપનાવવાનું નક્કી કર્યું છે. ટ્રમ્પે કેબિનેટ બેઠકમાં અધિકારીઓ સમક્ષ જણાવ્યું હતું કે, "અમે જમીન પર પણ આ હુમલાઓ શરૂ કરવા જઈ રહ્યા છીએ. જમીન પર હુમલો કરવો ખૂબ જ સરળ છે." તેમની આ ટિપ્પણીથી સ્પષ્ટ થાય છે કે અમેરિકા હવે ફક્ત હવાઈ કે દરિયાઈ હુમલાઓ પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ વેનેઝુએલાની સરહદમાં ઘૂસીને ડ્રગ તસ્કરોના અડ્ડાઓ અને સંભવિત નેતાઓને સીધું નિશાન બનાવશે. આ પગલું આંતરરાષ્ટ્રીય કાયદાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ અને જોખમી માનવામાં આવે છે, જે અમેરિકા વેનેઝુએલા યુદ્ધ જેવી પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે.

## દિલ્હી MCD પેટાચૂંટણી પરિણામ

# ભાજપ સૌથી મોટી પાર્ટી સાત બેઠકો જીતી



નવી દિલ્હી | દિલ્હી MCD પેટાચૂંટણી પરિણામ જાહેર થઈ ગયા છે, જેને તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત બાદ દિલ્હીના રાજકીય મૂડની પ્રથમ મોટી કસોટી માનવામાં આવી રહી હતી. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના ૧૨ વોર્ડમાં યોજાયેલી આ પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સૌથી મોટી પાર્ટી બનીને ઊભરી છે, જેણે ૭ બેઠકો પર કબજો જમાવ્યો છે. જોકે, ભાજપને તેની પાસે અગાઉથી રહેલી ૯ બેઠકોમાંથી ૨ બેઠકો ગુમાવવાનો આંચકો પણ લાગ્યો છે. આમ આદમી પાર્ટી (AAP) ૩ બેઠકો જીતવામાં સફળ રહી છે, જ્યારે કોંગ્રેસે પણ સંગમ વિહાર-A બેઠક પર જીત નોંધાવી છે, જે તેના માટે ફાયદારૂપ સાબિત થઈ છે. એક બેઠક પર અપક્ષ ઉમેદવારની જીતે આ MCD ચૂંટણી 2025ના પરિણામોમાં ચોંકાવનારો વળાંક આપ્યો છે.

## NEET સ્વીકાર્યું છે તો માત્ર મેરિટ જ જોવાય, ધર્મના આધારે બેઠકો વહેંચી શકાય નહીં: CM

# ઓમર અબ્દુલ્લા વૈષ્ણો દેવી મેડિકલ કોલેજ વિવાદ

(એજન્સી) નવી દિલ્હી । તા. 03

શ્રી માતા વૈષ્ણો દેવી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સલન્સ, કટરામાં એમબીબીએસ પ્રવેશને લઈને ચાલી રહેલા વિવાદે હવે મોટો રાજકીય રંગ પકડ્યો છે. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ બુધવારે આ મામલે સ્પષ્ટ અને આકરા શબ્દોમાં નિવેદન આપ્યું હતું. ભાજપના સાંસદોના એક પ્રતિનિધિમંડળે પક્ષના વડા જેપી નડ્ડાને આ મુદ્દો ઉઠાવ્યા બાદ CM ઓમર અબ્દુલ્લા વૈષ્ણો દેવી મેડિકલ કોલેજના વિવાદ પર બોલ્યા હતા. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, જો લોકો ધર્મના આધારે આરક્ષિત બેઠકોમાં રસ ધરાવતા હોય, તો તેમણે કોલેજને આપવામાં આવતી સરકારી સહાય છોડી દેવી જોઈએ અને તેને લઘુમતી સંસ્થા તરીકે જાહેર કરવી જોઈએ.



### NEET મેરિટ જ સર્વોપરી

આ વિવાદ NEET મેરિટ ધાર્મિક અનામત અંગે છે. સંઘર્ષ સમિતિએ એમબીબીએસ પ્રવેશમાં મુસ્લિમ વિદ્યાર્થીઓની બહુમતી હોવાનો આક્ષેપ કરીને પસંદગીના માપદંડમાં ફેરફારની માંગ કરી હતી.

જોકે, ઓમર અબ્દુલ્લાએ સ્પષ્ટ કર્યું કે કોલેજે NEET નિર્દેશો સ્વીકાર્યા હોવાથી, પ્રવેશ સંપૂર્ણપણે મેરિટના આધારે થવો જોઈએ. તેમણે પ્રશ્ન કર્યો, "જો તમે NEET સાથે સહમત છો, તો NEETમાં માત્ર મેરિટ જ જોવામાં આવે છે. જો તમારા બાળકો મેરિટ લિસ્ટમાં ન આવે, તો તમે બીજાને કેવી રીતે દોષ આપી શકો?"

અગાઉ ૨૮ નવેમ્બરના રોજ, નેશનલ મેડિકલ કમિશન (NMC) એ કોલેજના ૧૦૦% એમબીબીએસ બેઠકોને ઓલ ઈન્ડિયા ક્વોટા (AIQ) હેઠળ મૂકવાના પ્રસ્તાવને ફગાવી દીધો હતો, કારણ કે આ પગલું હાલની નીતિની વિરુદ્ધ હતું. નીતિ મુજબ, ચોક્કસ ટકાવારીની બેઠકો રાજ્ય કાઉન્સેલિંગને જાય છે.

### ચૂંટણી સુધારા પર પણ નિવેદન

CM અબ્દુલ્લાએ ચાલુ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર પણ વાત કરી. તેમણે ઈલેક્શન કમિશનને હાકલ કરી કે, જો કેટલાક રાજકીય પક્ષો SIRની વિરુદ્ધ હોય, તો ચૂંટણી પંચે તે પક્ષોને બોલાવવા જોઈએ અને SIR શું છે, તે સમજાવવું જોઈએ. તેમણે કહ્યું કે, મશીનો (EVM) દ્વારા મતની ચોરી થઈ શકતી નથી, પરંતુ ચૂંટણીમાં ગેરરીતિ થઈ શકે છે.

તેમણે જમ્મુમાં સીમાંકન પ્રક્રિયા પર પણ આક્ષેપ કર્યો કે તે એક ગેરરીતિ હતી, જેમાં એક પક્ષને લાભ આપવા માટે ૬ બેઠકો વધારવામાં આવી હતી. તેમણે ફરી માંગ કરી કે ઈલેક્શન કમિશન બધાને બોલાવીને SIR વિશે સમજૂતી આપે.

### સરકારી સહાય અને લઘુમતી દરજ્જો

CM અબ્દુલ્લાએ ભારપૂર્વક જણાવ્યું કે, જો ધર્મના આધારે કોલેજને વિભાજિત કરવી હોય, તો કોલેજે પોતાનો દરજ્જો બદલવો પડશે. તેમણે કહ્યું: "જો તમારે ધર્મના આધારે કોલેજને વિભાજિત કરવી હોય, તો તમે તેને લઘુમતીઓ માટે રાખો. સરકાર તરફથી જે સરકારી ગ્રાન્ટ AID આપવામાં આવે છે, તે પૈસા અમે ક્યાંક બીજે વાપરી શકીએ છીએ, અમને કોઈ વાંધો નથી. ત્યાં જે જમીન ફાળવવામાં આવી હતી, તેનું મૂલ્ય શોધી કાઢો, તમને આપવામાં આવતી ગ્રાન્ટ-ઇન-એઇડ બંધ કરો, તમારો દરજ્જો બદલો અને લઘુમતી સંસ્થાનો દરજ્જો મેળવો." કોલેજના મેદાન પર 'ગુરુકુળ' બનાવવાની વાત પર તેમણે કહ્યું કે, તેમને ગુરુકુળ બનાવતા કોઈએ રોક્યા નથી.


## સંસદની બહાર પત્રકારના સવાલ પર

# મહિલા સાંસદ શ્વાનની જેમ ભસવા લાગ્યા, શું હતું કારણ



નવી દિલ્હી | સંસદ ભવન પરિસરમાં પોતાની કારમાં શ્વાન લાવ્યા બાદ કોંગ્રેસ સાંસદ રેણુકા ચૌધરી વિવાદોમાં ઘેરાતા દેખાઈ રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, રાજ્યસભામાં તેમની વિરુદ્ધ વિશેષાધિકાર હનન પ્રસ્તાવ લાવવામાં આવી શકે છે. જોકે, રાહુલ ગાંધીએ આ વિવાદ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, એવું લાગે છે કે આજકાલ આ જ ચર્ચાનો વિષય બની ગયો છે. રેણુકાને પત્રકારો દ્વારા સવાલ કરવામાં આવ્યો ત્યારે તેઓ શ્વાનની જેમ ભસવા લાગ્યા અને કહ્યું કે બીજુ શું બોલું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમની વિરુદ્ધ વિશેષાધિકાર પ્રસ્તાવ લાવવામાં આવશે? ત્યારે તેમણે જવાબ આપ્યો કે જ્યારે આવશે ત્યારે જડબાતોડ જવાબ આપીશ. કોંગ્રેસ સાંસદ રેણુકા ચૌધરીએ સંસદ ભવનમાં એક રખડતા શ્વાનને લઈને વકરેલા વિવાદ વચ્ચે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે કટાક્ષમાં કહ્યું હતું કે, 'મને લાગે છે કે આજકાલ આવી બાબતો જ દેશમાં ચર્ચાનો વિષય બની ગઈ છે.'

# લાલ કિલ્લા વિસ્ફોટ કેસ: કોર્ટ-નિરીક્ષિત સમિતિની માંગ કરતી PIL દિલ્હી હાઇકોર્ટે ફગાવી



(એજન્સી) નવી દિલ્હી । તા. 03

લાલ કિલ્લા વિસ્ફોટ કેસની સુનાવણી પર સીધી કોર્ટની દેખરેખની માંગ કરતી જાહેર હિતની અરજીને દિલ્હી હાઈકોર્ટે બુધવારે ફગાવી દીધી છે. પૂર્વ ધારાસભ્ય પંકજ પુષ્કર દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં માંગ કરવામાં આવી હતી કે, કોર્ટ-નિરીક્ષિત સમિતિની રચના કરવામાં આવે, જે ટ્રાયલના દરેક તબક્કાની દેખરેખ રાખે. આ ઉપરાંત, ટ્રાયલ દૈનિક ધોરણે ચલાવવામાં આવે અને માસિક પ્રગતિ અહેવાલો ન્યાયિક સંસ્થા સમક્ષ રજૂ કરવામાં આવે. જોકે, મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને ન્યાયમૂર્તિ તુષાર રાવ ગડેલાની બેન્ચે આ દિલ્હી હાઇકોર્ટ PILને અકાળે ગણાવીને એવો આદેશ આપવાનો ઈનકાર કર્યો હતો. બેન્ચે આ અરજીની મૂળભૂત ધારણા પર સખત વાંધો ઉઠાવ્યો હતો. ન્યાયાધીશોએ ટકોર કરી હતી કે, "ટ્રાયલ હજી શરૂ પણ થઈ નથી, અને તમે અમને તેના સંચાલન પર નજર રાખવાનું કહો છો? મોનિટરિંગ ત્યારે સંબંધિત બને છે જ્યારે મામલાઓ વર્ષોથી પેન્ડિંગ હોય, ટ્રાયલ શરૂ થાય તે પહેલાં નહીં." કોર્ટે એ પણ નોંધ્યું હતું કે અરજદાર દ્વારા કોર્ટના હસ્તક્ષેપને ન્યાયી ઠેરવવા માટે કોઈપણ મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન દર્શાવવામાં આવ્યું નથી, જે દિલ્હી હાઈકોર્ટ PIL માટે જરૂરી છે. અરજદારના વકીલે દલીલ કરી હતી કે કોર્ટની સંડોવણીથી પીડિતોના પરિવારોને ખાતરી મળશે.

# સંસદ શિયાળુ સત્ર અવરોધ: વિપક્ષનું કાર્ય લોકશાહીની ગરિમાને અનુરૂપ નથી - ભાજપ સાંસદ



(એજન્સી) નવી દિલ્હી । તા. 03

૧ ડિસેમ્બરથી શરૂ થયેલા સંસદ શિયાળુ સત્ર અવરોધની પ્રારંભિક અવરોધો બાદ હવે એક મહત્વપૂર્ણ સમાધાન થયું છે. ભાજપના સાંસદ પ્રવીણ ખંડેલવાલે સંસદીય કાર્યવાહીમાં વિપક્ષ દ્વારા સર્જાતા અવરોધની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, "વિપક્ષ જે રીતે ગૃહને અવરોધે છે, તે લોકશાહીની ગરિમાને અનુરૂપ નથી." બીજી તરફ, કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ ચૂંટણી સુધારા પર ચર્ચા માટે વિપક્ષ સાથે સર્જાયેલી મડાગાંઠનું નિરાકરણ લાવ્યા બાદ **'ખૂબ જ રચનાત્મક અને આકર્ષક ચર્ચા'**ની આશા વ્યક્ત કરી હતી. ચૂંટણી સુધારા ચર્ચા હવે વ્યાપક સ્તરે લોકસભા કાર્યવાહીમાં હાથ ધરવામાં આવશે. ભાજપના સાંસદ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું કે, સરકાર હંમેશા ગૃહમાં ચર્ચા હેઠળના મુદ્દાઓ પર આરામથી અને ખુલ્લી રીતે ચર્ચા કરવા પર ભાર મૂકે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, જ્યારે બંને મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા થશે, ત્યારે વિપક્ષ સકારાત્મક માનસિકતા જાળવી રાખશે અને ચર્ચાને અર્થપૂર્ણ બનાવશે. તેમનો આ સંકેત સ્પષ્ટ હતો કે સંસદ શિયાળુ સત્ર અવરોધની નીતિ છોડીને વિપક્ષે સહકાર આપવો જોઈએ. વિપક્ષ દ્વારા ચૂંટણી પંચના વહીવટી મામલા એવા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ઑફ ઈલેક્ટોરલ રોલ્સ પર ચર્ચાની માંગ કરવામાં આવી હતી, જેના કારણે ગૃહમાં મડાગાંઠ સર્જાઈ હતી.

# અભિનેત્રી નેહા શર્માનું PMLA હેઠળ નિવેદન નોંધાયું

(એજન્સી) નવી દિલ્હી । ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મ વનએક્સબેટ સાથે જોડાયેલા કથિત મની લોન્ડરિંગ PMLA કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા તપાસનો ધમધમાટ યથાવત છે. આ જ કેસના સંદર્ભમાં મોડેલ અને અભિનેત્રી નેહા શર્માની ED પૂછપરછ માટે તપાસ એજન્સી સમક્ષ હાજર થઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૩૮ વર્ષીય શર્માનું નિવેદન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ની જોગવાઈઓ હેઠળ નોંધવામાં આવ્યું છે. સૂત્રોના મતે, અભિનેત્રી કેટલીક જાહેરાતોના માધ્યમથી આ વિવાદાસ્પદ સટ્ટાબાજી પ્લેટફોર્મ સાથે સંકળાયેલી હોવાનું જણાયું છે, જેના કારણે વનએક્સબેટ ED પૂછપરછનો વ્યાપ વધુ વિસ્તર્યો છે.


## પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

PEGASUS

કોર્પોરેટ ઓફિસ: 55-56, 5th Floor, ફ્રી પ્રેસ હાઉસ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.
રજિસ્ટર્ડ 1ઓફિસ: 507, દાતામલ હાઉસ, જમણાલાલ બજાજ રોડ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.

**ઈ-ઓક્શન દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના**

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.**

જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) ગેરંટી આપનાર(ઓ) અને મોર્ટગેગર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ, સ્થાવર મિલકત તરીકે, સિક્યોર્ડ લેણદાર, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**ને ગીરો/ચાર્જ કરવામાં આવી છે, જે **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ) ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત છે,** જેને SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ 28/03/2024 ના રોજ **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("જના બેંક")** દ્વારા અંતર્ગત સિક્યોરિટીઝ હિત સાથે સોંપવામાં આવી છે, જે SARFAESI એક્ટ અને તેના હેઠળના નિયમો "જેમ છે ત્યાં છે", "જેમ છે જે છે" અને "જેમ છે ત્યાં છે" ના આધારે 26/12/2025 ના રોજ તમામ જાણીતા અને અજાણ્યા જવાબદારીઓ સાથે વેચવામાં આવી રહી છે.

**જના બેંક**ના અધિકૃત અધિકારીએ **07/09/2024**ના રોજ SARFAESI કાયદા અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ નીચે વર્ણવેલ સુરક્ષિત **સંપત્તિનો કબજો** સ્થાવર મિલકત તરીકે લીધો છે અને **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને કબજો સોંપ્યો છે.

હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| ઉધાર લેનાર(ઓ), સહ-ઉધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અને ગીરો આપનાર(ઓ)ના નામ: | a) નાદીયાપરા આદર્શ શશિકાંતભાઈ<br>b) હર્ષાબેન શશિકાંતભાઈ નાદીયાપરા |
| બાકી લેણાં જેના માટે સુરક્ષિત સંપત્તિ વેચાઈ રહી છે: | **₹12,37,587/-** (રૂપિયા બાર લાખ સાડત્રીસ હજાર પાંચસો સિત્યાસી માત્ર) **23/02/2024**ના રોજની સ્થિતિએ, SARFAESI એક્ટની કલમ 13(2) હેઠળની નોટિસ મુજબ, **24/02/2024**થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધીના વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જિસ અને તેના પરના ખર્ચાઓ સાથે.<br>**₹17,12,605.30** (રૂપિયા સત્તર લાખ બાર હજાર છસો પાંચ અને ત્રીસ પૈસા માત્ર) **03/12/2025**ના રોજની સ્થિતિએ બાકી, **04/12/2025**થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધીના વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જિસ અને તેના પરના ખર્ચાઓ સાથે. |
| સુરક્ષિત સંપત્તિ સ્થાવર મિલકત હોવાની વિગતો જે વેચાઈ રહી છે | **હર્ષાબેન શશીકાંત નડિયાપરા દ્વારા ગીરવે મુકાયેલ :** રહેણાંક મિલકત મકાન રાજકોટ જિલ્લાના ગોંડલ શહેરના સિટી સર્વે વોર્ડ નં. ૧ ના પેટા પ્લોટ નં. ૧૦/બી અને પ્લોટ નં. ૧૦ ખોડિયાર નગર, મહેસૂલ સર્વે નં. ૫૧૪/૨ પાયકી, સિટી સર્વે નં. ૧૪૭૬/૧૩ ની શીટ નં. ૮૯ ની ૫૦.૭૫ ચોરસ મીટર જમીન પર બાંધવામાં આવેલ છે. **સીમાઓ: ઉત્તર:** પેટા પ્લોટ નં. ૧૦/બીનો બાકીનો ભાગ, **દક્ષિણ:** પ્લોટ નં. ૧૧, **પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** પેટા પ્લોટ નં. ૧૧-એ.<br>**CERSAI SI.ID: 400055940960; સંપત્તિ ID: 200056246241;**<br>**LAN:45229420002681 અને 45229430000458 અને 45229410000287** |
| અનામત કિંમત જેનાથી નીચે સુરક્ષિત સંપત્તિ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | રૂ.8,11,000/- (રૂપિયા આઠ લાખ અગિયાર હજાર માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | રૂ.81,100/- (રૂપિયા એક્યાસી હજાર સો માત્ર) |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે રજૂ કરાયેલા દાવાઓ, જો કોઈ હોય તો | જાણીતું નથી |
| મિલકતોનું નિરીક્ષણ: | 12.12.2025ના રોજ સવારે 11.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં.9004722468 |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | 24.12.2025થી સાંજે 4:00 વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | 26.12.2025ના રોજ બપોરે 01:00 થી 02:00 વાગ્યા સુધી વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી. |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસની નોટિસ** પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html** અથવા વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** જુઓ અથવા સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો, સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in /arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 04.12.2025**
**Sd/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10**


## સુપ્રીમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# 'તલાક બાદ મુસ્લિમ મહિલા તેનો દરેક સામાન પાછો લઈ શકે...'

(એજન્સી) નવી દિલ્હી । તા. 03

સુપ્રીમ કોર્ટે મંગળવારે એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે તલાક લીધેલી મુસ્લિમ મહિલાને લગ્ન સમયે તે જે રોકડ, સોનું, દહેજ અને અન્ય ઘરેલુ સામાન પોતાની સાથે લાવી હોય તે બધું જ પાછું મેળવવાનો કાયદેસર અધિકાર છે.

### તમામ ભેટો પર મહિલાનો હક, પાછી માંગવાનો કાયદેસર અધિકાર

જસ્ટિસ સંજય કરોલ અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે ભારપૂર્વક જણાવ્યું કે આ તમામ વસ્તુઓને મહિલાની વ્યક્તિગત મિલકત ગણાવી જોઈએ અને તલાક થયા બાદ તેના પૂર્વ પતિ દ્વારા તે પરત થવી જરૂરી છે. કોર્ટે જણાવ્યું કે મુસ્લિમ મહિલા (તલાક પર અધિકારોનું રક્ષણ) અધિનિયમ, 1986ની કલમ 3 હેઠળ આ જોગવાઈ છે, જે મહિલાને તેના સગા-સંબંધીઓ કે મિત્રો દ્વારા લગ્ન પહેલાં, લગ્ન દરમિયાન કે લગ્ન પછી આપવામાં આવેલી તમામ મિલકતો પર હકદાર બનાવે છે, જે મહિલા તલાક પછી તેને પાછું માગી શકે છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ કાયદાનું અર્થઘટન માત્ર સિવિલ વિવાદ તરીકે નહીં, પરંતુ બંધારણ દ્વારા આપવામાં આવેલી સમાનતા અને સ્વાયત્તતાના વચનને પૂર્ણ કરવાના હેતુથી થવું જોઈએ, જેથી તલાક પછી મહિલાને આર્થિક સ્વતંત્રતા મળી રહે. આ નિર્ણય ડેનિયલ લતીફી વિરુદ્ધ ભારત સંઘ(2001) કેસના અગાઉના ચુકાદાને પણ મજબૂત કરે છે.

### મહેર અને દહેજનો સમાવેશ

આ નિર્ણય એક મુસ્લિમ મહિલાની અરજી પર આવ્યો છે, જેમાં સુપ્રીમ કોર્ટે તેના પૂર્વ પતિને છ સપ્તાહની અંદર 17,67,980ની રકમ મહિલાના બેન્ક ખાતામાં જમા કરવાનો સીધો આદેશ આપ્યો છે. આ રકમમાં મહેર, દહેજ, 30 તોલા સોનાના આભૂષણો અને રેફ્રિજરેટર, ટીવી, ફર્નિચર વગેરે સહિતના ઘરેલુ સામાનનું કુલ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. કોર્ટે વધુમાં જણાવ્યું કે જો પૂર્વ પતિ નિર્ધારિત સમયમાં આ ચુકવણી ન કરે, તો તેણે 9% વાર્ષિક વ્યાજ પણ ચૂકવવું પડશે.

### કલકત્તા હાઈ કોર્ટનો નિર્ણય રદ

સુપ્રીમ કોર્ટે 2022માં આપેલા કલકત્તા હાઈકોર્ટના એ નિર્ણયને રદ કરી દીધો, જેમાં મહિલાને પૂરી રકમ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'હાઈકોર્ટે આ મામલાને માત્ર એક સિવિલ(નાગરિક) વિવાદ તરીકે જ જોયો અને કાયદાના સામાજિક ઉદ્દેશ્યોને સમજવામાં ભૂલ કરી.'


## પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

PEGASUS

કોર્પોરેટ ઓફિસ: 55-56, 5th Floor, ફ્રી પ્રેસ હાઉસ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.
રજિસ્ટર્ડ 1ઓફિસ: 507, દાતામલ હાઉસ, જમણાલાલ બજાજ રોડ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.

**ઈ-ઓક્શન દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના**

**ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના રૂલ 8 અને 9 સાથે વાંચતા સ્થાવર મિલકતોનું વેચાણ.**

જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) ગેરંટી આપનાર(ઓ) અને મોર્ટગેગર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ, સ્થાવર મિલકત તરીકે, સિક્યોર્ડ લેણદાર, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**ને ગીરવે મૂકવામાં/ચાર્જ કરવામાં આવી છે, જે **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ)ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત છે,** જેને SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ 28/03/2024 ના રોજ **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("જના બેંક")** દ્વારા અંતર્ગત સિક્યોરિટીઝ હિત સાથે સોંપવામાં આવી છે, જે SARFAESI એક્ટ અને તેના હેઠળના નિયમો **"જેમ છે ત્યાં છે", "જેમ છે જે છે" અને "જેમ છે ત્યાં છે"** ના આધારે **26/12/2025**ના રોજ તમામ જાણીતા અને અજાણ્યા જવાબદારીઓ સાથે વેચવામાં આવી રહી છે.

**જના બેંક**ના અધિકૃત અધિકારીએ **14/10/2023**ના રોજ SARFAESI કાયદા અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ નીચે વર્ણવેલ સુરક્ષિત **સંપત્તિનો કબજો** સ્થાવર મિલકત તરીકે લીધો છે અને **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને કબજો સોંપ્યો છે.

હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| લોન લેનાર(ઓ), સહ-લોન લેનાર(ઓ) , ગેરંટર(ઓ) અને મોર્ટગેજર(ઓ)ના નામ: | a) સેંજલિયા હસમુખભાઈ<br>b) સેંજલીયા વસંતબેન હસમુખભાઈ |
| બાકી રકમ જેના માટે સુરક્ષિત અસ્કયામતોનું વેચાણ કરવામાં આવી રહ્યું છે: | SARFAESI કાયદાની કલમ 13(2) હેઠળ નોટિસ મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી **09/06/2023**થી તેના પરના વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિત **08/06/2023**ના રોજ **રૂ. 15,65,989/-** (રૂપિયા પંદર લાખ પંચોતેર હજાર નવસો ઓગણત્રીસ માત્ર).<br>**03/૧૨/૨૦૨૫ના રોજ રૂ. ૨૧,૫૭,૯૧૬/-** (રૂપિયા એકવીસ લાખ સત્તાવન હજાર નવસો સોળ માત્ર) બાકી છે, જેમાં **૦૪/૧૨/૨૦૨૫**થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચનો સમાવેશ થાય છે. |
| સુરક્ષિત સંપત્તિ સ્થાવર મિલકત હોવાની વિગતો જે વેચાઈ રહી છે | **સેંજલિયા વસંતબેન હસમુખભાઈ દ્વારા ગીરવે મુકાયેલ:** આ બધો જ ટુકડો અને પાર્સલ "રાધાકૃષ્ણ એપાર્ટમેન્ટ" નામની ઈમારતના ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. ૩૦૮ ધરાવતી સ્થાવર મિલકત, ૫૪-૭૦ ચોરસ મીટરનો બિલ્ટ-અપ એરિયા, પ્લોટ નં. ૭ થી ૯ ની જમીન પર બાંધવામાં આવેલ. જેતપુરના "યોગી નગર" તરીકે ઓળખાતા જેતપુરના "રહેણાંક મકાન નં. ૬૮/પાઈકે" ની કુલ ૫૦૧-૨૪ ચોરસ મીટર જમીન, જેતપુર નવાગઢ નગરપાલિકા, તા. જેતપુર, જિ. રાજકોટની હદમાં સ્થિત છે. **સીમાઓ: પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** ફ્લેટનો કોમન પેસેજ અને મુખ્ય દરવાજો, **ઉત્તર:** ઓ.ટી.એસ. અને બ્લોક નં. ૩૦૭, **દક્ષિણ:** રહેણાંક મકાન નં. ૬૮/૧/પાઈકે ની જમીન.<br>**CERSAI SI.ID: 400067509697; સંપત્તિ ID: 200068563911;**<br>**લેન: 31529420003729;** |
| અનામત કિંમત જેનાથી નીચે સુરક્ષિત સંપત્તિ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | રૂ.5,74,000/- (રૂપિયા પાંચ લાખ ચુમ્મોતેર હજાર માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | રૂ.57,400/- (રૂપિયા સત્તાવન હજાર ચારસો માત્ર) |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે રજૂ કરાયેલા દાવાઓ, જો કોઈ હોય તો | જાણીતું નથી |
| મિલકતોનું નિરીક્ષણ: | 12.12.2025ના રોજ સવારે 11.30થી બપોરે 3.00 વાગ્યા સુધી |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં.9004722468 |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | 24.12.2025થી સાંજે 4:00 વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | 26.12.2025ના રોજ બપોરે 05:00 થી 06:00 વાગ્યા સુધી વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી. |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસની નોટિસ** પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html** અથવા વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** જુઓ અથવા સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો, સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in / arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 04.12.2025**
**Sd/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10**



## પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ

PEGASUS

કોર્પોરેટ ઓફિસ: 55-56, 5th Floor, ફ્રી પ્રેસ હાઉસ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.
રજિસ્ટર્ડ 1ઓફિસ: 507, દાતામલ હાઉસ, જમણાલાલ બજાજ રોડ, નારીમન પોઈન્ટ, મુંબઈ-400021.

**ઈ-ઓક્શન દ્વારા વેચાણ માટેની જાહેર સૂચના**

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોનું વેચાણ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 અને 9 સાથે વાંચવામાં આવે છે.**

જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલ દેવાદાર(ઓ), સહ-દેવાદાર(ઓ) ગેરંટી આપનાર(ઓ) અને મોર્ટગેગર(ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સુરક્ષિત સંપત્તિઓ, સ્થાવર મિલકત તરીકે, સિક્યોર્ડ લેણદાર, **પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ**ને ગીરવે મુકવામાં/ચાર્જ કરવામાં આવી છે, જે **પેગાસસ 2023 ટ્રસ્ટ 10 (પેગાસસ)ના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્યરત છે**, જેને SARFAESI એક્ટ, 2002 ની જોગવાઈઓ હેઠળ 28/03/2024 ના રોજ **જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("જના બેંક")** દ્વારા અંતર્ગત સિક્યોરિટીઝ હિત સાથે સોંપવામાં આવી છે, જે SARFAESI એક્ટ અને તેના હેઠળના નિયમો **"જેમ છે ત્યાં છે", "જેમ છે જે છે" અને "જેમ છે ત્યાં છે" ના આધારે 26/12/2025**ના રોજ તમામ જાણીતા અને અજાણ્યા જવાબદારીઓ સાથે વેચવામાં આવી રહી છે.

**જના બેંક**ના અધિકૃત અધિકારીએ 30/0૬/૨૦૨૪ ના રોજ SARFAESI કાયદા અને તેના હેઠળના નિયમોની જોગવાઈઓ હેઠળ નીચે વર્ણવેલ સુરક્ષિત **સંપત્તિનો કબજો** સ્થાવર મિલકત તરીકે લીધો છે અને **પેગાસસ ૨૦૨૩ ટ્રસ્ટ ૧૦ ("પેગાસસ")**ના અધિકૃત અધિકારીને કબજો સોંપ્યો છે.

હરાજીની વિગતો નીચે મુજબ છે:

| | |
|---|---|
| ઉધાર લેનાર(ઓ), સહ-ઉધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અને ગીરો આપનાર(ઓ)ના નામ: | a) નીતિનકુમાર મોતીલાલ સાહ<br>b) શકુંતલા દેવી મોતીલાલ સાહ |
| બાકી લેણાં જેના માટે સુરક્ષિત સંપત્તિ વેચાઈ રહી છે: | SARFAESI કાયદાની કલમ 13(2) હેઠળ નોટિસ મુજબ ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી, **20/12/2023**થી, તેના પરના વધારાના વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિત, **19/12/2023**ના રોજ **રૂ. 11,93,623/-** (રૂપિયા અગિયાર લાખ ત્રાણું હજાર છસો ત્રેવીસ માત્ર).<br>**03/12/2025ના રોજ રૂ. 16,89,730/-** (રૂપિયા સોળ લાખ ઓગણસી હજાર સાતસો ત્રીસ માત્ર) બાકી છે, જેમાં **04/12/2025**થી ચુકવણી અને વસૂલાતની તારીખ સુધી વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચનો સમાવેશ થાય છે. |
| સુરક્ષિત સંપત્તિ સ્થાવર મિલકત હોવાની વિગતો જે વેચાઈ રહી છે | **નીતિનકુમાર મોતીલાલ સાહ ગીરવે મૂકનાર:** જોશીપરા ગામતલાલમાં આવેલી બધી જ સ્થાવર મિલકતનો ટુકડો કુલ ૫૦૦ ચો.મી., "જલધરા એપાર્ટમેન્ટ-ડી", ગ્રાઉન્ડ ફ્લોર ફ્લેટ નં.ડી-૨, તાલુકા જિલ્લા જૂનાગઢના ૭૨-૦૦ ચો.મી. વિસ્તારની જમીન પર બાંધવામાં આવેલ. **સીમાઓ: પૂર્વ:** એપાર્ટમેન્ટ ખુલ્લી જમીન, **પશ્ચિમ:** જનરલ રોડ, **ઉત્તર:** જનરલ રોડ, **દક્ષિણ:** સીડી અને પ્રવેશદ્વાર.<br>**CERSAI SI.ID: 400053491074; સંપત્તિ ID: 200053486321;**<br>**લેન: 31529420001927** |
| અનામત કિંમત જેનાથી નીચે સુરક્ષિત સંપત્તિ વેચવામાં આવશે નહીં (રૂ.માં): | રૂ.4,65,000/- (રૂપિયા ચાર લાખ પાંસઠ હજાર માત્ર) |
| અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD): | રૂ.46,500/- (રૂપિયા છેત્તાલીસ હજાર પાંચસો માત્ર) |
| મિલકત અને સુરક્ષિત લેણદારને જાણતા અન્ય કોઈપણ લેણાં અને મૂલ્ય સામે રજૂ કરાયેલા દાવાઓ, જો કોઈ હોય તો | જાણીતું નથી |
| મિલકતોનું નિરીક્ષણ: | 12.12.2025ના રોજ સવારે 11.30 થી બપોરે 3.00 વાગ્યા સુધી |
| સંપર્ક વ્યક્તિ અને ફોન નંબર: | શ્રી પ્રમોદ જાધવ - સિનિયર મેનેજર - મો. નં. 9923680690<br>શ્રી નિલેશ મોરે - સિનિયર મેનેજર - મો. નં.9004722468 |
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: | 24.12.2025થી સાંજે 4:00 વાગ્યા સુધી |
| બિડ ખોલવાનો સમય અને સ્થળ: | 26.12.2025ના રોજ બપોરે 03:00 થી 04:00 વાગ્યા સુધી વેબસાઈટ (www.foreclosureindia.com) (https://bankauctions.in) દ્વારા ઈ-હરાજી/ બોલી લગાવવી. |

આ પ્રકાશન ઉપરોક્ત ઋણ લેનારાઓ/સહ-ઋણ લેનારાઓ/જામીનદારો અને ગીરો આપનારાઓને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 હેઠળ **પંદર (15) દિવસની નોટિસ** પણ છે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઈટ એટલે કે **http://www.pegasus-arc.com/assets-to-auction.html** અથવા વેબસાઈટ **(www.foreclosureindia.com) (https://bankauctions.in)** જુઓ અથવા સેવા પ્રદાતા **મેસર્સ 4 ક્લોઝરનો સંપર્ક કરો.** કોઈપણ બિડ સબમિટ કરતા પહેલા **શ્રી નિતેશ પવારનો સંપર્ક કરો, સંપર્ક નંબર: 8142000725. ઈમેઈલ આઈડી: info@bankauctions.in /arijit@bankauctions.in.**

**સ્થળ: ગુજરાત**
**તારીખ: 04.12.2025**
**Sd/- (પ્રમોદ જાધવ) અધિકૃત અધિકારી, પેગાસસ એસેટ્સ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, પેગાસસ 2023 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત 10**

### ગુજરાત પ્રથમ નંબરે હતું, છે અને રહેશે; યાદ રાખજો 2027માં કોંગ્રેસ સિંગલ ડિજિટમાં સમેટાઈ જશે...

# રીવાબાએ રાહુલ ગાંધી સામે તલવાર તાણી

ગાંધીનગર | ગુજરાતમાં મહિલા સુરક્ષાનો મુદ્દો ઉઠાવતાં રાહુલને રીવાબાએ જવાબ આપ્યો. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી દારૂબંધીને લઈ કોંગ્રેસે સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો છે અને રાહુલ ગાંધીએ પણ આ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કરતાં હવે મહિલા મંત્રી રીવાબા જાડેજાએ મોરચો સંભાળતાં કોંગ્રેસ પર વળતો પ્રહાર કર્યો છે.

રાહુલ ગાંધીએ ગુજરાતમાં વધી રહેલી ગુનાખોરી અને દારૂના કારણે મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ગંભીર બન્યો હોવાનું ટ્વીટ કરતાં રીવાબાએ વળતો જવાબ આપ્યો છે. ટ્વીટમાં લખ્યું છે કે દેશમાં મહિલાઓ સામેનો ક્રાઈમ રેટ સરેરાશ 4 ટકા છે, એની સામે ગુજરાતમાં ફક્ત 1.48 ટકા જ છે, સાથે કહ્યું હતું કે યાદ રાખજો... 2027માં ગુજરાત ચૂંટણીમાં કોંગ્રેસ સિંગલ ડિજિટમાં રહી જશે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરી લખ્યું હતું કે ગુજરાતમાં ચાલી રહેલી કોંગ્રેસની જન આક્રોશ યાત્રા દરમિયાન લોકોએ, ખાસ કરીને મહિલાઓએ વારંવાર કહ્યું છે કે રાજ્યમાં વધતા નશા, ગેરકાયદે દારૂ અને ગુનાખોરીને કારણે તેમના જીવનમાં અસુરક્ષા પેદા કરી દીધી છે.

ગુજરાતમાં મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ રહી છે. જ્યાં સત્ય, નૈતિક્તા અને ન્યાયની પરંપરા રહી છે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં પ્રદેશમાં યુવાનોનું ભવિષ્ય ડ્રગ્સ અને ગુનાખોરીની દુનિયામાં ધકેલાઈ રહ્યું છે.

## મહિલા સુરક્ષા મુદ્દે આમને-સામને




### જિગ્નેશ મેવાણીએ પણ દારૂ-જુગાર મુદ્દે જંગ છેડ્યો છે

થોડા દિવસ પહેલા જિગ્નેશ મેવાણીએ કહ્યું હતું કે, દારૂ-જુગારથી જે કમાશે તેના પટ્ટા ઉતરશે. મેવાણીના આ નિવેદનના કારણે ગુજરાતમાં રાજકારણ ગરમાયેલું છે. મેવાણીના નિવેદન સામે પોલીસ પરિવારો પણ રસ્તા પર ઉતર્યા હતા. દારૂ જુગાર મુદ્દે મેવાણીએ લડી લેવાની તૈયારી બતાવી છે અને ડ્રગ્સ મામલે સરકારને શ્વેતપત્ર જાહેર કરવાની માગ કરી છે.

### રાહુલ ગાંધીના ટ્વીટના જવાબમાં રીવાબાએ જવાબ આપ્યો

શિક્ષણ રાજ્યમંત્રી રીવાબા જાડેજાએ વળતો જવાબ આપતાં કહ્યું હતું કે ગુજરાતમાં મહિલાઓ સામેનો ક્રાઈમ રેટ ફક્ત 1.48 ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશ 4 ટકા કરતાં અડધો છે. માતાઓ-બહેનોની સુરક્ષામાં ગુજરાત પ્રથમ નંબર હતું, છે અને આગળ પણ રહેશે. 2027માં ગુજરાત ચૂંટણીમાં યાદ રાખજો, કોંગ્રેસ સિંગલ ડિજિટમાં સમાઈને રહી જશે.

રીવાબા જાડેજા ટીમ ઈન્ડિયાના ઓલરાઉન્ડ રવીન્દ્ર જાડેજાનાં પત્ની છે. જામનગર ઉત્તર બેઠક પરથી ભાજપનાં ધારાસભ્ય છે. તેમને પ્રથમ ટર્મમાં જ રાજ્ય સરકારમાં મંત્રીપદ મળ્યું છે. હાલ તેઓ શિક્ષણ રાજ્યમંત્રી તરીકે કાર્યરત છે. ભૂપેન્દ્ર પટેલ સરકારમાં રીવાબા જાડેજા સૌથી નાની ઉંમરનાં અને પૈસાદાર મંત્રી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં પ્રદેશમાં યુવાનોનું ભવિષ્ય ડ્રગ્સ અને ગુનાખોરીની દુનિયામાં ધકેલાઈ રહ્યું છે.

## ન્યુઝ બ્રિફ

### અમદાવાદમાં અલ હબીબ રેસીડેન્સીમાં મહિલા પર ચપ્પુ વડે હુમલો કરાયો

અમદાવાદ | અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી અલ હબીબ રેસીડેન્સી ખાતે એક કમકમાટીભરી ઘટના સામે આવી છે, જ્યાં જૂની અદાવતના પગલે દુકાનમાં બેઠેલી એક મહિલા પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોર યુવાનો મહિલાને ચપ્પુના ઘા મારીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા, જ્યારે ઘાયલ મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. નારોલ પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નારોલની અલ હબીબ રેસીડેન્સીમાં આવેલી દુકાનમાં એક મહિલા હાજર હતી. આ દરમિયાન, મઝહર કુરેશી અને તેની સાથેના અન્ય એક અજાણ્યા શખ્સે ચપ્પુ સાથે દુકાનમાં ઘૂસી આવીને મહિલા પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ મહિલાને ચપ્પુના ઘા મારીને ઈજાગ્રસ્ત કરી હતી અને ત્યારબાદ ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. જણાવ્યું છે કે, આ હુમલો જૂની અદાવતને કારણે કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી.

### ખાખીની દબંગાઈ : ગુંડા-માફિયા કરતાં પણ પોલીસ સામે વધુ ફરિયાદો

ગાંધીનગર : ગુજરાતમાં દારૂ-ડ્રગ્સના દૂષણને લઈને પોલીસ પર ચારેકોરથી માછલાં ધોવાઈ રહ્યાં છે. ભાજપના રાજમાં પોલીસની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે તેનુ કારણ એછેકે, શાંત-સલામત ગુજરાતમાં ગુંડા-માફિયાઓ કરતાં પણ ખાખી 'દબંગગીરી' વધી રહી છે. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ સમક્ષ ગુંડા-માફિયાઓ કરતાં પોલીસ વિરુદ્ધ વધુ ફરિયાદો પહોંચી છે. શાંત-સમૃદ્ધ ગુજરાતમાં ગુનાખોરીએ માઝા મૂકી છે. પ્રવર્તમાન પરિસ્થિતિને જોતાં અસામાજીક તત્ત્વોને જાણે મોકળું મેદાન મળ્યુ છે. સાથે સાથે રક્ષક જ ભક્ષક બન્યાં હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયુ છે. ખાખી સામે પણ આંગળી ચિંધાઈ રહી છે. પોલીસ ખાખી વર્દીનો દૂરપયોગ કરી રહી છે તેવું ગુજરાતની જનતા અહેસાસ કરી રહી છે. આ કારણોસર પોલીસની પ્રતિષ્ઠા ખરડાઈ રહી છે. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના રિપોર્ટમાં એવા તારણો રજૂ થયાં છેકે, વર્ષ 2017-18થી માંડીને વર્ષ 2020-21 સુધી ગુંડા-માફિયાઓ વિરુદ્ધ 912 ફરિયાદો મળી હતી.

### અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટ ડિલે થતા યાત્રીઓનો હોબાળો

# સાંજે 5 વાગ્યાથી મુસાફરો અમદાવાદ એરપોર્ટ પર ફસાયા, ગંભીર બેદરકારી

અમદાવાદ | અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આજે સવારથી ઈન્ડિગો (IndiGo) એરલાઈન્સની અનેક ફ્લાઈટ્સમાં ડીલે થતાં મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હતા. ડીલેને કારણે નારાજ થયેલા મુસાફરોએ એરપોર્ટ પર ભારે હોબાળો મચાવ્યો હતો. એરપોર્ટના સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ, ઈન્ડિગોની તમામ ફ્લાઈટ્સ આજે સવારથી જ મોડી પડી રહી છે. એટલું જ નહીં, મોટી સંખ્યામાં મુસાફરો 2 ડિસેમ્બરની સાંજે 5 વાગ્યાથી જ અમદાવાદ એરપોર્ટ પર ફસાયા હતા. ગઈકાલ સાંજથી થઈ રહેલી ફ્લાઈટમાં ડીલે અને એરલાઈન તરફથી કોઈ સ્પષ્ટ માહિતી ન મળતા મુસાફરોનો ગુસ્સો ભભૂકી ઉઠ્યો હતો. વિડિયોમાં જોઈ શકાય છે કે મોટી સંખ્યામાં ફસાયેલા મુસાફરો એરપોર્ટ પર હોબાળો કરી રહ્યા છે અને વિરોધ દર્શાવી રહ્યા છે. જેમાં બાળકો અને વૃદ્ધો પણ સામેલ છે.



આ વિડિયોમાં એરપોર્ટના ચેક-ઈન કાઉન્ટર પર લોકોના ટોળા વચ્ચે થતી દલીલ જોવા મળી હતી. જેમાં કાઉન્ટર પરના અધિકારી વારંવાર પાંચ મિનિટ, પાંચ મિનિટ કહી રહ્યા છે અને મુસાફરો રોષે ભરાઈને કેટલો ટાઈમ લાગશે તેની વિશે ઉકેલની માંગણી કરતા જોવા મળી રહ્યા છે. અમદાવાદ એરપોર્ટ પર છેલ્લા ઘણા સમયથી ઈથોપિયાના જ્વાળામુખીની રાખ, શિયાળાના હવામાનને કારણે અનેક ફ્લાઈટ પર અસર જોવા મળી રહી છે ઘણી ફ્લાઈટ ડીલે થતી હોય છે તો ઘણી ફ્લાઈટ કેન્સલ કરવી પડતી હોય છે પરંતુ અત્યારે એર બલસે જારી કરેલી એડવાઈઝરીના પગલે ઈન્ડિગો દ્વારા તેના A320 એરક્રાફ્ટના કાફલામાં અપગ્રેડેશન ચાલી રહ્યું હોવાથી ફ્લાઈટ ડીલે થઈ રહી છે. સોલર રેડીએશનથી ફ્લાઈટ કંટ્રોલને નુકસાન થતું અટકાવવા માટે આ અપડેટ કરવું જરૂરી છે. એના કારણે ફ્લાઈટ ડીલે થઈ રહી છે. પરંતુ અમદાવાદ એરપોર્ટ પર જોવા મળતા આ દ્રશ્યો પરથી સમજી શકાય છે કે એરપોર્ટ તરફથી મુસાફરો માટે કોઈ ખાસ વ્યવસ્થા કરવામાં આવી રહી નથી. જેથી મુસાફરો રોષે ભરાયા છે.

એરલાઈન્સ માં થયેલા ડીલે બાબતે એરબસે જારી કરેલી ગ્લોબલ એડવાઈઝરીના પગલે IndiGo દ્વારા તેના A320 એરક્રાફ્ટના કાફલામાં કરવામાં આવેલા સાવચેતીના સોફ્ટવેર અપગ્રેડને કારણે થયો હોય તેવી શક્યતા છે. સોલર રેડીએશનથી ફ્લાઈટ-કંટ્રોલ ડેટાને નુકસાન અટકાવવા માટે આ અપડેટ જરૂરી છે. આ અપડેટ્સને કારણે એરક્રાફ્ટના રોટેશનમાં ફેરફાર થયો છે, જેના પરિણામે ઘણી ફ્લાઈટ્સ તેના નિયત સમય કરતાં મોડી પડી રહી છે.

### ઘી કાંટામાં ગોડાઉનમાંથી 3.74 લાખના શર્ટની ચોરી

# શેઠની જાણ બહાર કામ કરતો કારીગર જ 1496 શર્ટ ચોરી કરીને ફરાર, ફરિયાદ નોંધાઈ

અમદાવાદ | અમદાવાદના ઘી કાંટામાં આવેલા ગારમેન્ટ બજારમાં હોલસેલ શર્ટની દુકાનમાં કામ કરતો કારીગર જ ગોડાઉનમાંથી શેઠની જાણ બહાર 1496 ચોરી કરીને લઈ ગયો હતો. આ અંગે શેઠને બીજા વેપારી મારફતે જાણ થતા તપાસ કરી હતી. ત્યારે સીસીટીવીમાં કારીગર જ શર્ટ ભરેલું કાર્ટુન લઈ જતો દેખાયો હતો. આ અંગે શેઠે કારીગર વિરુદ્ધ કારંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.




### વેપારી મિત્રનો ફોન આવ્યો ને ભાંડો ફૂટ્યો

ઘોડાસરમાં રહેતા હિતેશ પટેલ ઘી કાંટા ખાતે આવેલા કર્ણાવતી પ્લેટીનિયમમાં હોલસેલ શર્ટની દુકાન ધરાવે છે. 26 નવેમ્બરના રોજ તેમના વેપારી મિત્ર રાજેન્દ્રસિંહનો તેમના પર ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે તમારા ગોડાઉનમાંથી તમારા ત્યાં નોકરી કરતો રોહિત શર્ટના માલ ભરેલું કાર્ટુન લઈને જતો હતો.

જેથી હિતેશભાઈએ ગોડાઉન જઈને કેમેરા ચેક કર્યા હતા ત્યારે સવારે 9 વાગ્યાની આસપાસ ડુપ્લીકેટ ચાવીથી રોહિત ગોડાઉનની અંદર રાખેલા માલ બહાર લઈ જતો હતો. જ્યારે તેમને સ્ટોક ચેક કર્યો ત્યારે 1496 શર્ટ ઓછા હતા.

સીસીટીવી ફૂટેજમાં રોહિત જ શર્ટના માલ ભરેલા કાર્ટુન લઈ જતા દેખાઈ રહ્યો હતો. રોહિતે કુલ 3.74 લાખ રૂપિયાના શર્ટની ચોરી કરી હતી. આ અંગે હિતેશભાઈએ રોહિત વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# નલિયામાં 1 ડિગ્રી પારો ગગડીને લઘુતમ તાપમાન 11 ડિગ્રી : સામાન્ય ઠંડીનો અનુભવ

અમદાવાદ | હવામાન વિભાગના અહેવાલ મુજબ રાજ્યમાં સામાન્ય ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જોકે અમુક જિલ્લાઓમાં લઘુતમ તાપમાનમાં વધારો તો અમુક જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. નલિયામાં લઘુત્તમ તાપમાનમાં 1 ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો હતો.

ગઈકાલે નલિયામાં 11 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જેથી નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું હતું. જ્યારે ડીસામાં 1.2 ડિગ્રી સેલ્સિયસ નો ઘટાડો થયો હતો. ડીસામાં ગઈકાલે 15.2 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદ 0.3 ડિગ્રી સેલ્સિયસ વધારો થઈને ગઈકાલે 16.8 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

ગુજરાતના મુખ્ય શહેરોના લઘુતમ તાપમાનમાં સામાન્ય ફેરફાર નોંધાયો હતો. અમદાવાદમાં 0.3C નો વધારો થતાં તાપમાન 16.8C પર પહોંચ્યું હતું, જ્યારે વડોદરામાં 0.4C વધીને 15.8C અને ભાવનગરમાં 0.2C વધીને 18C નોંધાયું હતું. દરિયાકાંઠાના વિસ્તારોમાં દીવમાં 0.8C નો વધારો જોવા મળ્યો અને તાપમાન 16.4C રહ્યું હતું, જ્યારે સુરતમાં 1C વધીને 18.6C લઘુતમ તાપમાન નોંધાયું હતું.

# અમદાવાદમાં BU વિનાની હોસ્પિટલોને સીલ કરવામાં આવી : 9 હોસ્પિટલ સીલ કરાઈ...

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વપરાશ પરવાનગી (BU) મેળવ્યા સિવાયની હોસ્પિટલોને એસ્ટેટ વિભાગ દ્વારા સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. શહેરના બોપલ સરખેજ અને જુહાપુરા વિસ્તારમાં આવેલી 9 જેટલી હોસ્પિટલોને સીલ મારવામાં આવી છે. ભૂતકાળમાં કોર્પોરેશન દ્વારા તેમને નોટિસ પાઠવી અને ઈમ્પેક્ટ ફી ભરવા માટેની સૂચના આપી છતાં પણ મંજૂરી ન લેવામાં આવતા દક્ષિણ પશ્ચિમ એસ્ટેટ વિભાગ દ્વારા સવારે આ હોસ્પિટલોને સીલ મારી દેવામાં આવી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના સાઉથ બોપલ, જુહાપુરા અને મકતમપુરા વિસ્તારમાં બીયુ પરમિશન વિનાની વપરાશ ચાલુ રાખેલી હોય તેવી હોસ્પિટલોને બાંધકામની નિયમાનુસાર વપરાશ પરવાનગી મેળવી લેવા તેમજ ઈમ્પેક્ટ ફી હેઠળ બાંધકામ નિયમિત કરાવી લેવા નોટીસ પાઠવવામાં આવી હતી. વારંવાર મૌખિક સૂચના આપવા છતાં તેઓ દ્વારા વપરાશ પરવાનગી કે બાંધકામ નિયમિત કરાવેલ હોવા અંગેના કોઈ અધિકૃત પુરાવા રજૂ કર્યા નહીં અને વપરાશ શરૂ રાખેલો હોવાથી જાહેર સલામતીના ભાગરૂપે હોસ્પિટલોને સીલ કરવામાં આવી છે.


### અમદાવાદમાં રોકાણના નામે છેતરપિંડીના બે બનાવ...

# યુવક અને વૃદ્ધને છેતરીને સાયબર ગઠિયાઓએ શેરબજારમાં રોકાણ કરાવી 26 લાખ પડાવ્યા...

(એજન્સી) અમદાવાદ | તા. 03

અમદાવાદમાં શેરબજારમાં રોકાણના નામે એક યુવક અને એક વૃદ્ધ સાથે શેરબજારમાં રોકાણના નામે લાખો રૂપિયાની છેતરપિંડી થઈ છે. વૃદ્ધને સાયબર ગઠિયાઓએ શેર માર્કેટમાં રોકાણ કરાવી 13.18 લાખ પડાવ્યા છે જ્યારે યુવકને શેરબજારમાં રોકાણ કરવાનું કહીને 13.75 લાખ પડાવ્યા છે. આમ બંને મામલે સાયબર ક્રાઈમે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

પાલડીમાં રહેતો ધૈર્ય વોરા નામનો 22 વર્ષનો યુવક ખાનગી કંપની કરે છે. વોટ્સએપ ગ્રુપમાં એડ કરીને રોકાણ કરવાની સલાહ આપવામાં આવી હતી. જે બાદ ધૈર્યને એપ્લિકેશન પણ ડાઉનલોડ કરાવી હતી. એપ્લિકેશનમાં ધૈર્યની વિગતો અપલોડ કરાવી હતી. જે બાદ જુદા જુદા એકાઉન્ટમાં પૈસા નાખવા હતા અને મોટો ફાયદો બતાવ્યો હતો. ધીરે ધીરે ધૈર્ય પાસેથી 13.75 લાખ પડાવીને પરત આપ્યા ન્હોતા. આ અંગે ધૈર્યએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. બીજી તરફ સોલામાં રહેતા 68 વર્ષીય મહેન્દ્ર પટેલ PWD માંથી નિવૃત થયા છે. મહેન્દ્રભાઈને અજાણ્યા વ્યક્તિઓએ સંપર્ક કરીને શેર બજારમાં રોકાણ કરવાનું કહી વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા જે બાદ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી. એપ્લોલેશ શરૂઆતમાં રોકાણ પર સારો નફો બતાવી સેબી અને રિલાયન્સના નામે બનાવતી દસ્તાવેજો મોકલીને વિશ્વાસ અપાવ્યો હતો.




### સોલામાં રહેતા વૃદ્ધ પાસેથી 13.18 પડાવ્યા

બીજી તરફ સોલામાં રહેતા 68 વર્ષીય મહેન્દ્ર પટેલ PWD માંથી નિવૃત થયા છે. મહેન્દ્રભાઈને અજાણ્યા વ્યક્તિઓએ સંપર્ક કરીને શેર બજારમાં રોકાણ કરવાનું કહી વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા જે બાદ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી. એપ્લોલેશ શરૂઆતમાં રોકાણ પર સારો નફો બતાવી સેબી અને રિલાયન્સના નામે બનાવતી દસ્તાવેજો મોકલીને વિશ્વાસ અપાવ્યો હતો. જે બાદ શેર માર્કેટમાં રોકાણના બહાને મહેન્દ્રભાઈ પાસેથી ટુકડે ટુકડે 13.18 લાખ ભરાવ્યા હતા. આ રકમ સામે સારો નફો બતાવ્યો હતો પરંતુ રકમ કે નફો આપ્યો નહતો જેથી મહેન્દ્રભાઈએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...